भूगोळविद्यानां मूळतत्वो.

ભાગ ૨.

કીમત બે આના.

The Department of Public Instruction, Bombay.

OUTLINES OF GEOGRAPHY.

PART II.

BY

T. C. HOPE, C. S.

LATE EDUCATIONAL INSPECTOR, N. D.

REVISED, CORRECTED, AND ENLARGED

BY

RÁO SÁHIB MAHIPATRÁM RÚPRÁM NÍLKANTH.

GUJARATI TRANSLATOR, EDUCATIONAL DEPARTMENT.

Fourth Edition.—20,000 Copies.

BOMBAY.

GOVERNMENT CENTRAL BOOK DEPÔT.

1883.

Price Two annas.

BOMBAY.

PRINTED AT GANPAT KRISHNAJI'S PRESS, BY THE PROPRIETOR ÁTMÁRÁM KÁNOBÁ.

મુંબઈ ઈલાકાનું સરકારી કેળવણીખાતું.

ભૂગોળવિદ્યાનાં મૂળતત્વો.

ભાગ ૨.

આ

ટી. સી. હોપ.

માજી એજ્યુકેશનલ ઈન્સ્પેકતર ઉત્તર ભાગ એઓએ અવલ રચ્યો હતો,

તે

રાવસાહેબ મહીપતરામ રૂપરામ નીળકંઠ

ગુજરાતી ટ્રયાન્સલેટર એજ્યુકેશનલ ડિપાર્ટમેન્ટ એઓએ સુધારી વધારી તૈયાર કીધો.

ચોથી આવૃત્તિ—૨૦,૦૦૦ પ્રત.

મુંબઈ.

ગવર્નમેંટ સેંટ્રલ બુકડીપો.

ઈસવી સન ૧૮૮૩.

કીમત બે આના.

૧૮૯૮

મુંબઈ.

ગણપત કૃષ્ણાજીના છાપખાનાના માલિક

આત્મારામ કાન્હોબાએ છપાવી.

સૂચના.

ભૂગોળવિદ્યા શીખવવાની પદ્ધતિ આ પુસ્તકના પહેલા ભાગમાં બતાવીછે તેજ આ બીજા ભાગને લાગુ પડેછે. આ ચોપડી પણ પહેલા ભાગની પેઠે ત્રણ પ્રકારના અક્ષરે છાપીછે. જે બાળબોધ લીપીમાં છે તે નિશાળિયાને ગોખવાનું છે, ગૂજરાતી મોટા અક્ષરમાં છે તે અગત્યનું છે, પણ તેના શબ્દે શબ્દ મોડે કરવાના નથી, તેનો ભાવાર્થ નિશાળિયાએ યાદ રાખવો; ગૂજરાતી ઝીણા હરફમાં છે તે માત્ર શિક્ષકે પાઠ આપ્યાની પૂર્વે વાંચવું, અને તેમાંનો સાર નિશાળિયાના જ્ઞાનના પ્રમાણમાં થોડો કે વધારે શીખવવો. પહેલીવાર શીખવતી વેળા થોડો કહેવો, કેમકે તે વખત ગોખવાનું વધારે હોય ને જ્ઞાન ઓછું હોય; કેટલાક માસ પછી તેજ જ્યારે પાકું કરાવવાને ફરીથી ચલાવવામાં આવે ત્યારે એમાંનો વધારે સાર કહેવો. બધા પ્રાંતોની વસ્તીની સંખ્યા, અને ક્ષેત્રફળ નાની ઉમરના ભણનારાને સાંભરવું કઠણ છે, માટે એ વગેરે ઝીણી બાબતો ઊપલા ધોરણને માટે રાખવી. મેહેરબાન ચાટફીલ્ડ સાહેબ ડૈરેક્ટર આફ પબ્લિક ઈન્સ્ટ્રક્શનના ઇંગ્રેજી ગ્રંથપરથી વધારો સુધારો કર્યોછે.

અમદાવાદ,	}	**મહીપતરામ રૂપરામ નીળકંઠ.**
આગસ્ટ, ૧૮૭૫.	}	ગૂજરાતી ત્રાંસલેટર, એ. ડિપાર્ટમેંટ.

अनुक्रमणिका.

ભૂગોળવિદ્યા ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું. એશિયા.

પ્રકરણ ૨ જું. ભરતખંડનું સ્વરૂપ.

પ્રકરણ ૩ જું. ભરતખંડના રાજ્યવિભાગ.

પ્રકરણ ૪ થું. યૂરોપખંડ.

પૃષ્ઠ.

પ્રકરણ ૫ મું. આફ્રિકાખંડ.

પ્રકરણ ૬ ઠું. અમેરિકાખંડ.

ઉત્તર અમેરિકા.

દક્ષિણ અમેરિકા.

પ્રકરણ ૭ મું. ઓશિયાન્યા.

भूगोळविद्या.

भाग २ जो.

प्रकरण १ लुं.

एशिआ.

એશિઆની સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર; પશ્ચિમે યુરલ પર્વત, યૂરલનદી, કાસ્પિઅસમુદ્ર, કાકેશસ પર્વત, કાળોસમુદ્ર, મારમોરાસમુદ્ર, આર્કિપેલિગોસમુદ્ર, ભૂમધ્યસમુદ્ર, સુવેજની નહેર, અને રાતોસમુદ્ર; દક્ષિણે હિંદીમહાસાગર અને પૂર્વે પાસિફિક મહાસાગર છે.

વસ્તી અને વિસ્તારમાં ચારે ખંડોમાં સર્વથી મોટો એશિઆ છે. એશિઆ અને યૂરોપ એકઠા છે. પહેલાં એશિઆ આફ્રિકા જોડે સુવેજની સંયોગીભૂમિથી જોડાયલો હતો. હમણા એ સંયોગીભૂમિને ખોદીને નહેર કરીછે તેથી રાતોસમુદ્ર અને ભૂમધ્યસમુદ્ર જોડાઇ ગયેલાછે. સન ૧૮૬૯ માં વહાણોને જવા આવવાને માટે એ નહેર તૈયાર થઈ. અમેરિકા અને એશિઆની વચ્ચે બેહરિંગની સામુદ્રધુની છે. એશિઆના દેશો નીચે પ્રમાણેઃ—

१ बलूचिस्तान.
२ अफगानिस्तान.
३ इरान.
४ अरबस्तान.
५ एशिआई तुर्कस्तान.
६ तार्त्तरी.
७ एशिआई रुशिआ.
८ जापान.
९ चीनाई राज्य.
१० हिंदी चीन.
११ सिंहलद्वीप के लंका.
१२ भरतखंड के हिंद.

એશિઆના મુખ્ય સમુદ્રોઃ—

१. અરબસ્તાન અને આફ્રિકાની વચ્ચે રાતો સમુદ્ર.

२. हिंदुस्तान અને અરબસ્તાનની વચ્ચે अरबी समुद्र.
३. हिंदुस्तान અને હિંદી ચીનની વચ્ચે बंगाळानो समुद्र.
४. ચીનની દક્ષિણે चीनाई समुद्र.
५. ચીન અને કોરીઆની વચ્ચે पीळो समुद्र.
६. કોરીઆ, ચીનાઈ तार्त्तरी, અને જાપાનની વચ્ચે जापानी समुद्र.
७. સૈબીરિઆ અને કામસ્કાટ્કાની વચ્ચે ओकोटस्कनो समुद्र.
८. કામસ્કાટકા અને અમેરિકાની વચ્ચે बेहरिंगनो समुद्र.

નાના સમુદ્ર, ઉપસાગર, અખાત, અને સામુદ્રધુની જે દેશમાં છે તે દેશને લગત જણાવવામાં આવશે.

(१) बलूचिस्तान.

મુખ્ય શહેર खिलात છે.

બલૂચિસ્તાન સિંધની પશ્ચિમે છે. એ પહાડી મૂલક છે. એની અને સિંધની વચ્ચે હાલા પર્વત છે. મુસલમાની ધર્મ પાળનારી અનેક જાતો એમાં વસેછે. તે લોકનો રાજ્યવહીવટ તેમના સરદારો કરેછે. એ સરદારોમાં ખિલાતનો સરદાર મોટો છે. ખિલાત શહેર સરહદ ઉપર છે. બલુચી લોક વગડાઉ હોઈ ખેતીની દરકાર રાખતા નથી. તેઓ ઘેટાં અને ઢોર ઘણાં રાખેછે. બોલન ઘાટને માર્ગે તેઓ હિંદુસ્તાનમાં ચામડાં, ઊન, ઇત્યાદિ વેચવા આવેછે, અને તેના બદલામાં કેટલોક કાચો *માલ લઈ જાયછે.

(२) अफगानिस्तान.

એ દેશ બલુચિસ્તાનની ઉત્તરે અને પંજાબના વાયવ્ય કોણમાં છે. અફગાનિસ્તાન અને પંજાબની વચ્ચે સુલેમાન પર્વતો આવેલાછે.

મુખ્ય પર્વત सुलेमान અને हिंदुकुश છે. **મુખ્ય નદી** काबुल છે.
મુખ્ય શહેરો—काबुल, गिजनी, कंदहार, ને हेरात.

મુસલમાની ધર્મ પાળનારી ઘણી જાતો એમાં વસેછે. તેઓમાંના ઘણાખરાની ભાષા પુખતુ કે પષતુ છે. એમાં કેટલાક રસાળ પ્રદેશ છે, પરંતુ ઘણાખરા ભાગમાં પહાડ અને જંગલો છે. ઉત્તરે હિંદુકુશની ભણી દેશ ઊંચો છે. હિંદુકુશની લંબાઈ ૭૦૦ મૈલ છે. એ પર્વતની એક તરફ અફગાનિસ્તાન અને કાશ્મીર તથા બીજી તરફ તાર્ત્તરી છે. અ-

* જેના ઉપર કારીગરી લગાડેલી નહિ તે; ખેતરમાંથી કે ઝાડપરથી ઊતારેલો તે.

હિંના રાજાને અમીર કહેછે અને તેની રાજધાની કાબુલ નદીને કાંઠે કાબુલ શહેર છે. એ નદી સિંધુ નદીને મળેછે. ગિજની અને કંદહાર કોટબંધ પ્રખ્યાત શહેરો છે. ઉત્તરમાં બલક શહેરનું ખંડેર છે તેમાં આગળ વેપાર ઠીક ચાલતો; અફગાનિસ્તાનની પશ્ચિમે હેરાત શહેર અને સેઈસ્તાન પ્રાંત છે. એ શહેર અને એ પ્રાંતને માટે ઈરાનના શાહ અને અફગાનના અમીરોને લડાઈ ચાલી હતી. ખૈબર ઘાટની વાટે અફગાન લોક પંજાબ જોડે મોટો વેપાર ચલાવેછે. તુર્કસ્તાન તથા ઈંગ્રેજ જોડે તેઓ વેપાર કરેછે. ઘોડા અને સૂકો મેવો વગેરે આપી તેને બદલે કાપડ તથા બીજો માલ લેછે.

(૩) इरान.

બલુચિસ્તાન અને અફગાનિસ્તાનની પશ્ચિમે ઈરાન નામે બીજો મુસલમાની ધર્મ પાળનારો દેશ છે. ઈરાનની ઉત્તરે ઊંચા પર્વતો નામે કુર્દિશ તથા કાસ્પિ સમુદ્રને કાંઠે એલ્બર્ઝ પર્વતો છે. દક્ષિણે ઈરાની અખાત એને અરબસ્તાનથી જુદો પાડેછે.

મુખ્ય શહેરો—तेहरान, इस्पहान, शिराज, तब्रीज, यज्द, अस्तराबाद, मशद, बुशीर.

મુખ્ય બેટ—करक, किश्म, અને ओर्मज.

એ દેશમાં પશ્ચિમ તરફનો ઘણોક મૂલક તથા કાસ્પિ સમુદ્રને કિનારે આવેલી કેટલીક જમીન રસાળ છે, પરંતુ બાકીના મૂલકમાં રણ છે. એના રાજાને શાહ કહેછે અને તેની રાજધાની તેહરાન છે. ઈસ્પહાન એ આગલા વખતમાં રાજધાનીનું શહેર હતું અને તેની પૂર્વે શિરાજ છે તેમાં પ્રથમ રાજગાદી હતી. સાદી અને હાફીઝ નામે પ્રખ્યાત કવિ એ છેલ્લા શહેરમાં જન્મ્યા હતા. હાલ એ શહેરનો દારૂ વખણાયછે. યજ્દ કરીને મોટું નગર છે તેમાં જરતોસ્તી ધર્મ પાળનારા પારસીઓ હજી વસેછે. ઘણા પારસીઓ હિંદુસ્તાનમાં આવીને રહેલાછે. ઉત્તરમાં તબ્રીજ કસ્બો છે તે રૂશિઆ અને તુર્કસ્તાન જોડે વેપાર ચલાવેછે. અસ્તરાબાદ અને કાસ્પિ સમુદ્રના કાંઠાપરનાં બીજાં શહેરો રૂશિઆ જોડે વેપાર કરેછે. પૂર્વમાં મશદ નગર છે તે તાર્તરી અને હેરાત જોડે વેપાર કરેછે. ઈરાની અખાતપર બુશીર બંદર છે તેનો વેપાર હિંદુસ્તાન જોડે છે. એ અખાતમાં ત્રણ પ્રખ્યાત બેટ છે તેમાંનો કરક ઈરાનના તાબામાં છે. તેની આસપાસથી મોતી નીકળેછે. કિશ્મ અને ઓર્મજ એ મસ્કતના ઈમામને તાબે છે. પહેલાં ઓર્મજ બેટ પોર્તુગીજ લોકના કબજામાં હતો ત્યારે તેમાં કિલ્લા કોટ હતા અને વેપાર પણ મસ હતો. ઈરાનના ઘોડા અને કૂતરા વખણાયછે. એ દેશમાંથી પરમૂલક ખાતે મેવા, રેશમી, સૂતરાઉ, અને ઊનના ગલીચા, શેતરંજી, ચામડાંનો બનાવેલો સામાન, ઘરેણાં, અત્તર, કેશર, તલવાર, કટાર, વગેરે હથિઆર, કાચ, બરણીઓ, ઘણીક ઉપયોગી ધાતુઓ, સુંદર આરસ, પેરોજ વગેરે માલ પરબંદર ખાતે ચઢેછે. એના બદલામાં ગળી, ખાંડ, હીરા, માણેક વગેરે રત્ન, વિલાયતી કાપડ તથા બીજો માલ હિંદુસ્તાનમાંથી જાયછે.

(४) अरबस्तान.

ઈરાનની પશ્ચિમે એ મોટો દ્વીપકલ્પ છે. એની અને આફ્રિકાની વચ્ચે લાલ સમુદ્ર છે. બાબલમાંડબની સામુદ્રધુની વડે લાલસમુદ્ર હિંદીમહાસાગર જોડે જોડાયેલોછે.

દ્વીપ—बहरैन बेट.

ભૂશિર—અગ્નિકોણમાં रास अलहद ભૂશિર.

મુખ્ય શહેરો—मक्का, मदीना, मोसा, मस्कत, અને જેડો.

ઈરાનને લગતા દ્વીપો કહ્યા તે સિવાય ઈરાની અખાતમાં અરબસ્તાનને લગતો બહરૈન બેટ છે. મોતી ઉત્પન્ન કરનારા કાલુ નામે છીપવાળા જીવ એની આસપાસ દરિયામાં વસેછે, તેને માટે એ વિખ્યાત છે. અરબસ્તાનની દક્ષિણે સોકોટ્રા નામે મોટો બેટ છે. પશ્ચિમ અને દક્ષિણ કાંઠા તરફ ફેલાયેલા પહાડો એ દેશમાં છે. એ પર્વતોના ઢાળ રસાળ છે. એની માંહેલી તરફનો દેશ ઘણું કરીને ઊજડ છે. એ ઊજડ ભાગમાં કોઈ કોઈ ઠેકાણે લીલોતરીવાળી જગ્યા છે અને ત્યાં મીઠા પાણીના કૂવા છે. એના સઘળા પશ્ચિમ કાંઠા ઉપર ઈસ્તાંબુલનો સુલતાન દાવો રાખેછે. એમાં હિડજાજ અને યમન વગેરે પ્રાંતો છે. એ ભાગમાં કેટલાંક પ્રખ્યાત સ્થળો છે. હિડજાજની રાજધાની મક્કામાં હજરત મહમદનો જન્મ થયો હતો. મુસલમાન લોકમાં એ શહેર સર્વથી પ્રખ્યાત છે. રાતા સમુદ્રમાં જેડો નામે બંદર છે ત્યાંથી મક્કા જવાયછે. મક્કાની ઉત્તરે મદીના છે તેમાં પેગંબરની કબર છે. યમનમાં મોખા બંદર છે તેમાં કિલ્લા કોટ છે. અહિંના બૂન સર્વથી સારાં છે, અને તેનો વેપાર ઘણો ચાલેછે. યમનની પછી હદ્રમોત પ્રાંત છે તેમાંનો મુખ્ય એડન કસ્બો ઈંગ્રેજનો છે. હદ્રમોતની પછી ઓમાન પ્રાંત છે. તેની રાજધાની મસ્કત છે. અહિંના હાકેમને ઈમામ કહેછે. મસ્કત બંદર છે અને તેને કિલ્લાકોટ છે. એ ઈમામનો અમલ આખા ઓમાન પ્રાંત ઉપર ચાલેછે. ઇરાનના કાંઠાપર પણ એના તાબાનું એક સંસ્થાન છે. મધ્ય ભાગમાં જાણવા લાયક માત્ર એક બીજો પ્રાંત છે. તેને નજદ કહેછે. એ ઊંચો પ્રદેશ છે, તેમાં પુષ્કળ પાણી છે, અને ત્યાંની ભૂમિ રસાળ છે. રિયાદ એની રાજધાની છે. રિયાદનો હાકેમ ઘોડા ઉછેરવામાં નામીચો છે. દેશદેશમાં અરબસ્તાનના ઘોડા નામાંકિત છે. ત્યાંનાં ઊંટ અને સાંઢણીઓ પણ પ્રખ્યાત છે. દેશની વસ્તી વગડાઉ અને વિકરાળ છે. બદાવીન નામે ઘણી ભટકનારી ટોળીઓ છે તેઓ સ્વતંત્ર છે. તેમના સરદારને શેખ કહેછે. વેપારીઓના કાફલાને એ ભટકતી ટોળીઓ લૂંટેછે. અરબસ્તાનમાંથી મુખ્યત્વે ઘોડા, અનેક જાતના ગુંદર, અને બૂન દાણા પર મુલક ચઢેછે.

(५) तुर्कस्तान (एशिआनुं.)

ઈસ્તામ્બુલ કે કાન્સ્ટાન્ટિનોપલના સુલતાનને તાબે અરબસ્તાનનો કેટલોક ભાગ છે. તે ઉપરાંત અરબસ્તાનની ઉત્તરે

આવેલો દેશ પણ તેના કબજામાં છે. એને એશિઆઇ તુર્કસ્તાન કહેછે. એમાં ચાર પ્રાંત છે.

૧ एशिआमैनर (लघुएशिआ). મુખ્ય શહેર સ્મર્ના છે.

એ પ્રાંત વાયવ્ય ખૂણામાં છે. એમાં ઘણા પર્વત છે. એ કાળા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે છે. મુખ્ય શહેર સ્મર્ના છે. એ આખા દેશની રાજધાની છે અને યુરોપના વેપારનું મથક છે. એ પ્રાંતમાં રેશમ, રૂ, અને ઊનનાં કારખાનાં છે. એમાં અંગોરા નામે બકરાં થાયછે તેના વાળ શાલ બનાવવાના કામમાં ઘણા સારા છે. એમાંથી પરદેશ ખાતે અફીણ, અનાજ, મદિરા, અને મેવા જાયછે. લોહચુંબક, ત્રાંબુ, વગેરે ખનિજોને માટે એ પ્રાંત પ્રખ્યાત છે.

એશિઆ મૈનરના કાંઠાપર ઘણાક બેટ છે તેમાંના કેટલાકનાં નામ लिस्बान, सामोस, कोस, પશ્ચિમ કાંઠે रोडुस, અને દક્ષિણ કાંઠે सैप्रस. આ સૈપ્રસ બેટ અંગ્રેજ સરકારને તાબે છે.

૨. સીરિઆ. એ એશિઆ મૈનરની દક્ષિણે છે. સીરિઆના પશ્ચિમ ભાગમાં लिबनान પર્વત છે. એક છેડે એશિઆ મૈનરનો तारस પર્વત છે અને બીજે છેડે અરબસ્તાન છે. સીરિઆના પૂર્વ ભાગમાં તમામ રણ છે.

સીરિઆની રાજધાની दमुस्क (દમાસ્કસ) છે. अलेप्पो, અને जेरुसलम બીજાં શહેર છે.

દુનિઆમાં સર્વથી જૂનું શહેર દમુસ્કને ગણેછે. એમાં વેપાર પણ ઠીક ચાલેછે. ઉત્તરમાં અલેપ્પો (હલેપ) નગર છે તેમાં પણ ઘણો વેપાર છે. પ્રાચીન કાળમાં ભરતખંડ, ઈરાન, અને અરબસ્તાનનો માલ યૂરોપમાં જળમાર્ગે ન જતાં સ્થળ માર્ગે જતો હતો. તેની વાટ સીરિઆમાં હતી તેથી ત્યાં તેવાં બીજાં ઘણાં મોટાં શહેરો હતાં. સીરિઆના દક્ષિણ ભાગને પાલેસ્તેન કહેછે. પ્રથમ એમાં યાહુદી લોકો વસતા. હાલમાં તો એ લોક આખી પૃથ્વીપર વીખરાઈ ગયેલાછે. પાલેસ્તેનમાં હજરત ઈસુખ્રિસ્તનો અવતાર થયો હતો. પાલેસ્તેનની રાજધાની પહેલાં જેરૂસલમ હતું. એ પ્રાંતની જાર્દન નદી ઈતિહાસમાં મશહુર છે. એ નદી મૃતસરોવરને મળેછે. એ ખારૂં સરોવર છે. એના પાણીને બહાર નીકળી જવાનો માર્ગ નથી. એ સરોવરમાં માછલાં જીવતાં નથી તથા કાંઠે ઝાડ પણ ઊગતાં નથી. રેશમ, સૂતર, અને ઊનના વણાટને માટે સીરિઆ પ્રખ્યાત છે. સાબુ, વાદળી, તમાકુ, અનાજ, મેવો, અને પરવાળાં સીરિઆમાંથી બીજા દેશોમાં જાયછે. સીડન અને ટાયર નામે પ્રાચીન કાળમાં મોટાં વેપાર કરનારાં શહેર હતાં. તેમાં પ્રથમ કાચ બન્યો એવું કહેવાયછે. એ બંદરનાં વહાણો જૂના વખતમાં મોટી સફર કરતાં.

૩. ત્રીજા પ્રાંતમાં अलजजीरा, इराकअरबी, અને तुर्की कुर्दि-

स्तान છે. **મુખ્ય નદીઓ**—तिग्रिस **અને** युफ्रातिस. **મુખ્ય નગરો**-बगदाद અને बस्रा.

સીરિઆના રણની અને ઈરાનની વચ્ચે એ પ્રાંત* આવેલોછે. તિગ્રિસ અને યુફ્રે-તિસ એ બે મોટી નદીઓનો બધો પ્રદેશ આ પ્રાંતમાં છે. તારસ પર્વતમાંથી નીકળી ઈરાની અખાત ભણી વહેતાં એ નદીઓનો સગમ થાયછે. એ નદીઓને લીધે એ પ્રાંતની ઘણોખરી ભૂમિ રસાળ અને પાણીથી ભરપૂર છે. તિગ્રિસ નદી ઉપર બગદાદ શહેર છે તે આ પ્રાંતની રાજધાની છે. મુસલમાન ધર્મના ખલિફા એટલે મુખ્ય ધર્મગુરૂની રાજ્ય-ગાદી આગળ એમાં હતી. વેપારને માટે પણ એ પ્રખ્યાત હતું. યુફ્રતિસ નદીને કાંઠે બસ્રા બંદર છે તે હાલ ઈરાન અને હિંદુસ્તાન જોડેના વેપારની મુખ્ય જગ્યા છે. પ્રાચીન કાળમાં એક મોટા રાજ્યની રાજધાની બાબિલન શહેર હતું. એ શહેર પણ આજ ભાગમાં હતું. ઈ. સ. પૂર્વે ૩૨૩ માં જગત વિખ્યાત સિકંદર નામે મોટા વિજયી રાજાધિરાજનું મરણ બાબિલનમાં થયું હતું. બાબિલનની ઉત્તરે વધારે જૂની રાજધાની નીનેવે નામે શહેર હતું.

ખેતી, રૂ અને રેશમનો વણાટ અને તાંબાના ઘાટ કરવા એ લોકનો મુખ્ય ઉદ્યમ છે.

૪. आर्मीनिआ. એ પહાડી મુલક રૂશિઆના પાદશાહે **તુર્કી** સુલતાન કનેથી જીતી લીધોછે. એમાં કેટલીક ઊંચી ખીણો છે. **એશિઆઈ તુર્કસ્તાનની** ઈશાન કોણમાં અને રૂશિઆના મુલકની અગ્નિકોણમાં એ છે. अर्जरुम મુખ્ય શહેર છે. એ પણ વેપારને માટે જણાયલુંછે. **કાળા** સમુદ્રને કાંઠે त्रेबिझांड નામે મોટું બંદર છે. સૂતરાઉ લૂગડાંપર રાતો રંગ એ દેશમાં સરસ ચઢાવેછે. બીજા પ્રાંતોની પેઠે એની જમીનમાં પણ ઉપયોગી ધાતુઓ છે. **આર્મી**-નિઆની દક્ષિણે वान નામે મોટું સરોવર છે.

(૬) तार्तरी.

તાતાર એટલે તુર્ક લોકના અસલ મુલકને **તાર્તરી** કહેછે. એનું બીજું નામ **તુર્કસ્તાન** છે. જિંઘીસખાન, **તૈમુર**, અને બીજા કેટ-લાક વિજયી મહારાજા એ દેશના હતા. **તાર્તરી** ખરૂં જોતાં **કાસ્પિ સમુદ્રથી તે ચીન સૂધી** અને દક્ષિણમાં હિંદુકુશ અને **ક્વેનલૂન** **પર્વતથી ઉત્તરમાં સૈબીરિઆ સૂધી** છે. વાયવ્ય ખૂણામાં **તાર્તરીનું** મોટું મેદાન છે. પૃથ્વી ઉપર મોટામાં મોટું સરોવર **कास्पि સમુદ્ર**

---

* પૂર્વે એ પ્રાંતને મેસોપોતામિયા અથવા નદીઓ વચ્ચેનો પ્રદેશ કહેતા.

નામે છે તે એમાં છે. તે સિવાય आरल, बल्कास, तथा બીજાં સરોવરો ઘણાં છે. આ મેદાનમાં ઘણે ભાગે ઠેકાણે રેતીનાં રણ છે. માત્ર आमू (आक्सस) ને सिर दर्या (सिहून) એ બે નદીઓને કાંઠે લીલોતરી ઊગેછે. એ નદીઓ આરલ સમુદ્રને મળેછે. तार्तरीનો દક્ષિણ અને પૂર્વ ભાગ બધો પહાડી છે. હિંદુકુશમાંથી बेलूरताग અને थीआनशानના મોટા પર્વતોનો આરંભ થાયછે, અને તેઓ આલતાઈ પર્વત સૂધી ચાલ્યા જાયછે.

तार्तरीના ચાર વિભાગ કરી શકાય. ૧. रुशिआई तार्तरी (રૂશિઆ જુઓ). ૨. पश्चिम तार्तरी. ૩. पूर्व तार्तरी. ૪. चीनाई तार्तरी (ચીન જુઓ).

पश्चिम तार्तरी—**મુખ્ય શાહેરો** बोखारा, खीवा અને खोकंड.

અસલમાં જેને સ્વતંત્ર તાર્તરી કહેતા તેનો એક ભાગ પશ્ચિમ તાર્તરી છે તે રૂશિઆની સત્તા નીચે છે. લડાઈઓમાં ઘણાખરા તાતાર સરદારોને હરાવી રૂશિઆએ તેમનો પુષ્કળ મુલક લઈ લીધોછે. હાલમાં મુખ્ય સરદાર બોખારાનો ખાન છે. બોખારા શહેર મુસલમાની વિદ્યાને માટે પ્રખ્યાત છે. ખીવા અને ખોકંડ નામે પશ્ચિમ તાર્તરીમાં બીજાં બે મોટાં શહેર છે. એ દરેક શહેરપર રૂશિઆના પાદશાહને તાબે રહી ખાન નામે સરદાર અમલ કરેછે. ખીવા વેપારને માટે પ્રખ્યાત છે. ખોકંડ એ મહાન બાબર નામે દિલ્લીના પાદશાહનો મુલક હતો. બોખારાની દક્ષિણે મેર્વનાં ખંડેરો છે. એ શહેર પહેલાં ઈરાની શાહની રાજ્યગાદી હતી.

पूर्व तार्तरी—**મુખ્ય શાહેરો**—काशगर, यारकंड, અને खोतान.

મુખ્ય નદી—यारकंड.

પહેલાં પૂર્વ તાર્તરી ચીનાઈ તાર્તરીનો ભાગ હતું. પરંતુ હાલમાં મુસલમાન હાકેમના તાબા હેઠળ એ સ્વતંત્ર છે. એ મુલક બેલૂર તાગ નામે પર્વતો વડે પશ્ચિમ તાર્તરીથી અને થીઆનશાન પર્વત વડે રૂશિઆના તાર્તરીથી જુદો પડેલોછે. પૂર્વે ગોબીનું રણ ચીનાઈ રાજ્યથી એને જુદો પાડેછે. યાકુબ બેગની રાજધાની કાશગર છે. યારકંડ અને ખોતાન નામે બીજાં મોટાં શહેર એમાં છે. યારકંડ નામે એકજ નદી એમાં છે, તે પૂર્વ તરફ રણ માંહેલા સરોવરમાં વહેછે. કાશ્મીરને રસ્તે હિંદુકુશ અને કારાકોરમ પર્વત ઉપર થઈ હિંદુસ્તાન જોડે એ મૂલકનો વેપાર ચાલેછે.

(૭) एशिआई रुशिआ.

એશિઆઈ રૂશિઆમાં ત્રણ દેશ છે. ૧. काकेसस पर्वतनी दक्षिणनो मूलक. ૨. सैबीरिआ. ૩. तार्तरीनो उत्तर भाग.

કાકેસસ પર્વતની દક્ષિણનો મૂલક યૂરોપ અને એશિઆને જુદો પાડેછે. એની રાજધાની તિફ્લિસ વેપારને માટે પ્રખ્યાત છે. એરિવાન નામે બીજું મોટું શહેર એમાં છે. ૭૦ વર્ષ ઉપર ઈરાન પાસેથી રૂશિઆએ આ મૂલક લઈ લીધો હતો.

એશિઆનો સકળ ઉત્તર ભાગ સૈબીરિઆ છે. યૂરલ પર્વત અને યૂરલ નદી યૂરોપથી અને આલતાઈ પર્વત અને આમૂર * નદી ચીનાઈ રાજ્યથી એને જુદો પાડેછે. સોનું રૂપું; વગેરે ધાતુઓ આલતાઈ અને યૂરલ પર્વતમાંથી જડેછે. આમૂર સિવાય પૂર્વમાં ઓબી, યેનેસી, અને લીના નદીઓ છે. તેઓ આલતાઈ પર્વતમાંથી ઉત્પન્ન થઈ ઉત્તર મહાસાગરને મળેછે. ઓબીનો અખાત ઉત્તર મહાસાગરની અને અનાદીરનો અખાત પાસિફિક મહાસાગરની શાખા છે. સૈબીરિઆના ઉત્તર અને પૂર્વકાંઠાની આસપાસ ઘણા દ્વીપ છે તેમાં મુખ્ય સગેલિઅન છે. સૈબીરિઆ અને સગેલિઅનની વચ્ચે તાર્તારીનો અખાત છે તેથી જાપાની સમુદ્ર અને ઓકોટસ્કનો સમુદ્ર જોડાયલાછે. ઓકોટસ્કનો સમુદ્ર અને કામસ્કાટકાનો સમુદ્ર એ બેની વચ્ચે કામસ્કાટકાનો દ્વીપકલ્પ છે. કામસ્કાટકાના દક્ષિણ બિંદુને લોપાટકા ભૂશિર કહેછે અને સૈબીરિઆના ઈશાન બિંદુને પૂર્વ ભૂશિર કહેછે.

મુખ્ય શહેર—तोबोल्स्क અને इर्कुत्स्क.

મુખ્ય સરોવર—बेकल.

પશ્ચિમ અને પૂર્વ એવા સૈબીરિઆના બે ભાગ કરેલાછે, તેમાં પશ્ચિમ ભાગની રાજધાની તોબોલ્સ્ક છે અને પૂર્વની ઈર્કુત્સ્ક છે. બન્ને ભાગમાં શિઆળો બહુ લાંબો અને સખ્ત છે. પશ્ચિમ ભાગમાં તો મોટાં મોટા ખારા પાણીનાં રણ છે. પૂર્વ ભાગ પહાડી છે, તથાપિ દક્ષિણમાં રસાળ ખીણો છે. એણી તરફ બૈકલ નામે મીઠા પાણીનું સરોવર છે તેના જેવું મોટું આખી દુનિયામાં એકે નથી.

रुशिआनुं तार्तरी—**મુખ્ય શહેરો**—ताश्कंद અને समरकंद.

સિરદર્યા નદીને કાંઠે કાંઠે આવેલો મૂલક ત્યાંના ખાનો પાસેથી રૂશિઆએ જીતી લીધોછે તેને રૂશિઆનું તાર્તારી કહેછે. એમા સૌથી મોટું શહેર તાશ્કંદ છે. પરંતુ સૌથી વધારે પ્રખ્યાત સમરકંદ છે. એ છેલ્લું શહેર બોખારાની પાસે દક્ષિણમાં છે. એ તૈમુરની રાજધાની હતી અને એમાં તેની કબર છે.

(૮) जापान.

ચાર મોટા અને બીજા ઘણા નાના દ્વીપો મળીને જાપાન દેશ થયેલોછે. એ બેટની અને તેની પાસેના **એશિઆના** મૂલક નીચે **જાપાની સમુદ્ર** છે. निफोन અને यसो એ સર્વેથી મોટા બેટ છે.

---

* આમૂર નદીનો અગ્નિકોણ તરફનો કાંઠો ચીન પાસેથી રૂશિઆએ હાલમાં જીતી લીધોછે.

નિફોનમાં યદો શહેર છે તે હાલ રાજધાની છે અને નાગાસાકી મુખ્ય બંદર છે.

રાજકરનાર પાદશાહને મુકાદો (પૂજ્ય) કહેછે. હિંદુસ્તાન અને ચીન સિવાય એશિઆના બધા દેશો કરતાં એમાં વસ્તી વધારે છે. લોકો બુદ્ધિવાન છે તથા વિદ્યા હુનરમાં પ્રવીણ છે. તલવાર, ચીનાઈ વાસણ તથા લખોટેલાં વાસણ સારાં બનાવેછે. દેશની ભૂમિ રસાળ છે અને એમાં સોનું, રૂપું, તાંબુ, અને કોયલા પ્રસ નીકળે એવી ખાણો છે.

(૯) ચીનાઈ રાજ્ય.

વિસ્તારમાં ચીનનું રાજ્ય દુનિઆમાં ત્રીજે નંબરે છે. પહેલે નંબરે ઈંગ્લાંડનું રાજ્ય અને બીજે નંબરે રૂશિઆનું છે. વસ્તીમાં ચીન સર્વથી ચઢીઆતું છે. એ રાજ્યમાં લગભગ ૪૮ કરોડ માણસની વસ્તી છે.

ચીનાઈ રાજ્યના પેટામાં શુદ્ધ ચીન દેશ, ચીનાઈ તાર્તરિ (મોંગોલિઆ સહિત) અને તિબેટ. શુદ્ધ ચીન અને તિબેટની વચ્ચે યૂનલિંગ નામે ઉંચો પર્વત છે. પેઇહો, હોઆંગહો, યાંગસેક્યાંગ અને કંતાન નામે મોટી નદીઓ એ પર્વતોમાંથી વહેછે. ચીનના રસાળ પ્રદેશમાં થઈને તેઓ પાસિફિક મહાસાગરને મળેછે.

મુખ્ય બેટ–હેનાન અને ફારમોસા. ફારમોસા પીળા અને ચીનાઈ સમુદ્રની વચ્ચે હોઈ તેની અને ચીનની વચ્ચે ફારમોસાની સામુદ્રધુની છે.

મુખ્ય શાહેર–પેકિન રાજધાનીમાં પાદશાહ રહેછે. બીજું મોટું શહેર નાનકિન યાંગસેક્યાંગ નદીને કાંઠે છે. એમાં હુનરનાં કારખાનાં ઘણાં છે. નાનકિનની પાસે શાંગહાય અને દક્ષિણમાં કંતાન એ બે મુખ્ય બંદર છે.

ચા, ખાંડ, રેશમ, સૂતરાઉ કાપડ, રમકડાં, મખમલ, સાટીન, ચીનાઈ વાસણ, વગેરે પરદેશ ખાતે જાયછે. ભરતખંડનું અફીણ ચીનમાં બહુ ખપેછે. કંતાન નદીના મુખ આગળ હોંગકોંગ બેટ છે તે ઈંગ્રેજને તાબે છે. મકાઉ બેટ પોર્તુગીઝ લોકના હાથમાં છે. ચીના લોક હોશિઆર અને ઉદ્યોગી છે. દેશમાં ઘણી નહેરો એમણે કરીછે. ખેતીનું કામ પણ અહિં સારૂં ચાલેછે. દુનિયાના લોકને ચાનો છોડ તેમના વડે જાણવામાં આવ્યો. ચીની ચલાણાં, રકાબી વગેરે વાસણો તથા રેશમી માલ બનાવવામાં ચીના લોકના જેવા બીજા કોઈ નથી. તેમના દેશમાં મુલ્યવાન ખનિજો હોવાથી બીજા હુનરોમાં પણ તેઓ સરસ છે. બંદૂકના દારૂની બનાવટની, છાપવાની કળાની તથા હોકાયંત્રની શોધ તેમણે કરી એવું કહેવાયછે.

चीनाई तार्तरी (मोंगोलिआ मुद्लां)--એ ચીન અને તિબેટની ઉત્તરે છે. એમાં મુખ્ય પર્વત कुवेनलून છે ને મુખ્ય નદી आमूर છે; વળી એમાં गोबी નામે મોટું રણ, कोरिआ દ્વીપકલ્પ, અને कोरिआ સામુદ્રધુની છે.

સેંકડો વર્ષ ઉપર ચીના લોકે ચીન અને ચીનાઈ તાર્તરીની વચ્ચે મોટો કોટ મુગલોને લૂંટવા આવતા અટકાવવાને બાંધ્યો હતો ને હજી છે. ચીનાઈ તાર્તરી અને તિબેટની વચ્ચે કુવેનલૂન પર્વતો છે. ચીનાઈ તાર્તરીના પેટામાં (૧) કોરિઆનો* દ્વીપકલ્પ છે. જાપાની સમુદ્ર અને પીળા સમુદ્રની વચ્ચે એ દ્વીપકલ્પ છે. એની અને જાપાનની વચ્ચે કોરિઆની સામુદ્રધુની છે. (૨) ઉત્તરે અને પશ્ચિમે ઊંચો પહાડી પ્રદેશ છે. એમાં ઝાડોથી ભરેલાં વન ઘણાં છે. કોઈ કોઈ જગ્યાએ રસાળ ભૂમિ પણ છે. (૩) મધ્યે અને નૈરૃત્ય ખૂણામાં ગોબી રણ છે. કાશગર આગળ યાકુબ બેગના મૂલક સુધી એ રણની હદ ગયેલીછે. ચીનાઈ તાર્તરીની મુખ્ય. નદીઓમાં ઉત્તરમાં આમૂર નદી તથા દક્ષિણમાં ચીનની નદીઓના ઊપલાણાનો ભાગ છે. કાંઠા તરફ ધાતુની ખાણો લોક ખોદેછે, તથા માછલાં પકડવાનો ધંધો કરેછે; ઉત્તરમાં જમીન ખેડેછે, તથા સૂતર, રેશમ, વગેરેનાં કારખાનાં ચલાવેછે. બીજે ઠેકાણે લોકો તંબુમાં રહેછે, પોતાનાં બકરાં, ઢોર, અને ઊંટ ઉપર નિર્વાહ કરેછે, અને ઘોડે બેશી અહિં તહિં ભટકેછે. વેપારીઓની વણજારો ચા અને હીર લઈને, એ દેશમાં થઈ સેબીરિઆના કિઆખ્ત શહેરમાં જાયછે. એ માલને સાટે પરમી ચામડાં, અને અનેક જાતના ગુહર તેઓ લાવેછે.

तिबेट--स्वतंत्र અને चीनाई तिबेट એવા પહેલાં તિબેટના બે ભાગ હતા. હમણા સ્વતંત્ર તિબેટ કાશ્મીરના રાજ્યમાં છે (કાશ્મીરનું વર્ણન જુઓ). ચીનાઈ તિબેટ અને તાર્તરીની વચ્ચે કુવેનલૂન પર્વત છે અને તિબેટ અને કાશ્મીરની વચ્ચે કારાકોરમ પહાડ છે, તથા તિબેટ અને હિંદુસ્તાનની વચ્ચે હિમાલય પર્વત છે. તિબેટ એ પર્વતને મથાળે આવેલો ઊંચો પ્રદેશ છે.

મુખ્ય નદીઓ--सिंधु, सतलज, ब्रह्मपुत्र, इरावदी, यांगसेक्यांग, અને होआंगहो.

એ નદીઓનાં મૂળ તિબેટમાં છે. એમાં સિંધુ અને બ્રહ્મપુત્રનાં મૂળ એક એકની પાસે છે, પરંતુ તેમની વચમાં પહાડ છે. એમાંની પહેલી પશ્ચિમ તરફ અને બીજી પૂર્વ તરફ વહેતી હિમાલયનો ફેરો ફરી નીચે દક્ષિણમાં ઊતરેછે, અને અરબી સમુદ્ર તથા બંગાળી સમુદ્રમાં ભળેછે.

સરોવર—તિબેટમાં સરોવરો ઘણાં છે. तम्रीनूर અને पालते ब्र-

---

* કોરિઆ વિષે ઝાઝું જાણવામાં આવ્યું નથી, પરંતુ એમ માનવામાં આવેછે કે જે સરદારો એમાં રાજ્ય કરેછે તેઓ ચીનને તાબે નહોતાં સ્વતંત્ર છે.

બ્રહ્મપુત્રની નજીક છે. रावण-हृद અને मान સરોવર સતલજની પાસે છે.

મુખ્ય નગર લાસા છે.

દેશની રાજધાની અને બોદ્ધ ધર્મનું પવિત્ર ધામ લાસા છે. એ ધર્મના મુખ્ય આચાર્યને મહાલામા કહેછે. તેનું રહેઠાણ એજ નગરમાં છે. દુનિયામાં બીજા હરકોઈ ધર્મ કરતાં બોદ્ધ ધર્મ માનનારાની સંખ્યા વધારે છે. ચીન, બ્રહ્મદેશ, લંકા, અને બીજા દેશોમાં તે પસરેલોછે. તિબેટના લોકની રીતભાત તેઓના ભાયાત તાતાર કે મુગલ લોકના જેવી છે. એ અને ચીનના લોક એક શાખાના છે. તિબેટમાં કેટલાક લોક ખેતી કરેછે, કેટલાક ઉપયોગી હુનર કરેછે, પરંતુ તેમનો ઘણો ભાગ પોતાનાં ઢોરોને લઈ અહિંથી તહિં ભટકેછે. આખલા અને ઘેટાં ઉપર તેઓ ભાર લાદેછે. શાલ વણવાનું ઊન તેમના વેપારની મુખ્ય જણસ છે.

(૧૦) हिंदी चीन.

ચીનાઈ રાજ્યની દક્ષિણે, અને **ભરતખંડ**ની પૂર્વે એ મોટો દ્વીપકલ્પ છે. એની અને **ભરતખંડ**ની વચ્ચે **બંગાળી** સમુદ્ર તથા **આરાકાન**ની ઉત્તરે આવેલા પર્વતો છે. એ દેશમાં પુષ્કળ ખનિજ, ઝાડ, અને ખેડવા લાયક જમીન છે. લોકો ખબરદાર છે. ઘંટ, લખોટેલાં વાસણ, કાપડ, કાચ, વગેરે બનાવવાના હુનરમાં સારા વાકિફ છે. તેઓ કંઈક હિંદુને અને કંઈક ચીનાને મળતા છે.

देशना विभाग—૧. ब्रह्मदेश, ૨. शिआम, ૩. मलाया, અને ૪. कोचीन चीन એવા ચાર ભાગ છે.

(૧) ब्रह्मदेश—દ્વીપકલ્પના પશ્ચિમ ભાગને બ્રહ્મદેશ કહેછે. એ **માર્તાબાન**ના **અખાત**ને મળનારી ઈરાવદીના કાંઠાનો પ્રદેશ છે.

મુખ્ય શહેરો—मांदलेज, अवा, अमरपुर, અને माकसोबा.

એમાં ઊંચી જાતના સાગ બહુ ઊગેછે અને ડાંગર પાકે તેવી સારી જમીન છે. આસામ,* આરાકાન, અને તિનાસરીમ પ્રાંતો ઈ. સ. ૧૮૨૬ માં ઇંગ્રેજે રાજા કનેથી જીતી લીધા, અને ઈ. સ. ૧૮૫૨ માં પેગુ નામે ચોથો પ્રાંત તેમણે બીજી વારની લડાઇમાં જીતી લીધો. આરાકાન, તિનાસરીમ, અને પેગુનો રાજકારભાર ભરતખંડના ગવર્નર જનરલના હાથ નીચે રહી એક મુખ્ય કમિશનર ચલાવેછે.

आराकान, तिनासरीम અને पेगु એ ત્રણ પ્રાંતોમાં ઇરાવદીને કાંઠે रंगुन મોટું બંદર છે. आराकान, प्रोम, અને पेगु એ મોટાં શહેર છે. मुलमैन એ મોટું બંદર છે.

---

* આસામનુ વર્ણન બંગાળાના વર્ણનમાં છે.

સ્વતંત્ર બ્રહ્મદેશનો રાજ્યવહીવટ ત્યાંનો મહારાજા ચલાવેછે. ઈરાવદીને તીરે માંદલેજમાં એની રાજ્યગાદી છે. આવા, અમરપુર, અને માક્સોબા એ શહેરો પહેલાં વારા ફરતી રાજ્યધાની હતાં. બ્રહ્મીલોક સ્થળમાર્ગે ચીન જોડે વેપાર ચલાવેછે. ચોખા અને મીઠાને સાટે સૂતરાઉ, હીરામળ, અને ઊનનાં કપડાં લાવેછે.

(૨) शिआमनी રાજ્યધાની बांकोक નગર मैनाम નદીને બન્ને તીરે છે.

બ્રહ્મદેશની પૂર્વે શિઆમનું રાજ્ય છે. એ બેની વચ્ચે પર્વતો છે. એ મૈનામ નદીના કાંઠાનો પ્રદેશ છે. ઉત્તરમાં લાઓ કે શાન સંસ્થાનો ઉપર તથા કેટલાંક મલાયી સંસ્થાનો ઉપર શિઆમના રાજાનો અમલ છે. શિઆમ અને બ્રહ્મદેશનો વેપાર એક સરખો છે. શિઆમની જમીનમાંથી રત્ન નીકળેછે.

(૩) मलाया દ્વીપકલ્પ છે. **क्रा**ની સંયોગીભૂમિ વડે ઉપરની જમીન જોડે સંધાયલોછે. **સુમાત્રા** અને **મલાયા**ની વચ્ચે **મલાક્કાની સામુદ્રધુની** છે.

મલાયામાં જુદાં જુદાં સંસ્થાનો છે તેમાંનાં કેટલાંક શિઆમના રાજાના તાબામાં છે. બાકીનાં સ્વતંત્ર અને ઈંગ્રેજનાં મિત્ર છે. મલાઈ લોક મુસલમાની ધર્મ પાળેછે, અને હિંદીચીનની બાકીની વસ્તી બૌદ્ધ ધર્મી છે.

મલાયા દેશમાં मलाक्का અને वेल्लेस्ली એ ઇંગ્રેજનાં સંસ્થાન છે. **મલાક્કાની સામુદ્રધુની**માં पीनांग અને सींगापोर બેટ છે તે પણ તેમને હાથ છે. **ચીન** અને હિંદુસ્તાન વચ્ચેના વેપારને માટે એ બેટોની સ્થિતિ બહુ અનુકૂળ છે.

(૪) कोचीन चीन. **મુખ્ય શહેર** साइजोन અને હ્યુ છે. **મુખ્ય નદી**–कामबोडीआ.

એની અને શિઆમની વચ્ચે પણ પર્વતો છે. કામબોડીઆ નદીના મુખની આસપાસનો મુલક અને કામબોડીઆનો રાજ ફ્રાન્સને તાબે છે. વળી કાંઠા ઉપર સાઈગોન શહેર છે તે પણ ફ્રાન્સને તાબે છે. બાકીનું કોચીન ચીન અનામના રાજાના હાથ નીચે છે. ઈશાન કાંઠે હ્યુ નામે મોટું નગર છે તે એ રાજાની રાજધાની છે.

(૧૧) सिंहलद्वीप के लंका.

એ બેટ **ભરતખંડ**ની દક્ષિણે છે. એની આકૃતિ જમરૂખ (જામફળ) ના જેવી છે. એની અને **ભરતખંડ**ની વચ્ચે **પાકની સામુદ્રધુની** તથા **મનારનો અખાત** છે. **પાકની સામુદ્રધુની** અને **મનારના અખાત**ની વચ્ચે કેટલાક બેટ તથા ટેકરા છે. એ ટેકરા અને

બેટ મળી ૬૦ મૈલ લાંબી પાળ જણાયછે તેને રામનો સેતુ કહેછે. એ પૂલ રામાયણમાં પ્રસિદ્ધ છે. એ દ્વીપોમાં મનાર અને રામેશ્વર એ બે મોટામાં મોટા છે.

એ ટાપુઓનો વિસ્તાર લંકાથી મદ્રાસના અગ્નિકોણ તરફના કાંઠા સુધી છે. તેઓની અને ટેકરાની વચ્ચે કેટલીક ઊંડી ખાડીઓ છે, તેમાં નાની આગબોટો તથા વહાણો જઈ શકેછે. બહારોબહાર લંકાની નીચે થઈ મોટાં વહાણો જાયછે તેને બદલે ભરતખંડ અને લંકા એ બેની મધ્યે થઈને જાય માટે પામ્બેન નામે સર્વથી સરસ ખાડી છે તેને ઊંડી ખોદવાનો ઈંગ્રેજ સરકારનો વિચાર છે.

લંકાનું ક્ષેત્રફળ આશરે ૨૫,૦૦૦ ચોરસ મૈલ છે અને તેમાં ૨૦,૦૦,૦૦૦ માણસની વસ્તી છે. સને ૧૮૧૫ સુધી એ દ્વીપનો કેટલોક ભાગ વલંદા તથા ફ્રેંચને હાથ હતો, પરંતુ હાલમાં આખો બેટ ઈંગ્લાંડની મહારાણીને તાબે છે. એનાપર અમલ કરવાને તે નોખો ગવર્નર ઠરાવેછે. એની મધ્ય અને દક્ષિણે પર્વતો છે, પરંતુ ઘણાખરા કાંઠાની ભૂમિ નીચી છે. એ પર્વતોપર જંગલો તથા રસાળ મેદાન અને ખીણો છે. સર્વથી ઊંચા પર્વતો પેદ્રાતાલા ગલા અને એલિઆ છે. પરંતુ અતિ પ્રસિદ્ધ પર્વત આદમની ટેકરી છે. તેના શિખર પર બુદ્ધનાં પગલાં છે એવું બૌદ્ધ ગોરજીઓ કહેછે. એ બેટની પૂર્વ દિશાએ આવેલા પર્વતોની તળેટીએ ઘાડાં જંગલોમાં ઘણાંક મોટાં શહેરોનાં ખંડેરો ઢંકાઈ ગયાંછે. એ કિયા લોકે બાંધેલાં તે જણાયું નથી. તેમને તુટયાને અને લોકની સાંભરણમાંથી ગયાને ઘણો કાળ થયોછે. પશ્ચિમ કાંઠાની ભૂમિ ઘણી રસાળ છે અને તેને પાણી પુષ્કળ મળેછે. એ કાંઠે તાપ પડેછે અને ત્યાંની હવા ભેજવાળી છે તથા વનસ્પતિ પુષ્કળ થાયછે. ડુંગરની હવા વધારે તંદુરસ્ત છે અને ત્યાં બૂન દાણાની ઘણી મોટી વાડીઓ છે. એ બેટમાં સર્વ ઠેકાણે વરસાદ બહુ વરસેછે, અને આપણા દેશમાં જેટલા માસ સુધી વરસેછે તેના કરતાં અહિં વધારે માસ સુધી વરસેછે. ત્યાં પ્રથમ આપણી પેઠે નૈરૃત્ય કોણમાંથી વરસાદ આવેછે અને ત્યારપછી મદ્રાસની પેઠે પૂર્વમાંથી વરસેછે. તજ, મરી, વગેરે તેજાનાને માટે એ બેટ પ્રખ્યાત છે. વળી નાળિએર અને બીજા મેવાનાં ઝાડ ઊગેછે. ડાંગર, રૂ, ગળી, શેરડી, તમાકુ, અને બીજા ઘણા છોડ ઊગેછે. એ બેટમાં લોઢું અને બીજા ખનિજો પુષ્કળ જડેછે, અને મુખ્યત્વે રત્નોને માટે એ બેટ પ્રસિદ્ધ છે. એની આસપાસના દરિયામાં માછલાં પુષ્કળ થાયછે, તે પકડવાનો મોટો રોજગાર ચાલેછે, અને વાયવ્ય કોણના કાંઠાપર મોતી પાકેછે. ધાતુના ઘાટ તથા ટોપલી, કંડીઆ અને દોરડાં વગેરે બનાવવામાં લોકો હોશીઆર છે. પશ્ચિમ કાંઠાપર મીઠું પાકેછે તે ભરતખંડમાં આવેછે. ઘાડાં જંગલોમાં જંગલી હાથીઓનાં ટોળે ટોળાં હજુ જોવામાં આવેછે. એ જંગલોમાંથી ઈમારતી લાકડું ભરતખંડમાં આવેછે. એ બેટમાં સિંહલી, હિંદુ, અને પહાડી લોક વસેછે. પશ્ચિમ અને દક્ષિણ કાંઠાપર વસનારા સિંહલી લોક શાંત પ્રકૃતિના છે, અને તેમને પોતાની જુદી ભાષા છે. તેઓ બૌદ્ધ ધર્મ પાળેછે. લંકાની તથા બ્રહ્મદેશનાં ધર્મ પુસ્તકોની ભાષા પાલી કહેવાયછે. લંકામાં ઘણાખરા હિંદુઓ તામિલ છે. તેઓ મદ્રાસ ઈલાકામાંથી આવીને વસ્યાછે. આ તામિલ લોક હાલમાં જાફના બેટ તથા લંકાના આખા ઉત્તર ભાગમાં વસેછે. તેઓ એ

એટના બીજા ભાગમાં મજૂરી કરવાને વશ્યાછે. લંકામાં વસનારી જાતોમાં કાંદી લોક તથા પહાડોમાં વસનારી બીજી વગડાઉ જાતો છે.

લંકાનું મુખ્ય શહેર કોલંબો પશ્ચિમ કાંઠાપર બંદર છે. એટની દક્ષિણે તથા દોંદ્રા હેડની પશ્ચિમે પાઇન્ટ ડી ગાલ નામે સુંદર બંદર છે, તેમાં યૂરોપ, મુંબઈ, કલકત્તા, ચીન, અને આસ્ટ્રેલિઆની આગબોટો અને વહાણો એકઠાં થાયછે. એટની ઈશાન કોણમાં મહાવિલ્લા ગંગા નામે નદીના મુખ પાસે ત્રિંકોમાલી નામે ત્રીજું બંદર છે, તથા ઉત્તરે પાઇંટપેદ્રો નામે ચોથું બંદર છે. એટની મધ્ય ભાગે પહાડમાં કાંદી નામે જૂની રાજધાનીનું શહેર છે. કાંદીથી કોલંબો સૂધી રેલવે બાંધીછે.

प्रकरण २ जुं.

भरतखंडनुं स्वरूप.

૧. भरतखंड. એશિઆની દક્ષિણમાં ત્રણ મોટા દ્વીપકલ્પો છે, તેમાં સૌથી મોટો અને અગત્યનો દ્વીપકલ્પ ભરતખંડ છે. ઉત્તરે ભરતખંડ અને તાતારની વચ્ચે હિંદુકુશ અને કારાકોરમ પર્વત છે, તથા તિબેટ અને ભરતખંડની વચ્ચે હિમાલય પર્વત છે. એ પર્વત આખી દુનિયામાં સર્વથી ઊંચો છે અને તેનાં શિખરો બરફથી સદા ઢંકાયલાં રહેછે; પશ્ચિમે સુલેમાન પર્વતોની પેલીમેર અફગાનિસ્તાન છે અને હાલાપર્વતનીપેલી બાજુએ બલૂચિસ્તાન છે, નઋત્યે અરબી સમુદ્ર, દક્ષિણે હિંદી મહાસાગર, અને અગ્નિકોણમાં હિંદીમહાસાગર અને બંગાળી ઉપસાગર છે, પૂર્વે બ્રહ્મદેશ અને ભરતખંડની વચ્ચે જંગલ અને ડુંગરા છે. એ ડુંગરા આરાકાન પ્રાંત અને બીજા પર્વતો સૂધી છે. ભરતખંડનું ક્ષેત્રફળ લગભગ ચીનાઈ રાજ્યના ક્ષેત્રફળ જેટલું છે. ૧૫,૮૨,૧૨૦ ચોરસ ભૂમિ જેટલો એ વિસ્તાર છે. આખી દુનિયામાં ચીનની વસ્તી સર્વથી વધારે છે અને ચીનથી ઊતરતે દરજ્જે ભરતખંડ છે. ભરતખંડમાં

૨૫,૫૦,૦૦૦ (૨૫ા કરોડ) માણસની વસ્તી છે. કાશ્મીરની ઉત્તરથી તે કન્યાકુમારી સૂધી ભરતખંડની લંબાઈ ૧૯૦૦ મૈલ થાયછે, અને સિંધથી આસામ સૂધી પહોળાઈ ૧૮૦૦ મૈલ થાય છે. ભરતખંડ ત્રિકોણાકારે છે તે ત્રિકોણનો પાયો હિમાલય છે. ગુજરાતની પશ્ચિમથી તે ગંગાનદીની પાસેના બુંદેલખંડસૂધી પસરેલા વિંધ્યાચળે એ ત્રિકોણના બે ભાગ કર્યાછે.* એમાંના ઉત્તરના ભાગનું નામ (૧) हिंदुस्तान (હિંદુસ્થાન) છે, અને દક્ષિણના ભાગનું નામ (૨) दक्षिण (દખણ) છે.

हिंदुस्तान. હિંદુસ્તાનના છ પ્રાંત કરી શકાય, ૧. हिमालयनी तळेटीनो ढळतो प्रदेश. २. सिंधुनदीनो प्रदेश. ३. रेतीनुं रण. ४. मध्य हिंदुस्ताननो अने थोडो रजपुतानानो ऊंचो प्रदेश. ५. गंगानो प्रदेश. અને ६. ब्रह्मपुत्रनो प्रदेश.

(૧). હિમાલયના ઢળતા પ્રદેશનો સાંકડો વિસ્તાર છે. તેની દક્ષિણ સરહદ ઉપર બરફથી ઢંકાયલા હિમાલયની સમાંતર રહેલા પર્વતોની હાર છે તેમાંના મુખ્યને શિવાલિક પહાડ કહેછે. એ પહાડ સતલજ અને જમનાની વચ્ચે છે. એ મૂલકમાં કાશ્મીર, નેપાળ, ભુતાન, વગેરે દેશી રાજ્યો છે, અને ઓછા સુધરેલા પહાડી લોકો તેમાં વસેછે. હિમાલયમાં વનસ્પતિ બહુ પ્રફુલ્લિત થાયછે. દેવદાર, ઓક, વગેરે અનેક મોટાં વૃક્ષો તથા ઘણા સુંદર છોડવા ઊગેછે. ઘણાક પહાડોપર અઘોર વન છે તેને તરિ કહેછે. ત્યાં હવા પાણી બહુ નબળાં છે, અને ફાડી ખાનારાં જંગલી પશુઓ બહુ રહેછે.

(૨). સિંધુ નદીના પ્રદેશમાં પંજાબનો ઘણોખરો ભાગ અને આખો સિંધ પ્રાંત આવેલાછે. સિંધુ નદીના મૂળવિષે તિબેટના વર્ણનમાં જુઓ. તિબેટમાંથી આવી કાશ્મીરમાં થઈ એ નદી હિંદુકુશ અને હિમાલયની વચ્ચે વહેતી પંજાબમાં પેસેછે. અટક†

*મુગલ પાદશાહોએ નર્મદા નદી સૂધીના મૂલકને હિંદુસ્તાન અને તેની પેલીમરનાને દક્ષિણ ગણ્યો હતો.

† અટક આગળ નદી ઓળંગવાનો પાર છે ત્યાં થઈને ભરતખંડપર સ્વારી કરનારાઓ આ દેશમાં પેઠાછે તેને માટે અટકનો પાર પ્રખ્યાત છે.

આગળ કાબુલ નદી તેને મળેછે અને પંજાબની દક્ષિણમાં તે પંચનદને ભેગી થાયછે. એ પાંચ નદીનાં નામ જેલમ, ચીનાબ, રાવી, બીઆ, અને સતલજ છે. સતલજ સિવાય એમાંની ચારનાં મૂળ હિમાલયની દક્ષિણ બાજૂએ છે. સતલજનું મૂળ તિબેટમાં સિંધુની નજીક છે ત્યાંથી પર્વતમાં થઈને એ નદી ઊતરેછે.

(૩). સિંધુના પ્રદેશની પૂર્વે મોટું રણ છે. એ રણની પૂર્વ હદ ઉપર અરવલીના ડુંગરા, ઉત્તરે સતલજ અને દક્ષિણે કચ્છનું રણ છે. આ રેતીના ઊજડ રણમાં કોઈ કોઈ ઠેકાણે રસાળ ભૂમિ છે. જેસલમેરનું રાજ્ય એવી જમીનમાં છે; રસાળ જમીનનો એના જેટલો વિસ્તાર રણમાં બીજે કોઈ ઠેકાણે નથી. એ રણના અગ્નિ ખૂણામાં મારવાડ અને બીજાં રજપૂત સંસ્થાનો છે ત્યાંની ભોંયમાં અનાજ વગેરે પાકેછે. ગુજરાતની સરહદ ઉપર અરવલી અને વિંધ્યાચળ પર્વત જોડાઈ જાયછે. ઉત્તર ભણી અજમેરથી આગળ વધી દિલ્લીની પડોસસૂધી અરવલી ડુંગરો ગયેલાછે. એમાં સૌથી ઊંચો એના દક્ષિણ ભાગમાં રહેલો આબુ પર્વત છે.

(૪). મધ્ય હિંદુસ્તાન અને રજપૂત સંસ્થાનના ઊંચા પ્રદેશનો ઢાળ ગંગા તરફ ઊતરેછે. એની પશ્ચિમ સીમાએ અરવલીના પર્વત છે અને પૂર્વે બુંદેલખંડનો વિંધ્યાચળ છે. એ પ્રદેશનું રૂપ એક સરખું નથી. સીતાડ વગેરે ડુંગરો તથા ઘણાંક રસાળ મેદાન એમાં છે. રજપૂત સંસ્થાન, માળવા, અને બુંદેલખંડનો સરસ ભરતખંડ ભાગ એમાં આવેલોછે. રજપૂત સંસ્થાનોમાંનાં ઉદેપુર (મેવાડ), અજમેર*, જેપુર, ભરતપુર, અને બીજાં નાનાં રાજ્યો તથા માળવા અને બુંદેલખંડમાંનો હોલકરનો, સિંધિયાના, ભોપાળનો, રેવાનો, તથા બીજા રાજાઓનો મૂલક એમાં છે. મધ્ય હિંદુસ્તાનમાં મુખ્ય નદીઓ ચંબલ, સિંધ, અને બતવા છે. એ નદીઓનો સંગમ જમના જોડે થાયછે. જમના ગંગાને મળેછે.

(૫). સિંધુનદીના મૂળની પાસે ગંગાનું મૂળ છે ત્યાંથી અગ્નિ

* અજમેર ઈંગ્રેજ સરકારનં છે.

અને પૂર્વ દિશા ભણી હિમાલયના દક્ષિણ ઢાળે અને વિંધ્યાના ઉત્તર ઢાળે એ નદી વહેછે. જમણે* કાંઠે અલાહબાદ આગળ જમના નદી અને પટણા આગળ સોન નદી એને મળેછે. ડાબે કાંઠે ગોમતી, ગંડકી, ગોગરા અને કૌશીકી એને મળેછે. ગંગા અને તેને મળનારી મોટી નદીઓના કાંઠાનો પ્રદેશ અતિ વિસ્તીર્ણ અને રસાળ છે. એમાં વાયવ્ય પ્રાંતો, અયોધ્યા, અને બંગાળા† છે. પૃથ્વી ઉપર કેટલાક દેશોમાં બીજા સર્વ દેશો કરતાં વધારે પાક થાયછે. બંગાળાની જમીન પણ એ પ્રકારની છે, કેમકે ગંગા નદી રસાળ માટી લાવીને તે ઉપર પાથરેછે. ભરતખંડના ઇતિહાસમાં ગંગા નદીનો પ્રદેશ બહુ પ્રખ્યાત છે. અલાહબાદ સુધી આગબોટો જઈ શકેછે. એને ઘણાં મુખ છે. પરંતુ તેમાંનું સૌથી પશ્ચિમે રહેલું હુગલીનું મુખ ઘણું કરીને વહાણ ચલાવવાના ઉપયોગમાં આવેછે. બંગાળાની નૈરુત્ય કોણમાં છોટા નાગપુર અને ઓઢીઆના ઊંચા પ્રદેશ આગળ ગંગાનો પ્રદેશ પૂરો થાયછે ત્યાં થઈને બ્રાહ્મણી અને બીજી નદીઓ બંગાળી ઉપસાગરને મળેછે.

(૬) બ્રહ્મપુત્ર નદની ઉત્પત્તિ તિબેટમાં છે (તિબેટ જુઓ). હિમાલયને પૂર્વ છેડેથી ઊતરી આસામ અને બંગાળામાં વહેછે. એ નદીની સર્વથી પશ્ચિમમાં આવેલી શાખાનો સંગમ ગંગાની સર્વથી પૂર્વમાં ગયેલી શાખા જોડે થાયછે. બ્રહ્મપુત્રના પ્રદેશની પૂર્વે ચિતાગોંગ, ટીપરાહ, ખાશી, ગારો, અને બીજા પહાડ છે.

૨. દક્ષિણ દેશ. કચ્છનો સાંકડો મુલક મોટા રણ અને સમુદ્રની વચ્ચે આવેલોછે, અને સિંધમાંથી ગુજરાત જવાનો તે માર્ગ છે. આ દેશના લોક કચ્છને અને ગુજરાતને હિંદુસ્તાનમાં ગણતા નથી. તેઓ દક્ષિણ દેશમાં ગણાયછે. તેઓનું વર્ણન જુદું કરવામાં આવ્યુંછે. વિંધ્યા પર્વતની દક્ષિણે આવેલા મુલકને દક્ષિણ દેશ કહેછે. એમાં મદ્રાસ ઈલાકો, મધ્ય પ્રાંતો, મુંબઈ ઇલાકાનો ઘણો-

* નદીના પ્રવાહની દિશામાં ઊભા રહેતાં જમણે હાથે જે કાંઠો હોય તે જમણો કાંઠો.

† અસલના વખતમાં શુધ્ધ બંગાળાને હિંદુસ્તાનનો ભાગ ગણતા નહિ.

ખરો ભાગ, તથા હૈદરાવાદ, મૈસૂર, અને બીજાં નાનાં રાજ્યો છે. દક્ષિણના ચાર સ્વાભાવિક ભાગ થઈ શકેછે. ૧. नर्मदानो प्रदेश. २. शुद्ध दक्षिण. ३. पूर्व कांठानो नीचाणनो प्रदेश. અને ४. पश्चिम किनारानो नीचाणनो प्रदेश.

(૧) **વિંધ્યા** પર્વતની દક્ષિણે **નર્મદા**ની ઊંડી ખીણ છે અને **નર્મદા**ની દક્ષિણે **સાતપૂડા** પર્વત પૂર્વ પશ્ચિમ **વિંધ્યા**ની સમાંતર પથરાયલાછે. **સાતપૂડા** પર્વત આગળ કહ્યા પ્રમાણે **છોટા નાગપુર** અને **ઓઢીઆ**ના ઊંચા પ્રદેશ સૂધી ગયેલાછે અને પશ્ચિમમાં તેઓ **ગૂજરાત** માંહેલા **રાજપીપળા** સૂધી ગયેલાછે. **સાતપૂડા**ની દક્ષિણે **તાપી**નો પ્રદેશ છે. **નર્મદા** અને **તાપી** બેઉનાં મૂળ **મધ્ય પ્રાંત**ના ડુંગરોમાં છે. એમની અને **વેન ગંગા**, **મહા નદી**, અને બીજી નદીઓની વચ્ચે એ પહાડી પ્રદેશ છે. એ નદીઓ દક્ષિણ અને પૂર્વ ભણી વહેછે. એમના વિષે આગળ કહેવામાં આવશે. **નર્મદા** અને **તાપી ગૂજરાત**માં પશ્ચિમે વહેછે.

(૨). **નર્મદા**ના નીચા પ્રદેશની દક્ષિણે શુદ્ધ દક્ષિણ*છે. એ દક્ષિણ દેશ ચારે તરફ આવેલા પર્વતને મથાળે ત્રિકોણાકારે છે. ઉત્તરના ડુંગરા ઉપર કહેલા **સાતપૂડા** છે. એ પહાડોનો વિસ્તાર (સાતપૂડાના બંને છેડેથી) દક્ષિણ દિશા તરફછે. કન્યાકુમારી આગળ પહોચ્યા પહેલાં તેઓ મળી જાયછે. ત્રિકોણનું શિરોબિંદુ આહિં છે. પૂર્વ પશ્ચિમ પ્રસરેલી બે શાખાઓને पूर्व घाट અને पश्चिम घाट કહેછે. **સહ્યાદ્રિ** એટલે **પશ્ચિમ ઘાટ** વધારે ઉંચા છે તથા તેમાંથી નીકળેલી નદીઓ પૂર્વ દિશાએ દક્ષિણ દેશમાં થઈને **બંગાળા**ના અખાતને મળેછે. એ નદીઓમાં મુખ્ય गोदावरी, कृष्णा, અને कावेरी છે. **નાશક**ની સોડે **ગોદાવરી**નું મૂળ છે. **બંગાળી** ઉપસાગરને મળ્યા પહેલાં દક્ષિણ દિશાએથી આવનારી मंजीरा તથા **મધ્ય પ્રાંત**, **ખાનદેશ**, અને **વરાડ**ના ઉત્તર દેશો તરફથી વહેનાર पेनगंगा, वरधा, અને वेनगंगानां એકઠાં

---

* શુદ્ધ દક્ષિણનો વિસ્તાર દેશી લોકોએ એક માન્યો નથી. કેટલાક મધ્ય પ્રાંતોને એમાં ગણેછે અને કેટલાક નથી ગણતા. અહિં આપણે ગણ્યાછે.

થયેલાં જળ તેમાં મળેછે. સતારાની પાસે મહાબળેશ્વર આગળ કૃષ્ણાનું મૂળ છે. માર્ગમાં તેને વારણા, ભીમા, તુંગભદ્રા, તથા બીજી ઘણી નદીઓ મળેછે. કાવેરી નદી કુર્ગમાં ઉત્પન્ન થઈ મ્હૈસૂર તથા મદ્રાસ ઈલાકામાં વહેછે. દક્ષિણના ઉંચા પ્રદેશમાં અધણે ઠેકાણે પૃષ્ઠનો દેખાવ અને જમીનનું રસાળપણું એક સરખાં નથી. પરંતુ એ પ્રદેશના બે ભાગ જુદા પાડી શકાય,–તેમની હદ વરધા નદીના મૂળ આગળથી તે ગોદાવરીને મળેછે ત્યાંસૂધી વરધાથી, અને પછી સંગમ થયા કેડે દરિયાસૂધી પહોચે છે ત્યાંસૂધી બેઉ નદીથી થયેલી છે. એ મર્યાદાની ઉત્તરે અને પૂર્વે મોટાં વન છે, અને તેઓમાં કોઈ કોઈ ઠેકાણે ઉંચા પ્રદેશ છે. એ નદીઓના નૈરુત્ય ખૂણામાં આવેલો દેશ ડુંગરા અને જંગલ વગરનો નથી, તોપણ બહુધા સપાટ અને ખેડાણમાં આવેલોછે. કેટલાએક ગ્રંથકર્તા દક્ષિણનાં ઉંચા પ્રદેશનો બીજો ભાગ કૃષ્ણા નદીથી થયેલો ગણેછે. તેની ઉત્તરનો અને વધારે મોટો ભાગ શુદ્ધ દક્ષિણ અને તેની દક્ષિણનો ભાગ કર્નાટક અને મ્હૈસૂર છે. મ્હૈસૂરના દક્ષિણ ભાગમાં ડુંગરો છે, તેમને નીલગિરિ કહેછે. અહિં પશ્ચિમ અને પૂર્વ ઘાટ એકઠા મળેછે. નીલગિરિની પછી પાલની અને બીજા ડુંગરો કન્યાકુમારી સૂધી આવ્યા જાયછે.

(૩). ઘાટની નીચેનો પ્રદેશ દક્ષિણની બાજૂએ કમરબંધ જેવો છે. પૂર્વ કાંઠાપર તે કેટલેક ઠેકાણે વધારે પહોળો છે, અને નદીઓ રસાળ માટી ઘસડી લાવેછે તેથી પાક સારો થાયછે. એ નદીઓ ઘણું કરીને સમુદ્રમાં બહુ મુખે પડેછે. મહા નદી પણ મોટી છે તે ઉત્તરમાં આવેલીછે. મધ્ય પ્રાંતના પહાડોમાંથી નીકળી કટક આગળ બંગાળી ઉપસાગરને મળેછે. પાલર, પન્નાર, અને બીજી નદીઓ મ્હૈસૂરમાંથી આવી મદ્રાસ ઇલાકાના નીચા પ્રદેશમાં વહેછે.

(૪). કન્યાકુમારીથી તાપી નદી સૂધી જમીનનો સાંકડો પટો પશ્ચિમ કાંઠાપર છે. ઉંચા ભીંત જેવો આવેલો સહ્યાદ્રિ કોઈ નદીને એણી તરફ આવવા દેતો નથી. એના બદલામાં વહાણો ચાલી શકે

એવી ઘણીક ખાડીઓ તથા વહાણો ઊભાં રહી શકે એવાં કેટલાંક બારાં છે. એ પૂર્વ કાંઠે નથી. પશ્ચિમ કાંઠાનો નીચાણનો પ્રદેશ પૂર્વ કાંઠાના પ્રદેશ કરતાં વધારે સાંકડો છે, તથા તેમાં ડુંગરા વધારે છે. પશ્ચિમ કાંઠાના દક્ષિણ ભાગને મલબાર કહેછે, અને પૂર્વ કાંઠાના દક્ષિણ ભાગને કારોમાંડલ કહેછે.

દ્વીપ—ભરતખંડની છેક થડમાં સિંહલદ્વીપ છે. મલબાર કાંઠાપર લક્ષદ્વીપ, કન્યાકુમારીની દક્ષિણે માલદીવ, અને મલાયા તથા બ્રહ્મદેશના કાંઠાભણી આંદામન અને નીકોબાર છે. આ સર્વે ઇંગ્રેજ સરકારને તાબે છે. બ્રિટિશ હિંડિઆમાં જેમને કાળે પાણીએ ચઢાવવાની એટલે સમુદ્રપાર કાઢવાની શિક્ષા થાયછે તેમને આંદામન બેટમાં મોકલેછે.

ખનિજ—ભરતખંડની જમીનમાં લોઢું અને ત્રાંબુ ઘણું છે. આગલા વખતમાં ભરતખંડનું ગજવેલ કામ બહુ વખણાતું; બંગાળા અને મધ્ય પ્રાંતોમાંથી કોયલા નીકળેછે. ઘણેક ઠેકાણેથી સૂરોખાર જડેછે. પંજાબ અને રજપૂત સંસ્થાનોમાંથી મીઠું નીકળેછે; બુંદેલખંડ, પંજાબ, અને બીજી જગાઓમાં સોનું અને રત્ન છે. ભરતખંડના હીરા ઘણા પ્રખ્યાત છે, અને સિંહલ દ્વીપ (લંકા) ની આસપાસના દરિયામાંથી મોતી નીકળેછે, તે આખી દુનિયામાં સર્વોત્તમ ગણાયછે.

ખેતીની નીપજ, વગેરે—ભરતખંડમાં અતિ ઉપયોગી અને સુંદર ઝાડ ઊગેછે. સાગ, સાલ, સીસમ, સૂખડ, વડ, કપાસ, ચંપો, આંબા, આંબલી, બાવળ, આકળ, શેતૂર (રેશમના કીડાના ઉપયોગનું), તાડ, નાળિએરી, સોપારી, વાંસ, અને બીજાં અનેક જાતનાં ઝાડો એ દેશમાં થાયછે. મરી અને એળચીનાં ઝાડ પશ્ચિમ કાંઠે ઊગેછે. બીજા મસાલા અને તેજાના તથા ઘણાંક ઉપયોગી વસાણાં હરકોઈ ઠેકાણે થાયછે. ડુંગરોમાં ચા અને કાફી (બૂન) ઊગેછે. સપાટ જમીનમાં કપાસ, તમાકુ, અફીણ, ગુલાબ, શેરડી, ગળી, ભીંડી, રાઈ, તલ, અને બીજા અનેક જાતના છોડથી ખેતરોનાં ખેતરો ભરાઈ ગયલાં જોવામાં આવેછે.

હિંદુસ્તાનના લોકનો મુખ્ય ખોરાક ઘઉં છે અને દક્ષિણના લોક-નો બાજરી અને જુવાર છે. બંગાળામાં, બહારના કેટલાક ભાગમાં, અને કાંઠાના નીચાણના પ્રાંતોમાં લોક ચોખા વધારે ખાયછે. ભરતખંડના કેટલાક ભાગમાં તો લોકો વાર તહેવારને દિવસેજ ચોખા ખાઈ શકેછે. દક્ષિણના કેટલાક ભાગમાં રાગી નામે હલકું ધાન્ય મળેછે. જવ ખાધામાં ઝાઝા આવતા નથી. ઘણીક જાતનાં કઠોળ, કંદમૂળ, મેવા, શાક, વગેરે થાયછે.

प्रकरण ३ जुं.

भरतखंड के हिंदना राज्यविभाग.

કૈસરે હિંદ એમણે ઠરાવેલા ગવર્નર જનરલનો અમલ આ મોટા મુલકપર ચાલેછે. એને વાઇસરાય કે રાજપ્રતિનિધિ પણ કહેછે. એને મદદ કરવાને બે કાઉન્સિલ એટલે મંત્રીમંડળીઓ ઠરાવીછે. એક એને અમલ કરવામાં મદદ કરેછે અને બીજી કાયદા કરવા લાગેછે.

ભરતખંડની રાજધાની કલકત્તા છે, પરંતુ ગવર્નર જનરલ વરસમાં કોઇ કોઇ વાર ફરવા જાયછે, અને ઊનાળામાં પંજાબમાં સિમલા નામે સ્થળમાં કે હિમાલય મધ્યે બીજા સ્થળમાં ઘણું કરીને રહેછે.

ગવર્નર જનરલના હાથ નીચે મુંબઇ અને મદ્રાસ ઇલાકાના ગવર્નરો, પંજાબ, વાયવ્ય પ્રાંતો, તથા બંગાળાના લેફ્ટેનેન્ટ (એટલે સાહેકારી) ગવર્નરો, મૈસૂર, મધ્ય પ્રાંતો, અયોધ્યા, આસામ અને બ્રિટિશ બ્રહ્મદેશના મુખ્ય કમિશનરો, હૈદરાબાદ, મધ્ય હિંદુસ્તાન એજન્સિ, રજપુતાના, નેપાળ, ભરતખંડ માહેલાં બીજાં સંસ્થાનોનાં અને ભરતખંડની સીમાની બહારનાં ઘણાં રાજ્યો, જેવાં કે આફ્રિકામાંના ઝાંઝિબાર, અરબસ્તાનમાંના મસ્કત, ઇરાન, બલુચિસ્તાન, અફગાનિસ્તાન, તાતાર, તિબેટ, બ્રહ્મદેશ, શિઆમ, વગેરેના રે-

સિડંટ કે પોલિટિકલ એજંટો છે. લંકાબેટ બાદ કરતાં ભરતખંડની આસપાસના બીજા બેટ ઉપર પણ ગવર્નર જનરલની સત્તા પહોંચેછે.

ભરતખંડનું ક્ષેત્રફળ આશરે ૧૫,૮૨,૧૨૦ ચોરસ મૈલ છે તથા ૨૫,૫૦,૦૦૦૦૦ માણસની વસ્તી છે. એ ક્ષેત્રફળનો ⅔ તથા વસ્તીનો ⅘ ઇંગ્રેજની સત્તા નીચે છે, અને બાકીનો દેશી રાજાઓના તાબામાં છે. એ દેશી રાજાઓમાંના ૧૫૩ રાજાઓને કૈસરે હિંદ તરફથી સનદ મળીછે; નેપાળ, भूतान, અને મणिपुर ના તથા કેટલીક પહાડમાં વસનારી જાતોના રાજાઓ સ્વતંત્ર છે. વળી ભરતખંડમાં પોર્તુગાલ અને ફ્રાન્સના તાબાનાં સંસ્થાનો ગવર્નર જનરલથી સ્વતંત્ર છે, પરંતુ તેમની જોડે તેને દોસ્તી છે.

આપણે મુંબઈ ઈલાકામાં વસીએ છીએ માટે મુંબઈથી શરૂ કરતાં ભરતખંડના જુદા જુદા પ્રાંતો અને સંસ્થાનોનો અનુક્રમ નીચે પ્રમાણે આપ્યોછે:—

(१) मुंबई इलाको.
(२) मद्रास इलाको.
(३) म्हेसूर अने कुर्गनां संस्थानो.
(४) वराड सहित हैदराबाद संस्थान.
(५) मध्यप्रांतो.
(६) मध्यहिंद एजन्सिनां संस्थानो.
(७) रजपूत संस्थानो.
(८) पंजाबप्रांत.
(९) वायव्यप्रांतो.
(१०) अयोध्याप्रांत.
(११) बंगाळा प्रांत.
(१२) आसामनो मूलक.
(१३) नेपाळ, भूतान, અને बीजां स्वतंत्र पहाडी संस्थानो.
(१४) भरतखंड मांहेलां पोर्तुगीझ અને फ्रेंच लोकनां संस्थानो.

ગવર્નર જનરલના અધિકાર તળેનો બ્રિટિશ બ્રહ્મદેશ વાસ્તવિક

રીતે ભરતખંડમાં નથી. એનું વર્ણન આગળ કરેલુંછે, માટે અહિં કર્યું નથી. ભરતખંડની આસપાસના બેટ ઉપર ગવર્નર જનરલની સત્તા પહોચેછે, તેમનું વર્ણન અહિં કર્યું નથી, કેમકે તેઓ ઝાઝા અગત્યના નથી, અને આગલા પ્રકરણમાં તેમને જણાવ્યાછે.

જેમ જેમ તમે આગળ વાંચતા જશો તેમ તેમ તમારા વાંચવામાં આવશે કે ઇંગ્રેજી મૂલક અને દેશી રાજ્યો મેળમેળ થઈ ગયાંછે; માટે ઉપર કહેલા ચૌદ વિભાગોમાંના ઘણાખરામાં ઇંગ્રેજી મૂલક અને દેશી રાજ્યોનો સમાવેશ થાયછે. જેમકે મુંબઈ ઈલાકામાં કાઠીઆવાડનાં દેશી સંસ્થાનો તથા મદ્રાસ ઈલાકામાં ગવર્નર જનરલના તાબાનાં કેટલાંક દેશી રાજ્યો સમાયછે; અને પંજાબ પ્રાંતમાં કાસ્મીર અને લેફટેનેન્ટ ગવર્નરના તાબાનાં બીજાં સંસ્થાનો આવેછે. છેલ્લા બે વિભાગમાં જે સ્વતંત્ર સંસ્થાનો છે તેઓ ઇંગ્રેજનાં દોસ્ત અને મળતીઆં છે. બાકી રહેલા બારમાંના દરેક ભાગને માથે હકુમત કરનાર અધિકારી છે, તે તેનો જુદો વહીવટ કરેછે. એ અધિકારીની સંભાળ તળે મૂકેલા ઇંગ્રેજી મૂલક કે દેશી રાજ્યોના યોગ્ય વહીવટને માટે ગવર્નર જનરલને તે જવાબદાર છે.

મુંબઈ ઈલાકાનું વર્ણન પહેલા ભાગમાં છે.

मद्रास इलाको.

એ ઈલાકો ભરતખંડના દક્ષિણ ભાગમાં છે. ઉત્તર કાનડા અને ધારવાડ જિલ્લામાં મુંબઈ ઈલાકાને મદ્રાસ ઈલાકો અડકેછે તથી મૈસૂર સંસ્થાનને તે લગભગ વીંટાએલોછે. મૈસૂરનું વર્ણન આગળ કરવામાં આવશે. તુંગભદ્રા અને કૃષ્ણાનદીઓ વડે નિઝામના મૂલકથી એ ઈલાકો જુદો પડેલોછે; પરંતુ કૃષ્ણાનદીના નીચલા ભાગની ઉત્તરે પૂર્વઘાટ અને દરિયા વચ્ચે બંગાળા ઈલાકાના ઓરિસ્સા (ઓઢીઆ) પ્રાંત સૂધી ગયેલો ઉત્તર સિરકાર નામે પ્રદેશ એ ઈલાકાનો છે.

એ ઈલાકાનું ક્ષેત્રફળ ૧, ૩૯, ૬૯૮ ચોરસ મૈલ છે તથા ઉત્તરમાં ગંજામથી કન્યાકુમારી સુધી અને કન્યાકુમારીથી ઉત્તર કાનડા સુધી એ ઈલાકાના કાંઠાની લંબાઈ ૧૭૦૦ મૈલ છે. ઉપર કહેલુંછે કે મલબાર પ્રાંત ઉપરથી પશ્ચિમ કિનારાનું નામ મલબાર કાંઠો પાડયુંછે અને પૂર્વ કિનારા ઉપર આવેલા એક જૂના શહેરના નામ ઉપરથી તે કાંઠાના દક્ષિણ ભાગનું નામ કોરોમાંડલ કાંઠો પાડયુંછે. આ લાંબા કાંઠા ઉપર ૧૪૪ બંદરો આવેલાંછે. પરંતુ મુંબઈ બંદર જેવું એકે સારૂં બંદર એમાં નથી. પૂર્વ કાંઠા ઉપર વિશાગપટ્ટણ, કોકણદ, મરછલીપટ્ટણ, મદ્રાસ, નેગાપટ્ટણ, અને તુતિકોરિન એ મુખ્ય બંદરો છે; અને પશ્ચિમ કાંઠા ઉપર મુખ્ય બંદર કોચિન, કાલિકટ, તલીચેરી, કાનાનુર, અને મંગલોર છે. મદ્રાસના પર્વતો વિષે ઉપર કહી ગયા છીએ. આપણે અગાડી કહી ગયા કે ઊંચા નીલગિરિ પર્વતમાં પૂર્વ ઘાટ પશ્ચિમ ઘાટને મળેછે, અને હિમાલયની દક્ષિણે ભરતખંડમાં ઊંચામાં ઊંચા પહાડ નીલગિરિ છે તે પાલની તથા બીજા પર્વતો સાથે જોડાઈ કન્યાકુમારી સુધી ગયેલાછે. મુખ્ય નદીઓ ગોદાવરી, કૃષ્ણા, પનેર, પન્નાર, પલાર અને કાવેરી છે તેવિષે અગાડી કહી ગયા છીએ. કાવેરી નદીના એક મુખને કોલેરુન નદી કહેછે. એ સર્વ નદીનું પાણી ખેતરોમાં લેછે, નહિતો પૂર્વ કાંઠાપરનાં તપેલાં અને સૂકાં મેદાનો ઊજડ રહેત. નૈરૃત્ય કોણભણીથી આવી મુંબઈ ઈલાકામાં વરસાદ વરસેછે તે આ પૂર્વ કાંઠાપર તથા પશ્ચિમ ઘાટની પૂર્વના ઘણાખરા પ્રદેશમાં વરસતો નથી. મદ્રાસ ઈલાકામાં વરસાદ મોડો અને થોડો વરસેછે, સપ્તેંબર માસમાં શરૂ થાયછે, અને ઈશાન કોણમાંથી આવેછે.

દેશી રાજ્યોની વસ્તી બાદ કરતાં મદ્રાસ ઈલાકાની વસ્તી ૩, ૧૧, ૭૦, ૬૩૧ માણસની છે. ગંજામ અને ઉત્તરના પહાડી દેશોમાં ઉર્યા ભાષા, ત્યાંથી મદ્રાસ શહેર સુધી તેલંગુ, મદ્રાસ શહેરથી મલબાર કાંઠાપર કન્યાકુમારી સુધી તામિલ, કન્યાકુમારીથી દક્ષિણ કાનડા સુધી મલયાલયમ, અને દક્ષિણ કાનડા તથા ધારવાડ જિલ્લાની લગોલગ બલારી પ્રાંતમાં કાનડી ભાષા બોલાયછે. ઈ. સ. ૧૬૩૯માં ઈંગ્રેજે ફોર્ત સેંત જ્યોર્જ બાંધ્યો તેની આસપાસ વસ્તી વધીને હાલ એ ઈલાકાની રાજધાની મદ્રાસ શહેર બન્યુંછે. એમાં હાલ ૪,૦૦,૦૦૦ લોક વસેછે. મદ્રાસથી મુંબઈ સુધી રેલવે છે, અને તેની શાખા ગુંટકલથી બલારી સુધી જાયછે. વળી મદ્રાસથી તે કાલિકટ પાસે પશ્ચિમ કાંઠાપર બાઈપુર સુધી રેલવે જાયછે, અને તેની શાખાઓ મહેસુરથી બાંગલોર સુધી અને કાંઠાપર નેગાપટ્ટણ સુધી છે. રૂ, ગળી, તલ, દીવેલી વગેરે, ઊન, ખાંડ, ડાંગર, અને ચામડાં એ ઈલાકામાથી પરદેશ ખાતે ચઢેછે. મુખ્યત્વે કરીને બલારીની આસપાસ રૂ પાકેછે, અને કાંઠા ઉપર ડાંગર પાકેછે. વેનાદમાંથી અને બીજા પશ્ચિમ ઘાટ માંહેલા પહાડી પ્રદેશમાંથી ભૂનદાણા આવેછે. વળી એ ઈલાકામાંથી સુતરાઉ કાપડ અને દોરડાં પરમૂલક ખાતે ચઢેછે. પશ્ચિમ કાંઠેથી તેજાના અને જુદી જુદી જાતનું ઈમારતી લાકડું આવેછે.

મદ્રાસ ઈલાકામાં નીચે લખેલા પ્રાંતો છેઃ—

(૧) ઉત્તર સિરકાર—એ પ્રાંત સને ૧૭૬૬ માં હૈદરાવાદના નિઝામે ઈંગ્રેજ સરકારને આપ્યો. કૃષ્ણા નદીના મુખ આગળ મરછલીપટ્ટણ અને ગોદાવરી નદીને તીરે રાજમંદરી એ બે મુખ્ય નગરો એમાં છે.

(૨) કર્ણાટક—એનો વાયવ્ય ભાગ (બલ્લારી અને કડપા) સને ૧૮૦૦ માં નિઝામે આપ્યો, અને સને ૧૮૩૮ માં કર્નૂલના નવાબ પાસેથી કર્નૂલ લઈ લીધું. સેલમ, મદુરા, તથા કોઈમ્બતુર સિવાય કર્ણાટકનો બાકીનો ભાગ અર્કાટના નવાબ અને તાંજોરના રાજા પાસેથી મળ્યો. સેલમ અને મદુરા સને ૧૭૯૨ માં ટિપુ સુલતાન પાસેથી લીધા અને કોઈમ્બતુર સને ૧૭૯૯ માં ટિપુ મુઆ પછી લીધું. કર્ણાટકમાં મદ્રાસથી ઊતરતું મોટામાં મોટું શહેર ત્રિચિનોપોલિ કાવેરી નદીને કાંઠે છે. પહેલાં ત્રિચિનોપોલિ નગરી હિંદુરાજ્યની રાજધાની હતી, અને કોંજેવરમ નગર (કાંચી) પણ હિંદુરાજ્યની રાજધાની હતું. પરંતુ કર્ણાટકમાં સર્વથી પ્રખ્યાત હિંદુરાજ્ય વિજયનગર હતું. બલ્લારી પાસે તુંગભદ્રાના કાંઠાપર એ શહેરનાં તથા બીજાં મોટાં દેવળોનાં ખંડેરો હજુ જોવામાં આવેછે.

(૩) મલબાર (વેનાદ અને દક્ષિણ કાનડા સહિત) સને ૧૭૯૯ માં ટિપુ પાસેથી લીધું.

આ પ્રાંતોનું ક્ષેત્રફળ આશરે ૧,૪૦,૦૦૦ ચોરસ મૈલ છે. એમના ૧૯ કરતાં પણ વધારે જિલ્લા કરેલાછે. એ સિવાય મદ્રાસ સરકારના તાબા હેઠળ ૩૨,૦૦૦ ચોરસ મૈલ જમીન દેશી રાજ્યોની છે, તેમાં ૨૬,૦૦,૦૦૦ લોક વસેછે.

દેશી રાજ્યો.

એ દેશી રાજ્યોમાં ત્રાવણકોર અને કોચિન મુખ્ય છે. આ બે રાજ્યો ભરતખંડના નૈરૃત્ય કોણમાં છે. મલબાર અને ત્રાવણકોરની વચ્ચે કોચિન છે.

ત્રાવણકોર—એના ઉપર હિંદુ મહારાજાનો અમલ છે, તેની રાજ્યગાદી ત્રિવાનદ્રમ છે. કાંઠા ઉપર એ દેશની જમીન નીચી છે તેમાં ડાંગર અને સાગુચોખા* થાયછે, અને ઊંચા ઘાટના પ્રદેશમાં ઠામ ઠામ ફળ તથા તેજાનાની વાડીઓ છે. એમાં પર્વતો છે તેમાં ઘાડાં જંગલો છે.

કોચિન—એ નાનું સંસ્થાન પહાડી છે તેપર હિંદુરાજાનો અમલ છે. કોચિન અને ત્રાવણકોર તથા મલબાર કાંઠાપરના બીજા પ્રાંતોમાં ઘણાં લાંબાં સરોવરો છે. પર્વતમાંથી વહેતી નદીઓ વડે એ સરોવર પાણીથી ભરાયલાં રહેછે. જમીનના સાંકડા ટેકરા વડે દરિયાથી એ સરોવર જુદાં પડેછે. એ સરોવરમાંથી દરિયામાં પાણી જવાનો માર્ગ થોડો છે. ઘણા મૈલ સુધી એ સરોવરમાં વહાણ ચાલેછે.

મ્હૈસૂર અને કુર્ગપ્રાંતો.

સને ૧૭૯૯ માં ટિપુસુલતાનની હાર થઈ ત્યારપછી એ રાજાના વંશની પુન: સ્થાપના થઈ; પરંતુ કુર્ગ ઈંગ્રેજના તાબામાં છે, કેમકે ત્યાંનો લિંગાયતરાજા પોતાની રૈયતપર જૂલમ કરતો તેથી તેને સને ૧૮૩૪ માં પદભ્રષ્ટ કર્યો.

મ્હૈસૂર—એ પ્રાંત કર્ણાટકનો ભાગ છે. એનું ક્ષેત્રફળ ૨૭,૦૦૦ ચોરસ મૈલ, અને વસ્તી ૫૦,૫૦,૦૦૦ માણસની છે. એ પ્રાંત મુંબઈ ઈલાકાના ઉત્તર કાનડા અને ધારવાડ જિલ્લાની લગોલગ આવેલોછે; નૈરૃત્ય કોણમાં કુર્ગપ્રાંત વચમાં આવેલોછે. બાકીની સ-

* સાગુ ચોખાને વાંશીઆ ચોખા પણ કહેછે-ગ. ત્રા.

રહદ ઉપર મદ્રાસ ઈલાકો આવેલોછે. એ પ્રાંત પૂર્વ અને પશ્ચિમ ઘાટ વચ્ચે ઉચ્ચ પ્રદેશ છે, અને દક્ષિણે નીલગિરિ પર્વતથી ઘેરાએલોછે. ઉત્તરમાં તુંગભદ્રાનદની પાસે હરિહર કસ્બો એ ઉચ્ચ પ્રદેશનો છેક નીચાણનો ભાગ છે, અને દરિયાથી પુણા જેટલું ઊંચું છે તેટલો એ કસ્બો દરયાથી ઊંચો છે. ઊંચા દુર્ગ એટલે ડુંગરા વડે સર્વ ઠેકાણે એ પ્રદેશ ખંડિત થયેલોછે એ ડુંગરા કોઈ ઠેકાણે છૂટક છૂટક એકાંતે આવેલાછે ને કોઈ ઠેકાણે હારબંધ છે. એમાંના ઘણા પ્રખ્યાત પહાડનું નામ નંદીદુર્ગ છે. મ્હૈસૂરમાં મુખ્ય નદીઓ તુંગ અને ભદ્રા છે. પશ્ચિમ ઘાટમાં ઉત્પન્ન થઈ તેમનો સંગમ શિમોગા આગળ થાયછે. કાવેરી નદી પણ ઘાટમાં ઉત્પન્ન થાયછે. તેને મળનારી ઘણીક નદીઓનું પાણી ખેતી કરવામાં બહુ કામ આવેછે. પન્નાર, પલાર, અને પનેર એ ત્રણ નદીઓ મ્હૈસૂરની પૂર્વમાં ઉત્પન્ન થાયછે. આગલા રાજાઓએ બંધાવેલાં તળાવો તથા જૂના દેશનાં ખંડેરોને માટે મ્હૈસૂરપ્રાંત પ્રખ્યાત છે. હાલ મ્હૈસૂરની રાજધાની મ્હૈસૂર શહેર છે. બાર મૈલને છેટે શેરિંગાપટમ નામે હૈદર અને ટિપુની રાજધાની અને કિલ્લા છે, તે કાવેરી નદીમાંના ટાપુ ઉપર બાંધેલોછે. મ્હૈસૂરની પૂર્વ બાંગલોર નામે મોટું શહેર છે, ત્યાં મુખ્ય કમિશનર રહેછે. એ પ્રાંતમાં મુખ્યત્વે કાનડી ભાષા બોલાયછે. એ પ્રાંતમાં નૈરૃત્ય અને ઈશાન કોણમાંથી વરસાદ પુષ્કળ વરસેછે, અને સર્વ જાતની પેદાસ સારી થાયછે. પશ્ચિમ ઘાટપર જંગલો છે તેમાં સાગ, સીસમ, અને સૂખડનાં ઝાડ ઊગેછે. એજ ભાગમાંથી સોપારી, નાળિએર, તેજાના અને મેવો પરદેશ ખાતે પુષ્કળ ચઢેછે. પરંતુ એ પ્રાંતની મુખ્ય પેદાશ બૂન દાણાની છે. વળી ડાંગર, બીજી જાતનુ ધાન્ય, અને ખાંડ પુષ્કળ થાયછે. રેશમ અને રેશમી કાપડ પરદેશ ખાતે પુષ્કળ ચઢેછે.

કુર્ગ-એ પ્રાંત નાનો છે. તેનું ક્ષેત્રફળ ૧૫૮૩ ચોરસ મૈલ અને વસ્તી ૧,૭૮,૩૦૨ માણસની છે. તેમાંના ૨૬,૦૦૦ કુર્ગના અસલ વતના છે. તેઓ પોતાની જુદી ભાષા બોલેછે. બાકી । લોકો હિંદુ અને મુસલમાન છે. તેઓ કાનડી ભાષા બોલેછે. એ પ્રાંત મ્હૈસૂરની નૈરૃત્ય કોણમાં છે. એમાં જંગલો અને પર્વતો ઘણા છે. એની ત્રણ બાજૂએ પર્વતો અને ચોથી એટલે પૂર્વ બાજૂએ બહુ ઘાડું જંગલ છે. એ પ્રાંતમાં એલચી, સૂખડ, સાગ, તૃણવૃક્ષ, વગેરે ઝાડ પુષ્કળ ઊગેછે. જે ઠેકાણે જંગલમાંથી ઝાડ કાપી નાંખ્યાંછે ત્યાં બૂન પુષ્કળ થાયછે: અને નીચી ખીણોમાં ડાંગર પાકેછે. જંગલનાં ઝાડ ઊપરાંત ઘાટના ઢાળ ઉપર વાંસ, જવાઈનાં બરૂ અને બીજા છોડ ઊગેછે. એનું મુખ્ય શહેર મર્કારા છે.

એ પ્રમાણે મદ્રાસ ઈલાકામાં મુખ્ય પર્વતો પૂર્વ ઘાટ અને પશ્ચિમ ઘાટ છે. એ બંને નીલગિરિ પહાડમાં જોડાઈ ગયાછે.

મુખ્ય નદીઓ—गोदावरी, कृष्णा, पनेर, पन्नार, पलार, અને कावेरी છે.

મુખ્ય પ્રાંતો (૧) उत्तर सिरकार, (२) कर्णाटक, (३) मलबार.

મુખ્ય શહેરો—मद्रास, मच्छलीपट्टण, राजमंदरी, त्रिचिनोपोलि, कांजेवरम, अर्काट, વગેરે.

એ ઇલાકાના તાબાનાં મુખ્ય દેશી રાજ્યો ત્રાવણકોર અને કોચિન છે.

ગવર્નર જનરલના અધિકાર નીચે મ્હૈસૂર, કુર્ગ, હૈદરાબાદ અને વરાડનાં દેશી સંસ્થાનો છે, તેમાંનાં પહેલાં બેનું વર્ણન ઉપર કર્યુંછે, ને બીજાં બેનું હેઠળ લખીએ છીએ.

હૈદરાબાદ અને વરાડ.

હૈદરાબાદનો હાકેમ નિઝામ કહેવાયછે. એણે હાલ વરાડ પ્રાંત ઇંગ્રેજ સરકારને સોંપ્યોછે એની મુખ્ય નદીઓ દક્ષિણના હેવાલમાં લખાઈછે. એનાં મુખ્ય નગરો, हैदराबाद, औरंगाबाद, दौलताबाद. जालना, बदर, વગેરે છે.

સને ૧૮૫૩ માં નિઝામે વરાડ પ્રાંત ઇંગ્રેજને એવી શરતે આપ્યો કે તેના રાજ્યના રક્ષણ આપ ઇંગ્રેજી લશ્કર તે રાજ્યમાં રહે. વરાડ પ્રાંત આ સંસ્થાનોનો ઉત્તર ભાગ છે. ઉત્તરે અને ઇશાન કોણમાં મધ્ય પ્રાંતો, પૂર્વે અને દક્ષિણે મદ્રાસ ઇલાકો, અને પશ્ચિમે મુંબઈ ઈલાકાના ધારવાડ, કલાદગી, સોલાપુર, અહમદનગર, નાશક, અને ખાનદેશ જિલ્લાઓની લગોલગ એ પ્રાંતો છે. વરાડ પ્રાંત બાદ કરતાં હૈદરાબાદ એટલે નિઝામના મૂલકનું ક્ષેત્રફળ ૮૧,૭૭૧ ચોરસ મૈલ અને વસ્તી ૯૮,૪૫,૫૯૪ માણસની છે.

મુખ્ય નદીઓ—ગોદાવરી મુંબઈ ઇલાકામાં નાશક પાસે ઉત્પન્ન થઈ વાયવ્ય કોણથી અગ્નિ કોણમાં વહેછે. દક્ષિણમાંથી આવેલી મંજરા નદી એને મળેછે. પેનગંગા અને વરધા ગોદાવરીને મળનારી નદીઓ છે તે એ પ્રાંતની ઉત્તર સીમા છે. કૃષ્ણા અને તેને મળનારી તુંગભદ્રા એની દક્ષિણ સીમા છે. ભીમા નદી પણ રાયચુરની ઉત્તરે કૃષ્ણાને મળેછે.

મુખ્ય શહેરો—હૈદરાબાદ એ નિઝામની રાજધાની કૃષ્ણાને મળનારી મૂશી નદીના કાંઠાપર છે. એ શહેરની પાસે ગોળકુંડાનાં ખંડેરો છે. તે આગળના ગોળકુંડાનાં રાજ્યની રાજધાની હતી. પર્વતમાં કોતરી કાઢેલા દહેરાંને માટે ઈલોરા પ્રખ્યાત છે. ઓરંગાબાદ, દોલતાબાદ, (દેવગઢ) નો કિલ્લો; ઉત્તરમાં જાલના, ત્યાંનાં રેશમી કાપડ અને મંજરા નદીપર બેદર છે ત્યાંનાં સોના રૂપાનાં કારીગરીવાળાં પીતળનાં વાસણ વખણાયછે. ચાલુક્ય વંશના રાજાઓની રાજધાની કલ્યાણ નગર બેદરની પાસે હતું એવું ધારવામાં આવ્યુ છે. હૈદરાબાદની પૂર્વે વારંગલ છે તે તેલંગણની રાજધાની હતી એવું કહેવાયછે. એ રાજ્યમાં મુખ્યત્વે ઉત્તરમાં મરાઠી, પૂર્વ અને દક્ષિણમાં તલગૂ અને કાનડી ભાષા બોલાયછે. એ રાજ્યમાં ઘણાં તળાવો બાંધેલાંછે. પાણી પાવાથી જમીનમાં પાક સારે થાયછે. વરધા નદીની પાસે ઈશાન કોણમાં કોયલા નીકળેછે. હૈદરાબાદથી ગલબરગાની નજીક સૂધી હાલમાં રેલવે બાંધીછે. એ સડક મુંબઈથી મદ્રાસ સૂધી બાંધેલી રેલવેને ગલબરગા આગળ મળેછે.

હૈદરાબાદના ઈંગ્રેજી રેસિડેંટના ઉપરીપણા નીચે એક ઈંગ્રેજી અધિકારી વરાડ પ્રાંત ઉપર અમલ કરેછે. એ પ્રાંતનું એકંદર ક્ષેત્રફળ ૧૭,૭૧૧ ચોરસ મૈલ, અને વસ્તી ૨૬,૭૨,૬૭૩ માણસની છે, તે મરાઠી ભાષા બોલેછે. એ પ્રાંતના ઉત્તરે તાપી નદી છે; એની અને મધ્ય પ્રાંતની સીમા ઉપર વરધા નદી છે અને દક્ષિણે એની અને નિઝામના મૂલકની સીમા ઉપર પેનગંગા નદી છે. એ ઉત્તર ભણીના સાતપૂડા પર્વત અને દક્ષિણના અજંટા તથા બીજા પર્વતોની વચગાળે પૂર્વ પશ્ચિમ આવેલો એ પહોળો રસાળ પ્રદેશ છે. એ પ્રદેશનું અસલ નામ પેનઘાટ છે, અને ઉચ્ચ પ્રદેશ અને અજંટા પર્વતોના ડુંગરોનું નામ બાળઘાટ છે. તાપીને મળનારી પૂર્ણા નદી તથા ઉત્તર દક્ષિણ ડુંગરોમાંથી પૂર્ણામાં વહેતા ઘણા વહેળાઓથી એ પ્રદેશને પાણી પૂરૂં પડેછે. એ પ્રદેશની ભૂમિ કાળી રસાળ છે અને રૂ તથા બીજો પાક સારો થાયછે. મુંબઈથી નાગપુર સુધીની રેલવે એ પ્રદેશમાં થઈને જાયછે. એની બે શાખાઓમાંની એક ખંગાઉં અને બીજી ઉમરાવતી નામે શહેર સુધી છે. એ બંને શહેર રૂના વેપારનાં મથક છે. ઉત્તરે એલિચપુર, દક્ષિણે કરિંગા, અને મધ્યે તથા રેલવે ઉપર અકોલા અને શેગામ એ મોટાં શહેરો છે. વરાડનું રૂ મુંબઈ આવેછે. ખેતીની નીપજ સિવાય પશ્ચિમમાં બળદાના જિલ્લામાં લુણાર નામે ખારા પાણીનું સરોવર છે, અને પૂર્વમાં વુન જિલ્લામાં કોયલાની ખાણ છે.

મધ્યપ્રાંતો.

એમની ઉત્તરે બુંદેલખંડ અને વાયવ્ય પ્રાંતો, પશ્ચિમે ભોપાળ, ઇંદોર, અને બીજાં દેશી રાજ્યો, તથા ખાનદેશ, દક્ષિણે વરાડ અને નિઝામનું રાજ્ય, અને પૂર્વે મદ્રાસ ઈલાકો, અને બંગાળા પ્રાંત છે.

મધ્ય પ્રાંતોનું ક્ષેત્રફળ ૧,૧૩,૨૭૯ ચોરસ મૈલ છે, તેમાંની ૮૪,૪૪૫ મૈલ ભૂમિ ઈંગ્રેજ સરકારની છે અને બાકીની પંદર ગોંડ તથા રજપૂત ઠાકોરોને તાબે છે. એ ઠાકોરો મુખ્ય કમિશનરના તાબા હેઠળ છે એમાં ૯૨,૫૦,૦૦૦ માણસ વસેછે, તેમાંની ૨૦,૦૦,૦૦૦ કરતાં વધારે ગોંડ, ભીલ, કોળી, અને બીજી ડુંગરમાં વસનારી જાતિઓ છે. આખી વસ્તીમાંના ૧૦,૫૦,૦૦૦ લોક ઉપર કહેલાં પંદર સંસ્થાનોમાં રહેછે. મધ્ય પ્રાંતોના સર્વથી ઉત્તરના ભાગમાં સાગર અને દમોહ જિલ્લા છે. તેઓ વિંધ્યા પર્વતના ઉત્તર ઢાળપર છે, તે માટે વાસ્તવિક રીતે તેઓ હિંદુસ્તાન માંહેલા પ્રાચીન માળવાનો ભાગ છે. પરંતુ એ પ્રાંતોનો મોટામાં મોટો ભાગ દક્ષિણ એટલે વિંધ્યાના દક્ષિણમાં છે, અને રામાયણમાં કહેલા ગોંડવાનાનો ઘણોખરો ભાગ એમાં આવેલોછે. દક્ષિણમાં અને સાગર તથા દમોહ જિલ્લાઓમાં નર્મદા નદીના ફળદ્રૂપ ખીણ છે. એ ખીણ આશરે ૩૦ મૈલ પહોળી છે, અને વિંધ્યા તથા સાતપૂડા પર્વતની વચ્ચે પૂર્વ પશ્ચિમ આવેલીછે. એ ખીણમાં *જબલપુર, નરસિંગપુર, હશંગાબાદ પ્રાંતો તથા નેમારનો થોડો મૂલક છે. નેમારનો બાકીનો ભાગ તાપીને કાંઠે આવેલોછે. નર્મદાની ખીણની દક્ષિણે સાતપૂડા પર્વત છે. પૂર્વ

---

* જબલપુર આગળ પ્રસિદ્ધ આરસના ડુંગરો છે તેમાંથી નર્મદા નદી વહેછે. એ શહેરમાં ફાંસીઆ ઠગ લોકને પકડી આણી કુટુંબસહિત રાખ્યાછે ને તેઓ કને ઉધમ કરાવેછે. ગૂ.ત્રા.

છેકે સાતપૂડા પર્વતની પહોળાઈ ૧૦૦ મેલ છે. એ પર્વત ઉત્તરમાં અમરકંટકના ઊંચાણની પવિત્ર ભૂમિથી તે દક્ષિણમાં બાળઘાટ સૂધી પ્રસરેલાછે. અમરકંટક આગળ નર્મદાનું મૂળ છે, પરંતુ પશ્ચિમમાં એ પર્વતો વધારે સાંકડા થતા જાયછે. સાતપૂડાની બેઉ બાજૂએ શાખાઓ ઘણી છે, જેવા કે મહાદેવ અને પંચમરી ડૂંગરા અને નર્મદાની ભણીઅને વરાડની સીમા ઉપર ચીકલડા ડૂંગરા, મંડલા, બાલઘાટ, સ્કોની, કોહિન્દવાડા, તથા બૈતૂલ જિલ્લાઓ સાતપૂડાના લાંબા ઢાળ અને વિશાળ ઊંચા પ્રદેશના બનેલાછે. બૈતૂલ પ્રાંતના ડુંગરોમાં તાપી નદીનું મૂળ છે. એ નદી નર્મદાની દક્ષિણે વહેછે જે સ્થળે સાતપૂડા પર્વત મધ્ય પ્રાંતમાં થઈ ખાનદેશ સૂધી ગયેલાછે તે સ્થળ આગળ આશીરગઢમાં પ્રખ્યાત ડૂંગરી કિલ્લો છે તેને મુગલાઈ રાજ્યમાં 'દક્ષિણની ભાગોળ' કહેતા. આશીરગઢ આગળ સાતપૂડા પર્વત નીચા છે અને મુંબઈથી અલાહબાદ તથા કલકત્તા સૂધીની રેલવે તેમને ઓળંગેછે. સાતપૂડા પર્વતની દક્ષિણે વર્ધા અને વૈન ગંગાની ખીણોથી થએલ નાગપુરનું મોટું મેદાન છે તેમાં નાગપુર, વર્ધા, ભંડારા, અને ચંદા જિલ્લાઓ આવેલાછે. વર્ધા અને વૈનગંગા નદીઓ સાતપૂડા પર્વતમાંથી વહેછે અને વર્ધા નદી મધ્ય પ્રાંતની સીમા ઉપર છે તેની પેલીમેર વરાડ અને નિઝામનું રાજ્ય છે. વૈન ગંગાનદી ચંદાની દક્ષિણે વર્ધાને મળેછે અને પ્રાણહિતા નામે એ બે નદીઓનું એકઠું થયેલું જળ થોડેક દૂર જઈ સિરોંચા સમીપ ગોદાવરીમાં ભળેછે. નાગપુરના પ્રદેશની પૂર્વે સાતપૂડામાંથી નીકળેલા ડુંગરોવડે એનાથી જુદું પડેલું છતીસગઢ (એના છત્રીસ વિભાગ છે) નામે પ્રાંત છે તેના રાયપુર અને વિલાસપુર એવા બે જિલ્લા કર્યા છે. છતીસગઢ પ્રાંત મહા નદીની ખીણનો ભાગ છે, અને બસ્તરની વચ્ચે જે પહાડ છે તેમાંથી એ નદી નીકળેછે. એ દક્ષિણ ભણીનો મૂલક વગડાઉ અને દેશી રાજાના તાબામાં છે. છતીસગઢ પ્રાંતની પૂર્વે સંબલપુર મૂલક છે. સાતપૂડામાંથી નીકળેલા કેટલાક ફાંટાઓ એ બેની વચ્ચે છે. બંગાળા ઈલાકાનો છોટા નાગપુર પ્રાંત એની ઉત્તરે છે. મહાનદી છતીસગઢ પ્રાંતમાં થઈને સંબલપુરમાં વહેછે, અને ત્યાંથી બંગાળા ઈલાકાના ઓઢીઆ પ્રાંતમાં પેસેછે. સંબલપુરની પૂર્વે, પશ્ચિમે, અને દક્ષિણે ઉપર કહેલાં પંદરમાંનાં ઘણાંખરાં રાજ્યો છે. તેમાંનું એક રાજ્ય બસ્તર છે તે અને બીજાં જંગલી હાલતમાં છે, તથા ડૂંગરા અને વનથી ભરેલાંછે. પરંતુ એમના વિષે જાણવામાં થોડું આવેલછે. મદ્રાસ ઈલાકામાં પેઠા પહેલાં ગોદાવરીના કાંઠાપર બસ્તરની દક્ષિણે સારી ભૂમિનો સાંકડો કકડો છે.

એ પ્રમાણે મધ્યપ્રાંતમાં ઉત્તરથી તે દક્ષિણ અને અગ્નિકોણ ભણી પ્રથમ સાગર અને દમોહનો ઉંચો મૂલક છે. પછી નર્મદાનો પ્રદેશ; વળી સાતપૂડાનો ઉંચો મૂલક; ત્યારપછી નાગપુર, છતીસગઢ, અને સંબલપુરના વધારે વિસ્તીર્ણ પ્રદેશ, અને છેલ્લે મદ્રાસ ઈલાકાની તથા નિઝામના રાજની સરહદ ઉપર ગોદાવરી વહેછે ત્યાં ડુંગરા અને જંગલ છે.

સાતપૂડાના ઢાળમાં અને તેમની પૂર્વે અને દક્ષિણે મધ્ય પ્રાંતોના બીજા ઘણા ભાગોમાં જંગલ છે; એમાંનાં કોઈ કોઈ વનોમાં સાગ, શાલ, મહૂડાં, અને બીજાં ઉપયોગી ઝાડો ઊગેછે. પરંતુ વરાડ જેવા ખેડાયલા મૂલકમાં ઘણા મેલ સૂધી ભાગ્યે ઝાડ જોવામાં આવેછે.

સાતપૂડા પર્વત ઉપર અને તેની ઉત્તરે ઊંચી જાતના ઘઉં અને બાજરી થાયછે. વિશેષે કરીને નર્મદાની ખીણ ઘઉં તથા રૂ, શેરડી અને બીજા પાકને માટે પ્રખ્યાત છે. પરંતુ વર્ધા નદીને કાંઠે આવેલા પ્રદેશોમાં સોથી સરસ રૂ થાયછે. હિંગણઘાટ શહેરમાં એ રૂનો વેપાર ચાલેછે તેપરથી એને હિંગણઘાટનું રૂ કહેછે. વર્ધાના પ્રદેશમાં ઘઉં અને જુવાર પણ પાકેછે. સાતપૂડાની દક્ષિણે અને પૂર્વે નાગપુર, છતીસગઢ, અને સંબલપુર પ્રાંતોમાં મુખ્ય પાક ચોખા છે, પરંતુ સાતપૂડાની સમીપ છતીસગઢની ઊંચી ભૂમિમાં ઘઉં થાયછે. દરેક સ્થળે થોડોક તમાકુ પણ થાયછે; વળી સાતપૂડા પર્વત ઉપર થોડું અફીણ અને તેની દક્ષિણના પ્રદેશમાં તલ, દીવેલી, વગેરે થાયછે. મધ્ય પ્રાંતમાં કેટલીક કોયલાની અને લોઢાની ખાણો છે તેમાંની ઘણીજ અગત્યની ચંદાની સમીપ છે. એ પ્રાંતમાં વળી બે રેલવેની સડકો છે. એક મુંબઈથી નીકળી આશીરગઢ તથા જબલપુર થઈ નર્મદાના પ્રદેશમાં થઈને અલાહબાદ અને કલકત્તા સુધી જાયછે, અને વરાડની સડક ભોસાવળથી છેક નાગપુર સધી જાયછે. વળી આશીરગઢની ઉત્તરે ખંડવાથી ઈંદોર સુધી બીજી સડક બંધાયછે. એ પ્રાંતોનો ઘણોખરો વેપાર મુંબઈ જોડે છે. રૂ, અનાજ, તલ. દીવેલી વગેરે, દેશી કાપડ, ચામડાં, ઘી, ને તેલને બદલે મુંબઈથી મીઠું, ઈંગ્રેજી કાપડ, લોઢાનો સામાન, નળિએર, વગેરે એ દેશમાં આવેછે. ખાંડ, તમાકુ, ગોર અને ઘેટાંના બદલામાં એ પ્રાંતોમાંથી જગતખંડના બીજા ભાગોમાં ધાતુ, લાખ, રંગ, વગેરે મોકલવામાં આવેછે. એ પ્રાંતોમાંથી સઘળે સ્થળે લોકો વણવાનો ધંધો કરેછે. પરંતુ કંઈ વખાણવા જોગ કસબ તેમને આવડતો નથી. માત્ર બરાનપુરનો કસબી વણાટ અને નાગપુર તથા ભંડોરાનું ભરતકામ અને ધોતી જોડા વખણાયછે.

મધ્ય પ્રાંતોની રાજધાની નાગપુર છે તેની સમીપ સીતાબલદીનો ડૂંગરી કિલ્લો છે. નાગપુરથી ૧૨ મૈલને અંતરે કામ્પટી છે તેમાં લશ્કરની છાવણી છે. ઉત્તરમાં સાગર અને જબલપુર, પૂર્વમાં રાયપુર (છતીસગઢમાં), અને દક્ષિણે ચંદા એ મોટાં શહેરો છે. પહેલાં ચંદા એ ગોંડ રાજની રાજધાની ચંદામાં હતી. આશીરગઢની સમીપ બરાનપુર નામે પ્રખ્યાત મુસલમાની શહેર છે.

ગોંડ લોકને પોતાની જુદી ભાષા છે; પરંતુ હિંદુઓએ એટલે આર્યોએ વશ કરી તેમને ધીમે ધીમે ડુંગરા અને જંગલોમાં કહાડી મૂક્યા તેથી કરીને મધ્ય પ્રાંતોમાં હાલમાં મુખ્ય ભાષા હિંદી છે. વિંધ્યા અને નર્મદાની ખીણના પ્રદેશોમાં હિંદી બોલાયછે અને નેમાર અને છતીસગઢમાં હિંદીને મળતી બોલીઓ બોલાયછે. નૈરૃત્ય કોણમાં વરાડ પ્રાંતની સરહદથી તે નાગપુર અને ચંદાસૂધી મરાઠી ભાષા બોલાયછે. ચંદાની દક્ષિણે તથા ગોદાવરીના પ્રદેશોમાં તેલંગણનો જૂનો વિભાગ છે તેમાં તલગૂ કે તેલંગી ભાષા બોલાયછે. છેલ્લે સંબલપુરમાં અને છોટા નાગપુર તથા ઓઢીઆની સમીપ એ પ્રાંતના ઈશાન કોણમાં ઉર્યા ભાષા બોલાયછે. અસલના વખતમાં ગોંડ રાજાઓ મુગલ પાદશાહથી ઘણું કરીને સ્વતંત્ર હતા, અને સને ૧૭૩૭ માં રાઘોજી ભોંસલેની સરદારી નીચે મરાઠા આવ્યા ત્યાંસૂધી જીતાયલા નહોતા. પ્રથમ ભોંસલાનું રાજ્ય સારૂં હતું, પરંતુ ધીમે ધીમે દેશ-

પર નઠારો અમલ થયો અને પીંઢારાઓ લૂંટવા લાગ્યા. સને ૧૮૦૩ માં નાગપુરનો ભોંસલા રાજા ઈંગ્રેજ સામે લડવામાં હાર્યો તેથી તેણે તેમને કટક (બંગાળામાં), સંબલપુર, અને વરાડપ્રાંત આપી દીધા, અને સને ૧૮૧૮ માં તેણે ફરી લડાઈ કરી સાગર અને નર્મદાના પ્રદેશો આપ્યા. સને ૧૮૫૩ માં છેલ્લા રાજાના મરણ પછી બાકીનો મુલક ઈંગ્રેજને હાથ આવ્યો. દરિયાથી દૂર હોવાને લીધે મુંબઈ કરતાં મધ્ય પ્રાંતોમાં તાપ વધારે પડેછે, પરંતુ સાતપુડાના ડુંગરો ઉપર ઓછો છે. વરસાદ મસ વરસેછે અને આપણા દેશની પેઠે ત્યાં પણ નૈરૃત્ય કોણમાંથી વરસેછે.

मध्यहिंद एजन्सि.

એ એજન્સિના બે મોટા ભાગ છે; એક ભાગમાં ग्वालियरનું राज्य, ને प्राचीन माळवानो घणोखरो भाग છે, અને બીજામાં बुंदेलखंडमांहेलां देशी राज्यो, અને रेवानुं मोटुं राज्य છે. આ બે ભાગોની વચ્ચે वायव्य प्रांतोनी એક સાંકડી પટી આવેલીછે. મધ્ય પ્રાંતોનો ઠેઠ ઉત્તરનો સાગર મુલક છે તેને એ પટી મળેછે.

૧. ग्वालियर અને माळवा.

ગ્વાલિયરનું રાજ અને માળવા ઉત્તરે વાયવ્ય પ્રાંતોના અને પશ્ચિમે રજપૂત સંસ્થાનોની અને મુંબઈ ઈલાકાની લગોલગ છે; દક્ષિણે એમની અને ખાનદેશની વચ્ચે સાતપુડા પર્વત છે. અને તેમની અને મધ્ય પ્રાંતોની વચ્ચે નર્મદા નદી છે. નર્મદાની ખીણની ઉત્તરના પ્રદેશમાં વિંધ્યા પર્વત આવેલાછે, અને વિંધ્યથી વાયવ્ય પ્રાંતોમાં જમના નદીની ખીણ સુધી જમીનનો ઢાળ છે. એ ભાગમાં ચંબલ, સિંધ, અને બેટવા નદીઓ છે; અને તેમની શાખાઓ એ દેશમાં થઈ જમનાને મળેછે. દેશ રસાળ છે, તોપણ અહિં તહિં ભારાં જંગલો છે. દક્ષિણે સાતપુડા અને નેમાર તરફ હોલકરના તાબાના પહાડી પ્રદેશોમાં પીંઢારા અને ભીલલોકો આગલા વખતમાં બહુ ઉપદ્રવ કરતા, તોપણ હાલમાં રાજવ્યવસ્થા સારી છે. જુદી જુદી જાતિના રાજાઓના તાબામાં એ મુલક છે. સિંધિઆ, હોલકર, અને ભોપાળ એ ત્રણ મોટાં રાજ્યો છે. એ રાજ્યનો મુલક સેળભેળ થઈ ગયેલો છે, પરંતુ ઉત્તરનો ભાગ અથવા ગ્વાલિયરનો મુલક સિંધિઆ અને તેના મોકાસદારોને તાબેછે: વળી દક્ષિણના ભાગમાં અથવા માળવામાં સિંધિઆના રાજનો કેટલોક ભાગ, હોલકર અને ભોપાળનાં વિસ્તારવાળાં રાજ્યો, એ ત્રણ મોટાં રાજ્યોના કેટલાક મોકાસદાર, અને દેવાસ, ધાર, રતલામ, જાવરા, જાબુવા, અલીરાજપુર, વગેરે એમનાથી સ્વતંત્ર રાજાઓનાં ઘણાં રાજ્યો છે. સિંધિઆ અને હોલકર પેશ્વાના સરદારોના વંશના મરાઠા છે; ભોપાળની બેગમ મુસલમાની છે. સને ૧૮૦૪ થી સિંધિઆની રાજધાની ગ્વાલિયરમાં છે. એ કિલ્લાની તળેટીએ જુનું શહેર છે. એની પાસે લશ્કર નામે નવું શહેર વસ્યુંછે. ગ્વાલિયર પાસે મોરાર નામે ઈંગ્રેજી શહેર છે. ભોપાળની બેગમની રાજધાની ભોપાળનગર દક્ષિણમાં છે, અને હોલકરની રાજધાની ઈંદોર પણ દક્ષિણમાં છે. ઈંદોરની દક્ષિણે ૧૨ મૈલને અંતરે મ્હો નામે ઈંગ્રેજી છાવણી છે તેમાં મું-

બઈ ઈલાકાના લશ્કરનો કેટલોક ભાગ રહેછે. સિંધિઆના રાજમાં ઈંદોરની ઉત્તરે ઉજ્જણ નગરી પ્રાચીન માળવાની પ્રસિદ્ધ રાજધાની છે. માળવામાં ઘઉં અને તમાકુ સરસ થાયછે; ત્યાં અફીણ થાયછે તેનો ઘણો ભાગ મુંબઈ આવેછે. શેરડી, રૂ, અને જુદી જુદી જાતનું ધાન્ય પુષ્કળ પાકેછે. મધ્ય પ્રાંતમાં ખંડવાથી ઈંદોર સૂધી રેલવે બાંધીછે, અને ઉત્તરે નીમચ સૂધી એ સડક વધારીછે. નીમચ શહેરમાં ઈંગ્રેજી લશ્કર રહેછે. આગ્રાથી ગ્વાલિયર સૂધી બીજી સડક બંધાઈછે.

૨ બુંદેલખંડ અને રેવા.

એ એજન્સિના બીજા ભાગમાં બુંદેલખંડ માંહેલાં દેશી રાજ્યો અને વાઘેલા રજપૂત રાજાઓનું રેવા સંસ્થાન છે. એની આસપાસ વાયવ્ય પ્રાંતો, બંગાળા પ્રાંત, અને મધ્ય પ્રાંતો આવેલાછે. બુંદેલખંડમાં મુખ્ય સંસ્થાનો બેટવા નદી પાસે અર્ચા અથવા તેહરી અને પન્ના, હીરા અને બીજા અમૂલ્ય ખનિજોને માટે પ્રખ્યાત છે. દક્ષિણમાં હૈદરાબાદ પાસે ગોલકોંડાની જૂની રાજધાનીમાં પન્ના શહેરના હીરા વેચાતા. રેવાનું વિસ્તીર્ણ રાજ બુંદેલખંડની પૂર્વે છે. તેની વચ્ચોવચ્ચ થઈને કૈમોર ડુંગરા જાયછે. એ ડુંગરા વિંધ્યાપર્વતના શાખા છે. એ ડૂંગરાની દક્ષિણે ગંગાનદીને મળનારી શોણ નદી વહેછે. દક્ષિણમાં નર્મદાનદી અમરકંટકના ઊંચા પ્રદેશમાંથી ઊતરી રેવાના થોડાક ભાગમાં થઈ વહેછે. બુંદેલખંડ અને રેવા પહાડી છે અને તેમાં દક્ષિણે મોટાં જંગલો છે, પરંતુ જે જગ્યાએ પાણી છે તે જગ્યા રસાળ છે. જબલપુરથી અલાહબાદ સૂધીની રેલવે એમાં થઈને જાયછે. એ એજન્સિનું ક્ષેત્રફળ આશરે ૮૩,૬૦૦ ચોરસ મેલ અને વસ્તી ૭૬,૭૦,૦૦૦ માણસની છે.

ગ્વાલિયર, ઇંદોર, ભોપાળ, અને રેવા એ ચાર મોટાં સંસ્થાન સિવાય બીજા દરજ્જાનાં ૨૩ સંસ્થાનો અને તેથી પણ નાનાં ૪૪ સંસ્થાનો છે. એ સંસ્થાન પર દેખરેખ રાખવા માટે ઇંદોરમાં ગવર્નર જનરલનો એજંટ રહેછે અને મોટાં સંસ્થાનોમાં આસિસ્ટંટ એજંટો રહેછે.

रजपूत संस्थानो.

એ મોટો ચોરસ મૂલક છે. એની ઉત્તરે સતલજ, દક્ષિણે ગૂજરાત, પશ્ચિમે સિંધ. અને પૂર્વે આગ્રા, ગ્વાલિયર, અને ઇંદોર સંસ્થાનો છે એમાં ૧૮ દેશી સંસ્થાનો છે. તેઓ અજમેર અને મ્હેરવાડાના નાના ઇંગ્રેજી મૂલકની આસપાસ જથાબંધ છે. એ દેશી સંસ્થાનો નીચે પ્રમાણે છે.—

रजपूत संस्थानो.

૧ मेवाड (અથવા ઉદેપુર).	૩ जेपुर.
૨ मारवाड (અથવા જોધપુર).	૪ बुंदी.

५ विकानेर.	११ शिरोही.
६ कोटा.	१२ डुंगरपुर.
७ किरोली.	१३ वांसवाडा.
८ किशनगढ.	१४ प्रतापगढ.
९ जसलमेर.	१५ झालावाड.
१० अलवड.	

जाट संस्थान.

१६ भरतपुर.	१७ धोळपुर.

मुसलमानी संस्थान.

१८ टोंक.

એ અઢાર સંસ્થાનોનું ક્ષેત્રફળ ૧,૨૯,૧૫૦ ચોરસ મૈલ અને વસ્તી ૧,૦૨,૬૮,૩૯૨ છે. ગવર્નર જનરલનો એજંટ એ સર્વેપર દેખરેખ રાખેછે. તે શિરોહીમાં આબુ પર્વતપર રહેછે. હિંદુલોકો એ પર્વતને પવિત્ર ધામ માનેછે. હાલમાં એ પર્વતસૂધી રેલવે બંધાઇછે. મુંબઇ ઇલાકામાં પાલણપુર એજન્સિની સરહદ્દ સમીપ અરવલી પર્વતના નૈરૃત્ય કોણમાં એ પર્વત છે. અરવલી પર્વત રજપૂત સંસ્થાનોના બે ભાગ કરેછે, $\frac{3}{4}$ ભાગ એ પર્વતની વાયવ્ય કોણમાં છે, અને $\frac{1}{4}$ ભાગ અગ્નિકોણમાં છે. એ પર્વતના પશ્ચિમ ભાગમાં જાણવા લાયક નદી માત્ર લૂણી છે, તે મારવાડ (અથવા જોધપુર) ના થોડાક ભાગમાં વહી કચ્છના રણમાં પડેછે. મારવાડનો થોડોક ભાગ જસલમેર, વિકાનેર, અને શીકાવતોના સઘળા ભાગ સુદ્ધાં લૂણીની પશ્ચિમનો બધો પ્રદેશ વિશાળ રેતીનું અર્ધ રણ છે. એના એક ભાગને થર અથવા મોટું રણ કહેછે. એમાં કોઇ સ્થળે ખેતી થાયછે. પાણી વહી જવાને બદલે રેતીવાળી જમીનમાં સમાઇ જાયછે, તેથી થોડા વરસાદથી કામ પૂરૂં પડેછે. જ્યારે વરસાદ વરસેછે ત્યારે લોકો ઊંટવતી રેતીના ટેકરા ખેડેછે, અને બી જમીનમાં છેક ઊંડાં રોપેછે; રણમાં ઘાસ મસ ઊગેછે તે ખાઇને પુષ્કળ ઢોર, ઊંટ ને ઘેટાં ઊછરેછે. મારવાડ અને વિકાનેર, એ પશુને માટે પ્રખ્યાત છે. વળી એ રણમાં જંગલી ગધેડાં અને બીજાં વિચિત્ર પ્રાણીઓ તથા જંગલી જનાવરો ઘણાં વસેછે. પાળેલાં ઢોરોથી લોકોને ઘણું દ્રવ્ય મળેછે. એ દેશમાં વાર્ષિક મેળા ભરાયછે ત્યારે મારવાડી બળદોની કીમત બહુ ઊપજેછે. મુંબઇ અને બીજે ઠેકાણે ઘેટાં મોકલવામાં આવેછે. ભરતખંડમાં મારવાડનાં ઊંટ ઘણાંજ સહનશીળ અને વિકાનેરની સાંઢણીઓ ઘણીજ ઉતાવળી ચાલનારી કહેવાયછે. મારવાડી લોકોને વેપાર બહુ પ્રિય છે. ઘણા મારવાડી મુંબઇ આવી દ્રવ્ય એકઠું કરીને સ્વદેશ પાછા જાયછે. અરવલી પર્વતની પશ્ચિમના સંસ્થાનોની ભૂમિ રસાળ છે; પણ મેવાડ (અથવા ઉદેપુર)થી શરૂ થઇ આગ્રા તરફ જે ઉચ્ચ પ્રદેશનો ઢાળ છે તે ઉપર અને ડુંગરામાં જે બીજાં સંસ્થાનો છે તેની ભુમિ વધારે રસાળ છે. આ ભાગમાંથી દક્ષિણે ગુજરાતમાં સાબરમતી અને મહી નદીઓ વહેછે, તે સિવાય ઉત્તરમાં બીજી નદીઓ છે. એમાંની બનાસ ચંબલને મળેછે, અને ચંબલ જમનાને મળેછે. એ નદીઓથી ઘણે દૂર લોકો ઊંડા કૂવા ખોદી તેના પાણી

વડે અનાજ, રૂ, શેરડી, તમાકુ, અને અફીણ વાવેછે. અરવલી પર્વતની પશ્ચિમ દિશા કરતાં પૂર્વમ વધારે વરસાદ વરસેછે અને તે વધારે નિયમિત છે. પૂર્વમાં ઘણોખરો વરસાદ ઈશાન કોણમાંથી અને પશ્ચિમમાં નૈરૂત્ય કોણમાંથી આવેછે. થોડા વખતપર મારવાડમાં વરસાદ નહિ વરસ્યાથી મોટો દુકાળ પડયો હતા તેથી ઘણા લોકો મરી ગયા અથવા પોતાનાં ઘરબાર છોડી પરદેશ જતા રહ્યા. અજમેરની દક્ષિણે નશીરાબાદની છાવણીમાં મુંબઈના લશ્કરનો કાંઈક ભાગ રહેછે. અજમેરની ઉત્તરે ખારા પાણીનુ સાંબર નામે સરોવર છે. અજમેરથી થોડે છેટે બ્રાહ્મણ ધર્મનું પુષ્કરજી (પોકરજી) નામે મોટું તીર્થ છે ને તેમાં બ્રહ્માનું દહેરૂં છે. ઉતરે અજમેર અને સાંબર સરોવરથી તે દિલ્લી સૂધી અને પશ્ચિમે આગ્રા સૂધી ઈંગ્રેજ સરકારે હાલમાં સડક બાંધીછે.

સૌથી પ્રખ્યાત અધિપતિ ઉદેપુર (મેવાડ) ના મહારાણા છે તે ભરતખંડમાં સૌથી પ્રાચીન કુળના કહેવાયછે. ભરતપુરની જમીન સર્વથી રસાળ છે, પરંતુ જેપુરમાં મૂલ્યવાન ખાણો છે, અને ત્યાંથી બીજાં સંસ્થાનોમાં સોનું, રૂપું, રત્નો, તાંબું વગેરે મોકલવામાં આવેછે. અરવલી પર્વતની પૂર્વે લોકો ઊનનો તથા સૂતરાઉ માલ બનાવેછે, હાથીદાંતની કોતરણી કરેછે, અને ધાતુનાં પાત્ર બનાવેછે, તથા ઘણાં વરસ લગી ઘસાઈ ન જાય એવી કલાઈ ચઢાવેછે. દક્ષિણે શિરોહીમાં તરવારનાં પાનાં સારાં બનેછે. મારવાડમાં આરસ અને ઈમારતી પથરા જડેછે.

पंजाब प्रांत.

એ પ્રાંત (દેશીરાજ્યો સહિત) ની તથા પૂર્વ તાર્તરી અને ચીનાઈ તિબેટની વચ્ચે કારાકોરમ પર્વત છે. એ પર્વતોના દક્ષિણે સિંધુ નદીનો ઊપલો માર્ગ છે. એ નદી ચીનાઈ તિબેટમાં ઉત્પન્ન થાયછે. સિંધુ નદીના ઊપલા માર્ગની દક્ષિણે હિમાલય પર્વતની હાર છે તેમાં ઉચ્ચ પ્રદેશો અને વિશાળ ખીણો છે. હિમાલયની દક્ષિણે જમના અને સતલજની વચ્ચે શિવાલિક નામે નીચા ડુંગરો છે. અને જેલમ તથા સિંધુની વચ્ચે મીઠાના ડુંગરા છે. એ પ્રાંતની મોટી નદીઓ એ પર્વતોમાંથી ઉત્પન્ન થઈ દક્ષિણમાં વહેછે દોઆબનો રસાળ મૂલક એ નદીઓથી બનેલોછે. એ નદીઓમાં મોટામાં મોટી સિંધુ છે. તે હિમાલય અને હિંદુકુશના વચ્ચે થઈને દક્ષિણમાં વહેછે, અને અફગાનિસ્તાનના સુલેમાન પર્વતની થડમાં

વહેછે. અટક ઊતરવાનો પાર છે તેની અને કળાબાગની વચ્ચેના સ્થળથી તે કરાંચી સૂધી સિંધુ નદીમાં આગબોટો ચાલી શકેછે. પૂર્વમાં પંજાબ ને વાયવ્ય પ્રાંતોની વચ્ચે જમના નદી વહેછે. સિંધુ અને જમનાની વચ્ચે જેલમ, ચીનાબ, રાવી, બીઆસ, અને સતલજ એ પાંચ નદીઓ છે તે પરથી એ પ્રાંતનું નામ પંજાબ પડ્યુંછે. જેલમ અને રાવી ચીનાબને મળેછે, અને બીઆસ તથા ચીનાબ સતલજને મળેછે. સતલજનો સંગમ મિટનકોટ આગળ સિંધુ જોડે થાયછે. પંજાબની દક્ષિણમાં વરસાદ થોડો વરસેછે તેથી નહેરો ખોદીને એ નદીઓનું પાણી જુદાં જુદાં સ્થળોમાં લેવામાં આવેછે. એ પ્રાંતનાં મુખ્ય શહેરો लाहोर, अमृतसर, मुलतान, जालंधर, अंबाला, फिरोजपुर, लुदीयाणा, काश्मीर, વગેરે છે.

આ પ્રાંતની મોટી નદીઓ વડે પ્રદેશો થયેલાછે તેમને જુદાં જુદાં નામ આપ્યાંછે. સુલેમાન પર્વત અને સિંધુની વચ્ચેના સાંકડા પ્રદેશને દેરાજત (દામન કે સરહદની ભૂમિ) કહેછે. સિંધુ અને જેલમની વચ્ચેના પ્રદેશને સિંધ સાગર દોઆબ કહેછે. જેલમ અને ચીનાબની વચ્ચેના પ્રદેશને જેચ કે ચેજ દોઆબ કહેછે; ચીનાબ અને રાવીની વચ્ચેના પ્રદેશને રેચના દોઆબ કહેછે; રાવી અને બીઆસ વચ્ચેના પ્રદેશને બારી દોઆબ કહેછે. બીઆસ અને સતલજની વચ્ચેના પ્રદેશને જાલંધર દોઆબ કહેછે. વાસ્તવિક રીતે સતલજ અને જમના વચ્ચેનો પ્રદેશ પંજાબનો ભાગ ન ગણાય, કેમકે તેમાં સરહિંદ (હિંદુસ્થાનનો ઉત્તર ભાગ) તથા દિલ્લી પ્રાંત આવેલોછે. આ સર્વ પ્રદેશોમાં જાલંધર દોઆબ સૌથી રસાળ છે, અને બારી દોઆબ વધારે અગત્યનો છે, કેમકે તેમાં લાહોર, અમૃતસર, અને મુલતાન એ ત્રણ શીખ લોકનાં શહેરો છે. એ દોઆબના મધ્ય ભાગ ઘણું કરીને ઊંચા છે, અને તેમાં ઝાડીઓ છે. સિંધ સાગર દોઆબના મધ્ય ભાગમાં માત્ર તરંગાકાર રેતીનું રણ છે. પંજાબનો જે ભાગ ઈંગ્રેજને તાબે છે તેનું ક્ષેત્રફળ ૧,૦૦,૯૮૯ ચોરસ મૈલ છે, અને તેમાં ૧,૮૮,૫૦,૪૩૭ માણસની વસ્તી છે. એમાંના ૧૫,૦૦,૦૦૦ શીખ છે. એ લોક ચારસેં વરસ પહેલાં થઈ ગયેલા નાનક નામે નવો પંથ કહાડનારના શિષ્યો છે. શીખ લોકની વસ્તી લાહોર, અમૃતસર, જાલંધર, અંબાલા, અને ફિરોજપુરમાં વધારે છે ઈંગ્રેજી મૂલકમાં ૧૫,૦૦,૦૦૦ શીખ લોક વસેછે તે ઊપરાંત પાંચ શીખ સંસ્થાનોમાં પણ તેમની વસ્તી છે. પંજાબનો જે ભાગ ઈંગ્રેજને તાબે છે તેના નીચે લખેલા ચાર રાજકીય ભાગ કરેલાછે:—

(૧) દિલ્લી જિલ્લો, અને દિલ્લી શહેર—જમના નદીના પશ્ચિમ કાંઠાપર છે. એ જિલ્લામાં અને દિલ્લી શહેરની ઉત્તરે પાનિપતનું પ્રસિદ્ધ રણક્ષેત્ર છે.

(૨) સિમલાનો પહાડી મૂલક-એ મૂલક સને૧૮૧૪-૧૬ ના ગૂરખાયુદ્ધ પછી લીધો હતો.

(૩) સને૧૮૪૫-૪૬ માં પ્રથમ શીખ સામે યુદ્ધ થયા પછી લીધેલો મૂલક, સતલજની

દક્ષિણ અને પૂર્વ તરફનો મૂલક, સતલજ અને બીઆસ વચ્ચેનો રસાળ જાલંધર દોઆબ, અને કાંગડાનો પહાડી મૂલક—સતલજની દક્ષિણ અને પૂર્વ તરફના મૂલકમાં લુદિઆણા, ફિરોજપુર, અને અંબાલા નામે મોટાં શહેરોવાળો જુના સરહિંદ પ્રાંતનો ભાગ આવેલોછે. શીખ લોકનું મૂળ સ્થાન એ હતું. સતલજની દક્ષિણે અને પૂર્વે સરહિંદનો બાકીનો મૂલક શીખ સરદારોના તાબામાં છે.

(૪) બીઆસની પશ્ચિમ ભણીનો મૂલક સને ૧૮૪૯ માં શીખ સામે બીજી લડાઈ થયા પછી લીધો. એમાં પેશાવર છે. એ શહેર પંજાબનો જે ભાગ અફગાન લોકના સ્વાધીનમાં હતો તેની જૂની રાજધાની હતી. વળી શીખ પંથનું શીખ ધામ જે અમૃતસર શહેર તે એમાં છે. પંજાબની રાજધાની લાહોર, મુલતાન, વગેરે કેટલાંક મોટાં નગરો પણ એમાં છે.

આ ચાર ભાગના ૧૦ વિભાગ કર્યાછે. એ મૂલકમાં વસનારા લોકની ભાષા પંજાબી અને હિંદી છે, પરંતુ શહેરોમાં ઉર્દુ અને ફારસી ચાલેછે. તિબેટમાં જે ભાષા ચાલેછે તેના જેવી પહાડી દેશોમાં બોલાયછે. પંજાબમાં ઘઉં, જવ, કઠોળ, તલ, દીવેલી વગેરે તેલવાળાં બીઆં, શાકભાજી, તમાકુ, અને ખસખસ શિયાળામાં થાયછે; અને ચોમાસામાં બાજરી, મકાઈ, ડાંગર, રૂ, શેરડી, કઠોળ, દીવેલી, તલાદિક તેલવાળાં બીજ, શાકભાજી અને ગળી થાયછે. કાંગડાની ખીણમાં અને સિમલામાં ઊંચી જાતની ચા થાયછે. એ મૂલકની જમીનમાંથી ફટકડી, સિંધવ, અને મડીઆ કંકર જેનો ચૂનો બનેછે તથા રસ્તા બાંધવાના કામમાં આવેછે તે નીકળેછે. ઊંચી જાતનું ઊન પર્વતોમાંથી અને સરહદની પેલીપરના દેશોમાંથી આવેછે.

પંજાબની શાલો અને બીજાં ઊનનાં કાપડનો વણાટ વખણાયછે. સૂતરનાં લૂગડાં પણ બનેછે, અને કોઈ કોઈ જગ્યાએ કાપડ ઉપર જરીનું કામ ઠીક થાયછે. સોના રૂપાની કારીગરી અને લોઢા ઉપર સોનેરી રૂપેરી કારીગરી કરવાનું કામ ઠીક થાયછે. લખોટેલાં વાસણ, કોતરણી અને જવાહીરનું કામ પણ ઘણે ઠેકાણે થાયછે. પૂર્વ તાર્તરીના યારકંડ જોડે તથા ચીનાઈ તિબેટના લાસા જોડે એ પ્રાંતનો વેપાર ઠીક ચાલેછે. કાશ્મીરના લાડકમાં થઈને તથા પહાડ ઉપર થઈને વણજારો જાયછે. યારકંડમાંથી સોનું તથા રેશમી અને સૂતરાઉ કાપડ આવેછે. લાસામાંથી ચીનાઈ ચા, અને સુંદર ઊન આવેછે. મુલતાનથી લાહોર, અમૃતસર લુદીઆણા અને અંબાલા સૂધી રેલવે બાંધીછે તેથી કલકત્તા જોડે પંજાબ પ્રાંત જોડાયલોછે. દિલ્હીથી બીજી સડક જાયછે તેને વાયવ્ય પ્રાંતોમાં એ રેલવે મળેછે. બીજી સડકો બંધાઈછે; એક સડક મુલતાનથી નીકળી સિંધ રેલવેને મળેછે; બીજી લાહોરથી રાવળપિંડી અને પેશાવર સૂધી અને ત્રીજી દિલ્હીથી રજપૂત સંસ્થાન સૂધી બંધાઈછે.

દેશી રાજ્યો.

પંજાબ સરકારના તાબામાં ૩૬ દેશી રાજ્યો છે. એ રાજ્યોનું ક્ષેત્રફળ ૩૫,૮૧૭ ચોરસ મૈલ અને વસ્તી ૩૮,૬૧,૬૮૩ માણસની છે. એ રાજ્યોમાં મુખ્ય કાશ્મીર, ભાવલપુર, અને પટીઆલા છે.

કાશ્મીરનું રાજ્ય—એ ઈંગ્રેજી મૂલકની ઉતરે છે અને એમાં કાશ્મીરની સુંદર ખીણ અને કેટલાક પ્રાંતો તથા ઉચ્ચ પ્રદેશો છે, તેમની આસપાસ કારાકોરમ અને હિમાલય

પર્વતો આવેલાછે. એ પ્રાંતોમાં એક પ્રાંત લાડક છે તેની રાજધાની લેહ સિંધુ નદીને કાંઠે છે, અને બીજો બલિસ્તાન છે તેની રાજધાની ઈસ્કાર્ડો પણ સિંધુ નદીને કાંઠે છે. પહેલાં લાડક તિબેટનો ભાગ ગણાતો, પરંતુ તે હાલમાં કાશ્મીરના તાબામાં છે. કાશ્મીર રાજ્યની રાજધાની કાશ્મીર કે શ્રીનગર જેલમ નદીના કાંઠાપર છે. બીજું મોટું શહેર જામૂ દક્ષિણે છે. એ દેશના રજપૂત રાજાને મહારાજા કહેછે. જ્યારે સને ૧૮૪૫ માં શીખ રાજા પાસેથી એ દેશ લઈ લીધો ત્યારે ઈંગ્રેજે એ રાજાને ગાદીએ બેસાડ્યો. એમાં ૧૫,૦૦,૦૦૦ માણસની વસ્તી છે, તેમાંના અડધા આર્ય કે હિંદુ અને અડધા તાતાર લોક છે. એમાં દેવદાર અને બીજાં વનનાં ઝાડ પુષ્કળ ઊગેછે. ખીણોની ભૂમિ રસાળ છે, હવા તંદુરસ્ત અને પાણી પુષ્કળ છે. કાશ્મીરની શાલે અને બીજાં ઊનનાં કાપડ સર્વ સ્થળે પ્રસિદ્ધ છે. ગુલાબનું અતર, હથિઆર, ચામડાંની બનાવેલી વસ્તુઓ, લખોટેલાં વાસણ, વગેરે પણ બનેછે.

ભાવલપુર—એ ભાવલપુરનું રાજ્ય નવાબના તાબામાં છે. એ રાજ્ય સતલજ અને સિંધુના ડાબા કાંઠા ઉપર છેક સિંધ સૂધી છે. એ રાજ્ય મોટા રણસૂધી લાંબી ચીચરવટી છે, પરંતુ નહેરોમાંથી પાણી આવેછે તેથી ખેતી સારી થાયછે.

પટીઆલા અને શીખ રાજ્યો—શીખનાં રાજ્યોમાં પટીઆલાનું રાજ્ય મોટામાં મોટું છે. એનો અધિપતિ મહારાજા કહેવાયછે. એમાં ૧૫,૦૦,૦૦૦ માણસની વસ્તી છે.

જિંદ, નભા, કપરથલા, ફરિદકોટ, અને કલશીઆ એ પાંચ સંસ્થાનો શીખ લોકનાં છે. પટીઆલા, તથા કપરથલા સિવાય બાકીનાં સંસ્થાનો સતલજની દક્ષિણે સરહિંદમાં છે.

નાનાં રાજ્યો—પંજાબ સરકારના તાબામાં બીજાં નાનાં નાનાં રાજ્યો સિમલાની નજીક ડુંગરોમાં છે, અથવા ઉપર કહેલા જિલ્લાઓ અને સંસ્થાનોમાં સેળભેળ થઈ ગયેલાંછે.

એ દેશી રાજ્યો ઊપરાંત અફગાનિસ્તાન અને બલૂચિસ્તાનના સીમાડાના વગડાઉ અને ચોગટા લોક ઉપર પંજાબના અધિકારીઓને નજર રાખવી પડેછે. હઝારાના ઉત્તર ભાગથી તે સિંધુ નદીપર આવેલા દેરાઇસ્માઈલ ખાન સૂધી જે જાતો વસેછે તેમાંના ઘણાખરા પઠાણ કે પષતૂ ભાષા બોલનારા મુસલમાનો છે; દેરાઈસ્માઈલ ખાનની દક્ષિણે બલૂચી લોક છે.

વાયવ્ય પ્રાંતો.

એ પ્રાંતોની પશ્ચિમે પંજાબ પ્રાંત તથા રજપૂત સંસ્થાનો છે; એમની તથા પંજાબની વચ્ચે જમના નદી વહેછે; અને પૂર્વે બંગાળા પ્રાંતમાં બહાર સૂધી તેમની હદ છે. એ પ્રાંતો અર્દ્ધ ચંદ્રાકાર છે તેમાં અયોધ્યા દેશ આવેલોછે. એ અર્દ્ધ ચંદ્રાકારના પશ્ચિમ કાંઠાની તથા તિબેટની વચ્ચે હિમાલય પર્વત છે, અને પૂર્વ કાંઠો નેપાળ સૂધી ગયેલોછે. દક્ષિણે છેક મધ્ય પ્રાંતોના સાગર જિલ્લાની લગોલગ

ગ્વાલિયર અને બુંદેલખંડની વચ્ચે એના તાબાની સાંકડી ભૂમિ છે. બીજે ઠેકાણે વાયવ્ય પ્રાંતોના બાકીના દક્ષિણ ભાગની મર્યાદા મધ્યહિંદ એજન્સિ અને બંગાળા ઈલાકાના તાબાના છોટા નાગપુરથી થઈછે.

અયોધ્યા પ્રાંત સુદ્ધાં એ પ્રાંતોનું ક્ષેત્રફળ ૧,૦૬,૧૦૪ ચોરસ મૈલ છે અને ૪,૪૧,૦૭,૮૬૯ માણસની વસ્તી છે. વળી એમાં બે દેશી રાજ્યો છે તેઓનું વર્ણન આગળ આવશે.

એ પ્રાંતોના ત્રણ સ્વાભાવિક ભાગ છે,—

(૧) હિમાલયમાં આવેલા પ્રદેશ, (૨) જમના અને ગંગાની ઉત્તરનો રસાળ પ્રદેશ, (૩) જમનાની દક્ષિણનો પ્રદેશ.

(૧) ઉત્તરે કમાઉન, ગઢવાલ, વગેરે પહાડી પ્રદેશોમાં તિબેટની સરહદપર આવેલા મોટા હિમમય પહાડો છે; પછી એ હિમમય પહાડોની સમાંતર આવેલા નીચા ડુંગરા છે; ત્યાર પછી શિવાલિક નામે નાના ડુંગરા છે, અને છેવટે તિરાઈ એટલે ભેજવાળી અને પથરાની ભૂમિવાળું ઘાડું જંગલ છે. તિરાઈ જંગલમાં તથા ડુંગરો ઉપર મોટાં વન છે તેમાં ઈમારતી લાકડું પુષ્કળ થાયછે, તેમાં દેવદારનું લાકડું ઘણું વખણાયછે. ડુંગરામાં લોઢાની ખાણો છે; અને ખીણો તથા ઢાળની ભૂમિ ઘણી રસાળ છે, તેમાં ચાના બાગ છે. હિમાલયમાં ચા થાયછે તે આખી દુનિયામાં સર્વથી સરસ ગણાયછે.

(૨) જમના અને ગંગાની ઉત્તરના રસાળ પ્રદેશોમાં એ બંને નદીઓની વચ્ચેનો ફળદ્રૂપ દોઆબ રોહિલખંડ (અથવા * રોહિલાનો મૂલક) અને કાશી † ઉત્તરનો પ્રદેશ છે. છેલ્લા બે પ્રદેશો ગંગાની ઉત્તરે છે અને તેમની વચ્ચે અયોધ્યા પ્રાંત છે. એ બે મોટી નદીઓ હિમાલયમાંથી નીકળીને ધીમે ધીમે પૂર્વ તરફ વળી આખા દેશમાં ફરી વળેછે. ગંગાની પશ્ચિમે ગઢવાળમાં જમનાનું મૂળ છે. ચંબલ, બતવા, અને રજપૂત સંસ્થાનો, મધ્ય હિંદુસ્તાન અને બુંદેલખંડના પૂર્વ ભાગ તરફ વહેતી બીજી નદીઓ એને જમણા કાંઠાપર મળેછે. બુંદેલખંડના ડુંગરાની શાખાઓ એને આંતરેછે તેથી પાછી વળી જમના નદી અલ્લાહાબાદમાં ગંગાને મળેછે.

જમના નદીના જમણા કાંઠાપર दिल्ली, मथुरा નામે પવિત્ર ધામ, आग्रा અને काल्पी એ મુખ્ય શહેરો છે, અને ડાબા કાંઠાપર इटावा અને अल्लाहबाद મુખ્ય છે. ગંગાનું મૂળ પણ ગઢવાલમાં છે. रामगंगा, गोमती, गोगरा, વગેરે ઘણી નદીઓ ડાબા કાંઠાપર એને મળેછે. ગંગાના કાંઠાપર अनुप शहेर, फत्तेहगढ़, कानपुर, अल्लाहबाद, मीरजापुर, काशी અને गाजीपुर મુખ્ય શહેરો છે. રામગંગા તિરાઈમાં ઉત્પન્ન થઈ રોહિલખંડમાં અને અયોધ્યાના થોડાક ભાગમાં વહેછે અને પછી कनोज નામે હિંદુલોકના પ્રાચીન શહેર આગળ ગંગાને મળેછે. ગોમતીનદી

---

* એ અફગાન લોકના વંશના છે

† એનું બીજું નામ વણારશી નગરી ને તે ઉપરથી હિંદીમાં બનારસ છે.

પણ ડૂંગરાની ભેજવાળી ભૂમિમાંથી ઉત્પન્ન થઈને અયોધ્યામાંના લક્નૌ શહેર આગળ વહી ગંગાને મળેછે. પૂર્વે ગોગરા નદી હિમાલયમાં ઉત્પન્ન થાયછે, તેને નેપાળ અને અયોધ્યામાંથી ઘણી નદીઓ મળેછે. જ્યાં ગંગા જોડે સંગમ થાયછે ત્યાં તે લગભગ ગંગાના જેવડી દેખાયછે. આ મોટી નદીઓ સિવાય રોહિલખંડ અને દોઆબમાં ઘણાં ઝીલો કે સ્વાભાવિક સરોવરો છે, અને ખેતરોમાં પાણી પૂરૂં પાડવા માટે સરકારે ઘણી નહેરો ખોદેલીછે.

(૩) જમનાની દક્ષિણમાં કાંઠાની પાસેની ભૂમિ રસાળ છે, પરંતુ વિંધ્યા અને કૈમુનની થડમાં ડુંગરા અને જંગલો આવેછે. પહાડી પ્રદેશોની ખીણો અને મેદાનોમાં નદીઓ કે તળાવો હોયછે ત્યાં ખેતી થાયછે. એ પ્રદેશમાં ઉપર કહેલો ગ્વાલિયર અને બુંદેલખંડની વચ્ચે આવેલો મૂલક છે તેમાં બેટવા નદી તથા જાંસી શહેર છે; વળી એમાં જમના સમીપ બાંદાનો મૂલક તથા મિરજાપોરની દક્ષિણનો દેશ છે. એ દક્ષિણ દેશમાં સોન નદી વહેછે.

હિમાલયનાં સુંદર જંગલોમાં તથા જમનાની દક્ષિણના ડુંગરોમાં સાગ અને વાંસ થાયછે, તે સિવાય વાયવ્ય પ્રાંતમાં ઝાડો થોડાંજ ઊગેછે. પરંતુ દોઆબમાં મહુડાં થાયછે અને કાશીની આસપાસ તથા રોહિલખંડમાં આંબા પુષ્કળ ઊગેછે. જ્યાં ડુંગરા નથી એવા મેદાનમાં ઘઉં, જવ, જવાર, અને બાજરી પુષ્કળ થાયછે, અને દક્ષિણે કાશીની આસપાસ તથા રોહિલખંડના બરેલી જિલ્લામાં ડાંગર પુષ્કળ થાયછે. તલ, દીવેલી વગેરે તેલવાળાં બીઆં, રૂ, ગળી, કસુંબો, ખાંડ, લાખ, અને સૂરોખાર પરદેશ ખાતે પુષ્કળ ચડેછે. કાનપુરમાં ચામડાંની વસ્તુઓ તથા કાશીમાં કીનખાબનો વણાટ માત્ર સારો થાયછે. હરકોઈ મોટા શહેરમાં તાંબાં પીતળનાં વાસણ અને દેશી કાપડ બનેછે. પરદેશમાંથી મીઠું, ધાતુ, ઈંગ્રેજી કાપડ આદિ પરચૂરણ સામાન, તજાના, અને ઈંગ્રેજી માલ એ પ્રાંતોમાં આવેછે. કલકત્તાની રેલવે એ પ્રાંતોમાં ગાજીપુરથી દિલ્લી સૂધી એટલે ૫૩૪ મૈલ સૂધી બાંધીછે, અને દિલ્લી પાસે ગઝીઆબાદથી મીરત અને સહારણપુરમાં થઈ પંજાબ સૂધી એટલે ૧૨૩ મૈલ સૂધી બાંધીછે. મુંબઈથી જબલપોર સૂધીની રેલવે અલાહબાદ આગળ એની સાથે જોડાયછે. જોનપુરમાં થઈને કાશીથી અયોધ્યામાં ફૈજાબાદ સૂધી, કાનપુરથી અયોધ્યાના લકના સૂધી, પછી શાહજહાનપુરમાં થઈને બરેલી સૂધી, અલીગઢથી બરેલી અને મુરાદાબાદ સૂધી, આગ્રાથી મધ્ય હિંદુસ્તાનમાં ગ્વાલિયર સૂધી અને આગ્રાથી રજપૂત સંસ્થાનોમાં જેપુર અને અજમેર સૂધી નવી રેલવે બંધાઈછે. એ સિવાય સાધારણ રસ્તાની સડકો બાંધીછે, ને વળી ગંગા અને બીજી નદીઓમાં વહાણો ચાલેછે.

સપાટ પ્રદેશની હવા સારી છે, પરંતુ આપણા કરતાં ટાઢ અને તડકો વિશેષ પડેછે. જૂન મહીનાની આખરથી તે અકટોબરની શરૂઆત સૂધી પૂર્વમાંથી વરસાદ આવેછે. વાયવ્ય પ્રાંતોના પૂર્વ ભાગમાં કાશી, ગાજીપુર, મિરજાપુર, જોનપુર, અને આઝિમપુર છે. એ ભાગ સને ૧૭૭૫ માં અયોધ્યાના નવાબે ઈંગ્રેજને આપ્યો. નવાબનું

ઇંગ્રેજ રક્ષણ કરે તેના પેટામાં તેણે સન ૧૮૦૧ માં ગોરખપુર, બસ્તી, આઝિમપુરનો બાકીનો ભાગ, એટા સૂબીનો દોઆબ, અને રોહિલખંડ આપી દીધા. દિલ્લીપ્રાંત અને જમનાની પશ્ચિમનો મૂલક, જે હાલમાં પંજાબમાં છે તે, તથા દોઆબનો બાકીનો ભાગ સિંધિઆ પાસેથી સન ૧૮૦૩ માં જીતી લીધો. રોહિલખંડની ઉત્તરના પહાડી પ્રદેશો નેપાળ પાસેથી સને ૧૮૧૫ માં જીતી લીધા તથા ઝાંસી અને જમનાની દક્ષિણના પહાડી પ્રદેશો બીજા મૂલકના સાટામાં કે દંડ દાખલ અથવા નવારસીઆ હોવાથી છેક હાલમાં મળ્યાછે.

વાયવ્ય પ્રાંતોની જૂની રાજધાનીનું શહેર आग्रा હતું. એ પ્રથમ મુગલ પાદશાહોની રાજધાની હતી. તાજમહાલ વગેરે ઇમારતોને માટે એ પ્રસિદ્ધ છે. આગ્રાથી છ મૈલ દૂર અકબર પાદશાહની કબર છે. હાલમાં લેફ્ટેનેન્ટ ગવર્નરની રાજધાની अलाहाबाद(પ્રયાગ) માં છે.

હિમાલયમાં વસનારી કેટલીક જાતો તિબેટના લોકોને થોડીક મળતી છે તથા મિરજાપુરની દક્ષિણે ડુંગરોમાં વસનારી જાતો સિવાય વાયવ્ય પ્રાંતોના લોકો હિંદી કે ઉર્દૂ ભાષા બોલેછે. ઉર્દૂ ભાષા હિંદીને મળતી છે, પરંતુ હિંદુઓ જોડે રાજ કરનારા મુસલમાન મળી જવાથી ઉર્દૂમાં અરબી અને ફારસી શબ્દો ઘણા છે. મોટાં શહેરોમાં ઘણા લોકો ઉર્દૂ ભાષા બોલેછે, અને ગામોમાં હિંદી બોલનાર વધારે છે.

देशी राज्यो.

કાશીનો રાજા આસપાસનાં કેટલાંક ગામોનો જમીનદાર છે, તે સિવાય રામપુર અને તેહરીના રાજાઓ લેફ્ટેનેન્ટ ગવર્નરના તાબામાં છે, રામપુર સંસ્થાન રોહિલખંડમાં છે. એનું ક્ષેત્રફળ ૯૦૦ ચોરસ મૈલ અને એમાં ૫,૦૦,૦૦૦ માણસની વસ્તી છે. એનાપર નવાબનો અમલ છે. તે નવાબ પઠાણ વંશનો છે. એ સંસ્થાનમાં ઊંચી જાતના ચોખા અને ખાંડ થાયછે, અને એના ખેસ (દુપટા) ઘણા વખણાયછે. તેહરી સંસ્થાન ડૂંગરામાં ગઢવાલમાં છે, અને રજપૂત રાજાના તાબામાં છે. રામપુરના ક્ષેત્રફળ કરતાં એ સંસ્થાનનું ક્ષેત્રફળ વધારે છે.

अयोध्या प्रांत. *

એ પ્રાંતની ઉત્તરે નેપાળ છે, તથા બાજી બધી દિશાએ વાયવ્ય પ્રાંતો આવેલાછે. એ પ્રાત ગંગા નદીના કાંઠાના પ્રદેશનો ભાગ છે. ઘણા મૈલ સૂધી એની તથા વાયવ્ય પ્રાંતની વચ્ચે ગંગા નદી આવેલીછે. ગંગાને મળનારી रामगंगा, सई, गोमती, અને गोगरा નદીઓ તથા બીજી નાની નદીઓ એ પ્રાંતની અગ્નિકોણના ભાગમાં વહેછે, અને તેમનું પાણી ખેતીમાં લેવાયછે. એમાંની કેટલીક નદીઓમાં ઘણા મૈલસૂધી વહાણો ચાલેછે. મોટામાં મોટી ગોગરા ન-

---

* એ પ્રાંત હાલમાં વાયવ્ય પ્રાંતોમાં ભેળી દીધોછે, અને મુખ્ય શહેર અલાહબાદ છે.

દી ગંગાની પેઠે હિમાલયમાંથી નીકળેછે અને તેને મળનારી નદીઓ-માં સૌથી મોટી રાપતી છે. એ પ્રાંતમાંની રેલવે વિષે આગળ કહેલુંછે.

એ પ્રાંતનું ક્ષેત્રફળ ૨૩,૯૩૦ ચોરસ મેલ તથા ૧,૧૨,૨૦,૦૦૦ માણસની વસ્તી છે. આખી દુનિયામાં બીજા હરકોઈ દેશ કરતાં જમીનના વિસ્તારના પ્રમાણમાં એ પ્રાંતની વસ્તી વધારે ધાડી ગણાયછે. એ પ્રાંતમાં એકે પર્વત નથી, પરંતુ ઉત્તરે નેપાળના ડુંગરોની લગોલગ હોવાથી એ પ્રાંતમાં તિરાઈ કે મોટાં વન છે તથા ડુંગરાની તળેટીની ભૂમિ છબછબાં પાણીવાળી છે. તિરાઈની દક્ષિણે નદીઓની વચ્ચે ઊંચા ટેકરા છે, તેમની કોર ઉપર ઘણું કરીને સાલ, સીસમ, અને બીજાં ઝાડો પુષ્કળ ઊગેલાંછે. આ ટેકરાની દક્ષિણે અયોધ્યાનું વિશાળ મેદાન છે, તેમાં ઊંડી નદીઓ વહેછે. એ નદીઓના ઊંડાં પાત્ર ઊંચા હિમાલયમાંથી વહેતી નદીઓના વેગે કરીને ધીમે ધીમે ખોદાઈને બન્યાંછે. આ પ્રદેશ અતિ રસાળ છે. તેમાં પાક પુષ્કળ થાયછે; આંબા અને મહુડાંની વાડીઓ ઘણી છે, અને ખેતરોમાં પાણી પૂરું પાડવા માટે ઝીલો કે તળાવો તથા કૂવાઓ ઘણાં છે. એ પ્રાંતની હવા પંજાબ તથા વાયવ્ય પ્રાંતોના જેવી છે, પરંતુ તેમના જેટલી અતિ ટાઢ અને તડકો પડતો નથી.

એ પ્રાંતમાંથી ઘઉં અને બીજું ધાન્ય તથા ખાંડ, તલ, દીવેલી વગેરે તેલી પદાર્થો પરદેશ ખાતે પુષ્કળ જાયછે. એ પ્રાંતમાં ચોખા અને તમાકુ સારો થાયછે. થોડુંક રૂ, અફીણ, ગળી, વગેરે પણ ઊગેછે. લોકનો મુખ્ય ઉદ્યમ ખેતી છે. દેશી કાપડ તથા બીજો સામાન દરેક ઠેકાણે થોડો ઘણો બનેછે, તે સિવાય બીજો ઉમદો બનતો નથી. પહેલાં ફૈજાબાદની પાસે મલમલ સારી વણાતી. એમાં ઉપયોગી ધાતુની ખાણો નથી, પરંતુ એમાં વાયવ્ય પ્રાંતોની પેઠે મડીઆ કંકર જડેછે.

અયોધ્યા તથા વાયવ્ય પ્રાંતોના કેટલાક મૂલક ઉપર દિલ્લીના પાદશાહના વજીરનો અમલ હતો. એ વજીરે સને ૧૮૧૯ માં પાદશાહની તાબેદારી છોડી દીધી, અને ઈંગ્રેજ સરકારે તેની સ્વતંત્રતા પાદશાહકને સ્વીકારાવી. સને ૧૮૧૬ માં ઈંગ્રેજે ઉત્તરમાં નેપાળ પાસેથી જીતેલા મૂલકમાંથી કેટલોક ભાગ એ નવાબના વજીરને આપ્યો હતો. રાજ્યની અવ્યવસ્થાને લીધે તથા લૂંટારાના હાથમાંથી બચવાને ખેડુત લોકે અરજ કર્યાથી જે તાલુકદારોએ બળે તથા તેમના અનુમતે ધીમે ધીમે પ્રાંતમાંનાં ઘણાંખરાં ગામોનો કબજો કરી લીધો હતો તેમની જોડે વારંવાર થતી વરાડને લીધે નવાબને સને ૧૮૫૬ માં ઈંગ્રેજે પદભ્રષ્ટ કર્યો. હાલમાં તેને ૧૨ લાખ રૂપિઆનું વર્ષાસન મળેછે, અને એ પ્રાંત મુખ્ય કમિશનરના હાથ તળે છે.

એ પ્રાંતની રાજધાની લકનૌ ગોમતીના કાંઠાપર છે. બીજું મોટું શહેર ફૈજાબાદ છે. ફૈજાબાદની પાસે જૂનું અયોધ્યા શહેર છે.

એ અયોધ્યા શહેરમાં રામનો જન્મ થયો હતો. એ શહેર મનુએ વસાવેલું એવું રામાયણમાં કહેલુંછે. આશરે ઈ. સ. પૂર્વે ૧૪૨૬ માં મહાભારતના મોટા યુદ્ધમાં રામનું અયોધ્યા શહેર નાશ પામ્યું, તથા તે ઈ. સ. ૭૮ માં વિક્રમાદિત્યે ફરી વસાવ્યું

એવું કહેવાયછે. બીજાં પ્રસિદ્ધ શહેરોનાં ખંડેરો અયોધ્યા પ્રાંતમાં છે તેમાંના કેટલાંક બૌદ્ધમતવાળાઓનાં હતાં. એ પ્રાંતના લોક મુખ્યત્વે ઉર્દુ બોલી બોલેછે.

મુખ્ય કમિશનરના તાબા હેઠળ એ પ્રાંતના ૪ મોટા ભાગ કર્યાછે- ઉત્તરે (૧) ફૈઝાબાદ અને (૨) સિતાપુર, તથા દક્ષિણે (૩) લકનૌ અને (૪) રાયબરેલી.

बंगाळा इलाको.

એ પ્રાંત લેફ્ટેનેન્ટ ગવર્નરના અધિકાર હેઠળ છે. ભરતખંડના વિભાગોમાં એ ઈલાકો સર્વથી મોટો અને રસાળ છે. એમાં शुद्ध बंगाळा, बहार, ओरिसा (अंढाआ), અને छोटा नागपुर છે. એની ઉત્તરે નેપાળ, સિકિમ અને ઇંગ્રેજનો આસામ પ્રાંત તથા પૂર્વે મણિપુરનું દેશી રાજ્ય છે. એની અને બ્રહ્મદેશની વચ્ચે લુશે અને બીજી પહાડી જાતોનો મૂલક, આરાકાનના ડુંગરો અને નાફ નદી છે; દક્ષિણે બંગાળા ઉપસાગર અને મદ્રાસ ઈલાકો, અને પશ્ચિમે મધ્ય પ્રાંતો, રેવા, અને વાયવ્ય પ્રાંતો છે.

એ ઇલાકાનું ક્ષેત્રફળ ૧,૬૩,૯૦૨ ચોરસ મૈલ અને ૬,૬૬,૯૧,૪૫૬ માણસની વસ્તી છે. એ સિવાય એમાં બીજાં ઘણાં ખંડીઆં રાજ્યો તથા જાતો છે તેમનું વર્ણન આગળ આવશે.

એ ઈલાકામાં વાયવ્ય તરફ ગંગાનો સપાટ પ્રદેશ તથા ઈશાન તરફ બ્રહ્મપુત્રનો સપાટ પ્રદેશ છે. એ બે પ્રદેશોનો મેળાપ શુદ્ધ બંગાળાની નીચી ભૂમિમાં થાયછે.

શુદ્ધ બંગાળ દેશ હિમાલય અને દરિયા વચ્ચે મોટું મેદાન છે. એની ત્રણ બાજુએ જમીન આવેલીછે. દક્ષિણે બંગાળી સમુદ્ર છે. ઉત્તરે હિમાલય (એમાં દાર્જિલિંગ છે), પૂર્વે કાચર, ટિપરા, અને ચિતાગાંગના ડુંગરા અને પશ્ચિમે છોટા નાગપુર તથા બહાર પ્રાંતની દક્ષિણ સરહદની ઊંચી ભૂમિ વગેરે પહાડી પ્રદેશો છે. બીજું મોટું મેદાન રાજમહાલ ડુંગરોની પશ્ચિમે અને શુદ્ધ બંગાળા અને વાયવ્ય પ્રાંતોની વચ્ચે બહાર દેશ છે. બહારમાં તિર્હૂત, પાટણા, ગયા, અને બીજા અપ્રસિદ્ધ પ્રાંતો છે. ઓઢીઆ દેશ એ પ્રાચીન ઉંડ્રાવત્ય નામ છે. હાલમાં શુદ્ધ બંગાળા અને મદ્રાસ ઇલાકાની વચ્ચે દરિઆના કાંઠાપરનો લાંબો સપાટ પ્રદેશ અને ખંડીઆ મહાલ નામે મોટા પહાડી મૂલકને ઓઢીઆ કહેછે. છોટા નાગપુર એ બહાર અને ઓઢીઆની વચ્ચે પહાડી મૂલક છે.

મુખ્ય પર્વતો—હિમાલય નો થોડો ભાગ, રાજમહાલ, છોટા નાગપુર તથા ઓઢીઆના ડુંગરા.

મુખ્ય નદીઓ—ગંગા, ગોગરા, સોન, ગંડકી, કુશી, દામોદા, ભાગીરથી, હુગલી, બ્રહ્મપુત્ર, સૂરમા, મહાનદી, વૈતરણી, બ્રાહ્મણી, વગેરે.

ગંગા—એ નદી વાયવ્ય પ્રાંતોમાંથી નીકળી એ પ્રાંતના ગાઝીપુર પાસે વહેછે. થોડેક છેટે ગયા પછી ઉત્તરે પાટણા પાસે ગોગરા, દક્ષિણે સોન, અને ફરી ઉત્તરે ગંડકી નદી એને મળેછે. ગંગા પૂર્વ તરફ આડકતરી વહેછે. પછી ભાગલપુર પાસે કુશી તેને મળે-છે; ત્યાર પછી રાજમહાલ ડુંગરોને ફરી વળી તે લગભગ દક્ષિણમાં વહેછે, અને આગળ જતાં તેમાંથી ભાગીરથી છૂટી પડી આગળ વહેછે તેનું નામ હુગલી પડ્યુંછે. ગંગાનાં અનેક મુખો કરતાં એ વહાણ ચલાવવાને બહુ અનુકૂળ છે, અને મુખ્ય પ્રવાહ ગોવલંદો-ની અગ્નિકોણ તરફ વહેછે. તે ઠેકાણે બ્રહ્મપુત્રનો મુખ્ય પ્રવાહ જે જમુના તે તેને મળેછે. એ રીતે એકઠું થયેલું જળ અનેક મુખે બંગાળી ઉપસાગરમાં ભળેછે.

બ્રહ્મપુત્ર—*એ નદ આસામના ગારો ડુંગરાને ફરી વળી બંગાળામાં પેસેછે, અને દક્ષિણમાં વહી ગોવલંદો આગળ ગંગાને મળેછે. એ બેનાં મુખ આગળ રસાળ પ્રદેશો અને દરિયાની વચ્ચે સુંદરવન નામે પ્રદેશ છે ત્યાંની હવા સિંધુ નદીના મુખ આગળના પ્રદેશની હવાની પેઠે રોગી છે. એ પ્રદેશ તદન જંગલી અને ભેજવાળો છે તેમાં જંગલી જનાવરો બહુ વસેછે.

સૂરમા—એ નદી કાચર ડુંગરામાંથી નીકળી સિલહટની પશ્ચિમે વહેછે; અને પછી દક્ષિણમાં વહી બ્રહ્મપુત્ર નદના એક ફાંટાને મળેછે. એ રીત એકઠાં થએલાં જળને મેઘના કહેછે. ઘણા મેલ સુધી એ નદીમાં વહાણો ચાલી શકેછે.

ચિતાગાંગમાંની ઘણી નદીઓ ડુંગરોમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળેછે.

ગંગાની હુગલી શાખાને પશ્ચિમ બાજુએ દામોદા, રૂપનારાયણ અને કુશી મળેછે. એ ત્રણે છોટા નાગપુરમાં ઉત્પન્ન થાયછે. છેક દક્ષિણમાં સુવર્ણ રેખા, વૈતરણી, અને બ્રાહ્મણી છોટા નાગપુરમાં અને મોટી મહાનદી મધ્ય પ્રાંતોમાં ઉત્પન્ન થાયછે. એ નદીઓ ઓઢીઆમાં થઈને બંગાળાના ઉપસાગરને મળેછે.

દાર્જિલિંગની આસપાસનો હિમાલયનો થોડોક ભાગ એ પ્રાંતમાં આવેલોછે. એ ભાગ સને ૧૮૩૮ માં સિકિમના રાજાએ ઈંગ્રજને આપ્યો. એ ડુંગરોમાં +સીસું, લોઢું, અને ત્રાંબાની ખાણો છે. બહાર પ્રાંતમાં ગંગાના કાંઠાપર આવેલા રાજમહાલ ડુંગરો છોટા નાગપુર માંહેલા પહાડો તથા સાતપૂડા પર્વતની શાખા છે. રાજમહાલ ડુંગરોમાં અને છોટા નાગપુર જે તદન પહાડી અને જંગલથી ભરપૂર છે તેમાં કોયલા અને લોઢાની ખાણો છે. શુદ્ધ બંગાળા પ્રાંતમાં બર્દવાન જિલ્લાના રાણીગંજ શહેરમાં તથા છોટા નાગ-પુર અને બહાર પ્રાંતની સરહદ આગળ સર્વથી સરસ ખાણો છે. વળી ઓઢીઆની

---

* તિબેટનું વર્ણન જુઓ.

પશ્ચિમે અને છોટા નાગપુરની દક્ષિણે ખંડીઆ મહાલો છે તેઓ પહાડી છે અને તેમાં ઉત્તરથી નૈરૃત્ય સૂધી કીમતી સાલનાં જંગલો છે. બંગાળાની પૂર્વના ડુંગરોમાં જંગલ છે, અને કોયલા તથા લોહાની ખાણો છે.

બંગાળા પ્રાંતમાં ચિલકા નામે એકજ સરોવર ઓઢીઆની નૈરૃત્યમાં છે, તથાપિ મોટાં ઝીલો કે છાછર તળાવો ઘણાં છે. ચિલકા સરોવરને તારે તથા ઓઢીઆના દરિયા કાંઠે પુષ્કળ મીઠું પકવવામાં આવેછે. એ પ્રાંતના સપાટ પ્રદેશમાં વરસના ઘણા ભાગમાં તાપ બહુ પડેછે અને વામાં ભેજ ઘણો રહેછે. કોઈ કોઈવાર વરસાદ નહિ વરસ્યાથી પાણીની તંગી તથા દુકાળ પડેછે, તોપણ ઘણું કરીને વરસાદ ઠીક છે. મેદાનોમાં જૂનથી અકટોબર સૂધી અગ્નિકોણમાંથી વરસાદ વરસેછે. પાધર જમીનમાં મોટી નદીઓ હોવાથી તથા સરકારે ઘણી નહેરો ખોદાવ્યાથી ડાંગર પુષ્કળ પાકેછે. જુદી જુદી રૃતુઓમાં જુદી જુદી જાતનાં ધાન્ય પાકેછે, અને ભિન્ન ભિન્ન વાવેતર થાયછે. લોકનો મુખ્ય ખોરાક ચોખા છે· દાળ, ભાત, માછલાં અને શાક રાંધી સ્વાદિષ્ટ કરવા માટે તેલ, મીઠું, તેજાના અને બીજા મસાલો નાંખીને ખાયછે. દરેક ભાગમાં જુદી જુદી જાતની શાકભાજી ઊગેછે. બહાર પ્રાંતથી અને ઉત્તરના દેશોમાંથી દરિયાને રસ્તે પરદેશો ખાતે ચોખા પુષ્કળ જાયછે. દાળ અને ચોખા સિવાય બહાર પ્રાંતમાં ઘઉં, જવ, મકાઈ, બાજરી, અને હલકી જાતનાં ધાન્ય પાકેછે. છોટા નાગપુર અને બીજા પહાડી મુલકમાં વસનારા લોકનો એ મુખ્ય ખોરાક છે. આપણા દેશમાં ઊનાળામાં જે ફળ થાયછે તે ત્યાં પણ થાયછે. ફણસ, કેળ, અને આંબાનાં વૃક્ષ સાધારણ છે. કોરી ભૂમિમાં પાન અને સોપારી થાયછે. પૂર્વ બંગાળામાં નારંગી અને નાળિએરનાં ઝાડોની વાડીઓ પુષ્કળ છે. ચોખા, ગળી, અફીણ, અને સણ, એ વેપારની જણસોમાં મુખ્ય છે. મુખ્યત્વે કરીને ઈંગ્લાંડ તથા ચીન મોકલવાને ગળી અને અફીણ પકવેછે. ગુણો બનાવવાના ટાટ, દોરડાં, વગેરે સણનાં થાયછે. સણના કાગળ પણ બની શકે. સણ અને બીજા રેસાઓ ઈંગ્લાંડ ખાતે પુષ્કળ જાયછે. વળી ગાંજાના છોડ પણ ઉગાવેછે. એ એક જાતનું સણ છે. તેને લોકો ચલમમાં પીએછે, અને બીજી કેફી વસ્તુ બનાવવાના કામમાં આણેછે. સણ કે અળશી અને તેલ નીકળે એવાં બી દેશના ખપને માટે તથા પરદેશ મોકલવા સારૂ પુષ્કળ ઉગાવેછે. ડુંગરોમાં રૂ પાકેછે તેટલું દેશમાં બસ થતું નથી માટે હરવર્ષે દેશમાં ઈંગ્રેજી કાપડ પુષ્કળ આવેછે. ગોળ, ખાંડ, વગેરે કરવા માટે શેરડી પુષ્કળ પકવેછે. દક્ષિણે ખજૂરીઓની વધારે પેદાશ હોવાથી માત્ર તે ઠેકાણે શેરડી પકવતા નથી. દેશના ખપને અર્થે હરેક ઠેકાણે તમાકુ પકવેછે, અને કેટલેક બ્રહ્મદેશ મોકલવામાં આવેછે. બંગાળા પ્રાંતની પૂર્વે ઊંચી ભૂમિમાં તથા છોટા નાગપુરમાં ઊંચી જાતનો ચા ઊગેછે. વળી શેતુરનાં ઝાડ ઊગેછે તેવડે હીર ઉત્પન્ન કરનારા કીડાનું પોષણ થાયછે, તેથી રેશમ પુષ્કળ બનેછે. વેપારની બીજી જણસોમાં સુરોખાર અને પાધર જગ્યામાં ઊગતી કસુંબી છે. જંગલો અને ડુંગરોમાં રબરનાં ઝાડ ઊગેછે. વણવાનો અને ધાતુનાં પાત્ર બનાવવાનો ધંધો ચાલેછે. ગળી, સણ વગેરે બનેછે તે સિવાય ખાસ કારીગરીને માટે કેટલાંક સ્થળ પ્રસિદ્ધ છે. મૂર્શીદાબાદમાં રેશમીકાપડ અને હાથીદાંતનો સામાનઅને સોના રૂપાનો ઘાટ સારો બનેછે. અને ઢાકાની મલમલ, કાપડ, અને સાબુ વખણાયછે. વહાણ બાંધવાનું અને સૂતારનું કામ ચિતાગોંગ ચિત્તગામ)માં સારૂં થાયછે, અનેમોંગીરમાં સૂતાર અનેલુહાર કામ સારૂં થાયછે. એ પ્રાંતમાં ઘણી રેલવેની સડકો બાંધેલીછે. મુંબઈ અને અલાહાબાદની મોટીસડક ગંગાના

કાંઠાના પ્રદેશમાં અને કલકત્તાની પેલી મર મતલાહ શાખા આગળ કલકત્તાસૂધી જાયછે. વળી બીજી સડક પાટણાના દક્ષિણના એક સ્થળથી રાણીગંજમાં થઈને કલકત્તા સૂધી જાયછે. ગોવલંદાની ઉત્તરે કલકત્તાથી બીજી સડક બાંધેલીછે. એ સડક દાર્જિલિંગ સૂધી વધારવાની છે. એ સર્વ રેલવે સિવાય મોટી નદીઓમાં વહાણો ચાલેછે તેથી વેપાર ઠીક ચાલેછે.

બંગાળા ઈલાકાની રાજધાની કલકત્તા હુગલી નદીના કાંઠાપર છે. ધાકા, મૂર્શીદાબાદ, પાટણા, કટક, જગન્નાથ મુખ્ય શહેર છે.

કલકત્તા શહેરની વસ્તી* ૪,૪૮,૦૦૦ માણસની છે. કલકત્તા અને તેની આસપાસનો કેટલોક મૂલક સને ૧૬૯૮ માં મુગલ પાદશાહ પાસેથી વેચાતો લીધો. શુદ્ધ બંગાળામાં બીજું મોટું શહેર ધાકા છે. કલકત્તાની ઉત્તરે મૂર્શીદાબાદ છે. એ અસલ બંગાળામાં નવાબોની રાજધાની હતી. પ્રથમ બંગાળાના નવાબ દિલ્હીના પાદશાહોના નોકર હતા, પરંતુ તેમણે તેની તાબેદારી છોડી દીધી. સને ૧૭૬૫ માં શુદ્ધ બંગાળા અને બહાર પ્રાંત પાદશાહે નવાબને બદલે ઈંગ્રેજને આપી દીધા. બહાર પ્રાંતમાં મોટામાં મોટું શહેર પાટણા છે. ઓઢીઆમાં મહાનદીને કાંઠે કટક અને કટકની દક્ષિણે જગન્નાથ છે. છોટા નાગપુરમાં રાંચી છે. નાગપુરના રાજાએ ઓઢીઆ અને છોટા નાગપુર આપી દીધા.

એ ઈલાકામાં કલકત્તા, મતલાહ, ચિતાગોંગ (ચિતગામ) અને કટક એ ચાર મુખ્ય બંદરો છે.

બંગાળા ઈલાકામાંના શુદ્ધ બંગાળામાં આશરે ૩,૭૦,૦૦,૦૦૦ માણસની વસ્તી છે, અને તેમાં બંગાળી બોલી બોલાયછે. બહારની વસ્તી ૨,૦૦,૦૦,૦૦૦ છે ને તેમાં હિંદી કે ઉર્દૂ ચાલેછે. ઓઢીઆ અને ખંડીઆ મહાલોની વસ્તી ૪૦,૦૦,૦૦૦ છે ને ત્યાંની ઓઢી બોલી છે, અને છોટા નાગપુરમાં ઓઢી અને હિંદુસ્તાની ભાષા બોલાયછે.

ખંડીઆં સંસ્થાનો અને જાતો.

ખંડીઆં સંસ્થાનોનું ક્ષેત્રફળ આશરે ૩૮,૦૦૦ ચોરસમૈલ અને વસ્તી ૨૦,૦૦,૦૦૦ માણસની છે. એ સંસ્થાનોમાં નેપાળ અને ભૂતાનની વચ્ચે હિમાલયમાં સિક્કિમનું બૌદ્ધ સંસ્થાન (એ પર રાજાનો અમલ છે અને ત્યાંના રહેવાશીઓ તિબેટના લોકને મળતા આવેછે), અને ઉત્તરે સિક્કિમની લગોલગ આવેલો દેશ છે. સિક્કિમની દક્ષિણે કૂચબહાર નામે નાનું સંસ્થાન છે. એ સંસ્થાન અને સિક્કિમની વચ્ચે સને ૧૮૬૫ માં ભૂતાનમાંથી જીતેલો નાનો મૂલક આવેલોછે. બંગાળાની પૂર્વે તિપરા અને ચિતાગોંગના ડૂંગરામાં બીજાં ઘણાં નાનાં સંસ્થાનો છે. પર્વતોમાં વસનારા લોકો અડધા આર્ય અને અડધા બ્રહ્મી છે. ખંડીઆં સંસ્થાનો અને છોટા નાગપુરમાં બીજાં ઘણાં સંસ્થાનો છે તે વિષે આગળ કહેલુંછે. બહાર પ્રાંતના અગ્નિકોણના રાજમહાલ પહાડોમાં સોંથલ જાત વસેછે. સોંથલ જાત અને ખંડીઆ મહાલ તથા છોટા નાગપુરની પહાડી જાતો અનાર્ય અસલી છે અને પોતાની જુદી ભાષા બોલેછે.

---

* પરાં મળી કલકત્તામાં ૮,૯૨,૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી છે.

આસામ.

એ દેશનું ક્ષેત્રફળ ૪૬,૩૪૧ ચોરસ મૈલ છે. એમાંની લગભગ ૩૦,૦૦૦ મૈલ ભૂમિ ઇંગ્રેજના તાબામાં છે; તેપર હકુમત કરનારને મુખ્ય કમિશનર કહેછે. બાકીનો દેશ ઇંગ્રેજ તાબાની પહાડી જાતો-નો છે. આખા દેશની વસ્તી સુમારે ૪૮,૮૧,૪૨૬ માણસની છે (પહાડમાં વસનારી જાતોનું વસ્તીપત્રક કર્યું નથી). એ દેશ ભરતખંડની ઈશાન કોણમાં છે. એની ઉત્તરે ભૂતાન અને હિમાલયમાં વસનારી કેટલીક સ્વતંત્ર જાતિઓનો મુલક, દક્ષિણે અને પશ્ચિમે બંગાળા, તથા પૂર્વે બ્રહ્મદેશના ડુંગરામાંનો મણિપુર પ્રાંત તથા કેટલાક પહાડી સ્વતંત્ર લોકનો મુલક છે. એમાં બ્રહ્મપુત્ર નદ વહેછે, અને એનું મુખ્ય નગર ગૌહત્તા છે.

બ્રહ્મપુત્ર નદના કાંઠાનો પ્રદેશ, તથા તેની આસપાસના પહાડી પ્રદેશો મળી એ પ્રાંત થયેલોછે. તિબેટમાં થઇને પૂર્વમાં વહી હિમાલયના પૂર્વ છેડાને બ્રહ્મપુત્ર ફરી વળેછે, અને આસામમાં થઇ છેક પશ્ચિમમાં વહેછે. બ્રહ્મદેશના પર્વતો તથા તેમને કાટખુણે આવેલા ડુંગરાને લીધે એ નદનો માર્ગ એકાએક બદલાયછે. એ છેલ્લા ડુંગરાને નાગ, ખાશીઆ, જિનતેહ, અને ગારો કહેછે. આસામ તાબાના કાચરમાં થઇને એ ડુંગરા આસામ, સિલહટ, અને બંગાળાના બીજા દેશો વચ્ચે આવેલાછે. ગારો ડુંગરને ફરી વળી એ નદ બંગાળાના મેદાનમાં ઊતરેછે, અને દક્ષિણે વહેછે.

આસામની ખીણનો પ્રદેશ સપાટ છે, તેમાં નીચા ડુંગરા ઘણા છે, અને વહેળા પણ પુષ્કળ છે. એમાં ખનિજ, સારા કોયલા, લોઢું અને ચૂનાની ખાણો છે. ત્યાંની હવા ચાના છોડને બહુ માફક છે. વળી સારું રૂ, ફળ, અને શાકભાજી ઊંચી ભૂમિમાં ઊગેછે. આસામની ભેંસો ઘણી વખણાયછે. એમાં માત્ર રેશમનો વણાટ, લોઢાકામ, તથા માટીનાં વાસણ બનેછે.

એમાં ઘણાં ઘાડાં જંગલો છે તેમાં લાખ, રબર, વગેરે વસ્તુઓ સિવાય ઇમારતી લાકડું પુષ્કળ થાયછે. મહેસૂરની પેઠે એ જંગલોમાં જંગલી હાથીઓનાં ટોળાં રહેછે. એવું કહેવાયછે કે દુનિયાના બીજા ભાગ કરતાં આસામના ડુંગરામાં વરસાદ વધારે વરસેછે.

સને ૧૮૨૪ માં બ્રહ્મી લોક પાસેથી એ દેશ જીતી લીધો. એમાં વસનારા લોકો પોતાની જુદી ભાષા બોલેછે, અને સપાટ ભૂમિમાં વસનારા લોકોની રીતભાત છેક આર્યોના જેવી નથી તેમ છેક બ્રહ્મી લોકના જેવી નથી, પરંતુ પહાડી જાતો નિરાળી છે, અને મૂળ વતની જેવી દેખાયછે.

स्वतंत्र पहाडी राज्यो.

नेपाळ—એ રાજ્યોમાં નેપાળનું રાજ્ય સર્વથી મોટું છે. એ હિમાલયમાં સાંકડો પ્રદેશ છે. એની ઉત્તરે તિબેટ, દક્ષિણે वायव्य प्रांतो, અયોધ્યા, અને બંગાળા, પશ્ચિમે वायव्य प्रांतोમાંનો कुमाઉન प्रांत, અને પૂર્વે સિક્કિમ છે. એમાં ઘાગ્રા વહેળા અને कुशी नदी છે. એમાં હિમાલય પર્વતનાં ઊંચાંમાં ઊંચાં શિખરો જેવાં કે अवरेस्ट के गौरीशंकर, धवलगिरि, વગેરે છે. એનું मुख्य શહેર खटमंडु છે.

દરિયાની સપાટીથી હિમાલયની ઊંચાઇ ૨૯,૦૦૦ ફુટ કરતાં પણ વધારે કહેવાયછે. આ ઊંચા પર્વતોની દક્ષિણે નીચા ડુંગરો છે, તેઓનાં શિખર અને ખીણો રસાળ છે, અને હવા બહુ સારી છે. આ રસાળ ભાગની દક્ષિણે જંગલો છે તેમાં કીમતી ઇમારતી લાકડાં થાયછે, અને એની દક્ષિણે તિરાઇ એ લે ભેજવાળાં વન છે. તિરાઇનો કેટલોક ભાગ નેપાળના રાજ્યમાં છે અને કેટલોક ઈંગ્રેજના મુલકોમાં છે. નેપાળમાં ધાતુની ખાણો પુષ્કળ છે, અને કેટલાક ધાતુના ઘાટ સારા થાયછે. વસ્તીમાં તાતાર તથા તિબેટી લોક છે તેઓ અને આર્ય લોક મેળમેળ થઇ ગયાછે. એપર ગૂરખા લોક રાજ્ય કરેછે. લોકો બોદ્ધ ધર્મ પાળેછે, અને ભરતખંડ અને તિબેટની ભાષાઓની મિશ્રિત ભાષા બોલેછે.

મુખ્ય શહેર ખટમંડુમાં મહારાજા રહેછે તેને નામે પ્રધાન રાજ ચલાવેછે. પહેલાં એ રાજ્ય ચીનના પાદશાહને તાબે હતું, પરંતુ હાલમાં સ્વતંત્ર છે. લોકો ઉદ્યમી, શૂરા, અને શરીરે દૃઢ છે.

भूतान—આસામ અને તિબેટની વચ્ચે બીજું પહાડી રાજ્ય भूतान છે. એની અને નેપાળની વચ્ચે सिक्किम છે.

એ રાજ્ય હિમાલયમાં છે અને તાતાર વંશની જાતોના હાથમાં છે. તેઓ બોદ્ધ ધર્મ પાળેછે. લામા નામે બોદ્ધ ધર્મગુરૂઓની મોટી સંખ્યાનું તથા સરદારોનું લોકને ભરણપોષણ કરવું પડેછે. એ સરદારો દર ત્રણ વરસે પોતામાંથી એકને મુખ્ય ઠરાવેછે. લોકો ઉદ્યોગી છે, પરંતુ રાજ કરનારા તેમનું રક્ષણ કરી શકતા નથી, અને ધર્મગુરૂઓ તેમનાપર જૂલમ કરેછે.

નાનાં રાજ્યો—આસામની ઉત્તર સીમા ઉપર, તથા આસામ અને બંગાળાની પૂર્વ સરહદ ઉપર બ્રહ્મી એટલે તાતાર વંશની ઘણીક પહાડી જાતો વસેછે. પરંતુ તેમાંની કેટલીક ભરતખંડના બીજા ભાગોમાંની મૂળ જાતોને મળતી આવેછે. એમાંની ઉત્તરે ડફળા અને આબોર, અને પૂર્વે કૂકી અને લુશૈ જાતો વિકરાળ છે, અને નજીક વસનારા સુધરેલા લોકોને લૂટેછે. એ પહાડોમાં મણીપુરના રાજાના તાબાનું સંસ્થાન માત્ર સુધરેલું છે.

પોર્તુગીઝ તથા ફ્રેંચ લોકનાં સંસ્થાનો.

પોર્તુગાલના રાજ્યના તાબાનાં દમણ, ગોવા, અને દીવ સંસ્થાનો વિષે આગળ મુંબઈ ઈલાકામાં કહેલુંછે.

હુગલી નદીના કાંઠાપર ચંદ્રનગર ફ્રાન્સ દેશને કબજે છે. એ કલકત્તાથી ૧૭ મૈલને અંતરે છે. મદ્રાસ ઈલાકાના પૂર્વ કાંઠા ઉપર ત્રણ શહેરો અને તેઓની આસપાસનો કેટલોક મૂલક, તથા પશ્ચિમ કાંઠાપર એક શહેર એજ દેશને તાબે છે. એ ચાર સ્થળનાં નામ ગોદાવરીના મુખ્ય આગળ ૧. યાનાન, મદ્રાસની દક્ષિણે ૨. પોંદિશરી, તથા ૩ કારિકલ, અને મલબાર કાંઠાપર કાનાનોર અને કાલિકટની વચ્ચે ૪. માહી છે. મુખ્ય શહેર પોંદિશરી છે.

પ્રકરણ ૪ થું.

યૂરોપખંડ.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, પશ્ચિમે આટ્લાંટિક મહાસાગર, દક્ષિણે ભૂમધ્યસમુદ્ર, આર્કિપેલેગો સમુદ્ર, માર્મોરાસમુદ્ર, કાળો સમુદ્ર, અને કાકેસસપર્વત; અને પૂર્વે કાસ્પિઅન સમુદ્ર, યૂરલનદી, અને યૂરલ પર્વત છે.

યૂરોપ અને એશિઆ જોડાજોડ છે; આફ્રિકા અને યૂરોપની વચ્ચે ભૂમધ્યસમુદ્ર છે, અને અમેરિકાથી એ આટ્લાંટિક મહાસાગરે કરીને જુદાં પડેલોછે.

યૂરોપખંડ માંહેલા દેશો.

૧. ગ્રેટબ્રિટન અને આયર્લાંદ.
૨. ફ્રાન્સ.
૩. સ્પેન.
૪. પોર્તુગાલ.
૫. બેલ્જિયમ.
૬. હોલાંદ અથવા નેધર્લાંદ.
૭. જર્મનિ.
૮. ડેન્માર્ક.
૯. સ્વીદન અને નાર્વે.
૧૦. યૂરોપી રુશિઆ.

૧૧. आस्त्रिआ અને हंगरि.
૧૨. स्वितझर्लांद.
૧૩. इटालि.
૧૪. यूरोपी तुर्कस्तान.
૧૫. ग्रीस.

यूरोपखंड मांहेला मुख्य समुद्रो.

૧. श्वेतसमुद्र—રૂશિઆની ઉત્તરે છે.

૨. बाल्टिकसमुद्र—સ્વીદનને જર્મનિ અને રૂશિઆથી જુદો પાડેછે.

૩. उत्तरसमुद्र અથવા जर्मनसमुद्र ઇંગ્લાંદની અને જર્મનિ, દેન્માર્ક, વગેરેની વચ્ચે છે.

૪. भूमध्यसमुद्र—યૂરોપ અને આફ્રિકાની વચ્ચે છે.

૫. आद्रिआटिक समुद्र—ઈટાલિ અને તુર્કસ્તાનની વચ્ચે છે.

૬. आर्किपेलेगो—એ ગ્રીસ અને એશિઆઈ તુર્કસ્તાનની વચ્ચે છે.

૭. मार्मोरा समुद्र—એ યૂરોપી તુર્કસ્તાન અને એશિઆઈ તુર્કસ્તાનની વચ્ચે છે.

૮. काळो समुद्र—એ રૂશિઆ અને એશિઆઈ તુર્કસ્તાનની વચ્ચે છે.

૯. आझोफ समुद्र—એ રૂશિઆની દક્ષિણે છે.

૧૦. आइरिश समुद्र તથા नार्थचानल અને सेंत ज्यार्जिस चानल એ ઇંગ્લાંદ અને આયર્લાંદની વચ્ચે છે.

૧૧. इंग्लिश चानल એ ઇંગ્લાંદ અને ફ્રાન્સની વચ્ચે છે.

ધર્મ અને રાજ્યરીતિ—યૂરોપમાં માત્ર તુર્કસ્તાનમાં મુસલમાની રાજ્ય છે. બાકી સર્વ ઠેકાણે ખ્રિસ્તિ ધર્મ ચાલેછે. ખ્રિસ્તિ ધર્મમાં મુખ્ય ત્રણ ભેદ છે, પ્રોટેસ્ટંટ, રોમન કાથલિક, અને ગ્રીક. રૂશિઆ અને ગ્રીસના રહેવાશીઓ તથા યૂરોપી તુર્કસ્તાનના બે તૃતીયાંશ લોકો ગ્રીક ધર્મ પાળેછે; ગ્રેટ બ્રિટન, હોલાંદ, જર્મનિ, દેન્માર્ક, સ્વીદન અને નાર્વે, તથા સ્વિતૂઝર્લાંદના લોકો પ્રોટેસ્ટંટ છે; અને બાકીના દેશો ઘણું કરીને રોમન કાથલિક છે.

તુર્કસ્તાન અને રૂશિઆમાં રાજાની ઈચ્છા પ્રમાણે રાજ્યવ્યવસ્થા કરવામાં આવેછે. બાકીના દેશોમાં પ્રજાની સંમતિથી કાયદા બાંધીને તે પ્રમાણે રાજા રાજ્ય કરેછે. સ્વિત્‌ઝર્લાંદમાં અને ફ્રાન્સમાં પ્રજાસત્તાક રાજ્ય છે, તેથી લોકો જેમને પસંદ કરેછે તેઓ રાજ્ય ચલાવેછે.

૧. ગ્રેટ બ્રિટન અને આયર્લાંદ ઉપર વિક્ટોરિઆ રાણીનો અમલ છે. ગ્રેટ બ્રિટન બેટમાં ઈંગ્લાંડ અને સ્કાટ્‌લાંદ એ બે દેશ છે.

---

(૧) इंग्लांद.

ઈંગ્લાંદના બે વિભાગ થઈ શકે, ઈંગ્લાંદ અને વેલ્સ. ઈંગ્લાંદમાં ૪૦ પરગણાં અને વેલ્સમાં ૧૨ પરગણાં છે.

મુખ્ય પર્વતો--चिविअट पहाड એ ઈંગ્લાંદ અને સ્કાટ્‌લાંદની વચ્ચે છે. એ સિવાય કંબર્લાંદમાં स्काफेल અને વેલ્સમાં स्नोडन વગેરે પર્વતો છે.

મુખ્ય નદીઓ--टेम्स ઇંગ્લાંદની દક્ષિણે છે. તે જર્મન સમુદ્રને મળેછે. એને કાંઠે લંદન શહેર છે. सेवर्न એ બ્રિસ્ટલ ચાનલને મળેછે. मर्सी એ આઈરિશ સમુદ્રને મળેછે. એને કાંઠે લિવર્પૂલ છે. વળી टाइन, ट्रेन्ट, हम्बर, आउस, डी, અને वाइ એ મોટી નદીઓ છે.

મુખ્ય સરોવરો—डर्वेन्ट वाटर, अल्स्वाटर, અને विन्दर्मीर.

મુખ્ય દ્વીપો—मान, आंगल्सी, અને वाइट. વળી जर्सी, गर्नसी, आल्डर्नी અને सार्क એ ચાનલના ટાપુ છે.

મુખ્ય ભૂશિરો—लान्ड्‌स एन्ड એ ઇંગ્લાંદનું છેક પશ્ચિમ બિંદુ અને लिझर्ड એ છેક દક્ષિણ બિંદુ છે. स्टार्ट અને बीचीहेद એ ઇંગ્લાંદના દક્ષિણ કાંઠાપર અને स्पर्नहेद તથા फ्लांबरोहेद એ ઇંગ્લાંદના પૂર્વ કાંઠાપર છે. એ સિવાય વેલ્સમાં આંગલસી બેટની પાસે નાના ટાપુમાં होलिहेद, વગેરે બીજી ઘણી છે.

મુખ્ય સામુદ્રધુનીઓ--मनाइनी સામુદ્રધુની એ कार्नार्वन અને આંગલસી બેટના વચ્ચે છે. दोवरनी સામુદ્રધુની એ જર્મન સમુદ્ર અને ઇંગ્લિશ ચાનલને જોડેછે.

મુખ્ય અખાતો—सालवेफर्थ, मोरीकांबी, ब्रिस्टलचानल, कार्डीगन, वाश, વગેરે.

ઇંગ્લાંદનાં મુખ્ય શાહેરો—लंदन એ રાજધાનીનું શહેર ટેમ્સ નદી ઉપર છે. એ દુનિયામાં મોટામાં મોટું શહેર છે. लिवर्पूल એ मर्सी નદી ઉપર મોટું બંદર છે. मान्चेस्टर એ સૂતર ને કાપડનાં કારખાનાંને માટે પ્રખ્યાત છે.

न्यूकास्टल ટાઈન નદી ઉપર છે. એની પડોશમાં કોયલાની મોટી ખાણો છે.

बार्मिंगहाम અને शेफील्दમાં છરીઓ વગેરે લોઢાનાં હથિઆરો બનેછે.

लीदूझમાં ઊનની જણસો બનાવવાનાં કારખાનાં છે.

नोटिंगहामમાં કોર અને મોજાં સારાં વણાયછે.

ब्रिस्टल અને हल એ બે મોટાં બંદર છે.

ओक्सफर्द અને केम्ब्रिज યુનિવર્સિટિઓને માટે પ્રખ્યાત છે.

कान्टर्बरि અને यार्कમાં બે મોટા ધર્માધ્યક્ષો રહેછે.

पोर्ट्समथ અને प्लिमथ એ ઇંગ્લાંદની નૌકાસૈન્યનાં સ્થળ છે. એ સિવાય दोवर, ब्रैटन, सौधाम्पटन, वुल्वर्हाम्पटन, कार्लैल, संदर्लांद, ब्रादूफोर्द, વગેરે મોટાં શહેર છે.

વેલ્સનાં મુખ્ય શાહેરો—कार्दिफ અને स्वान्सी એ બે મોટાં બંદરો છે, અને मार्थिर तिदूविल એ મોટામાં મોટું શહેર છે. मिलूफोर्दहेवन બંદર એવું તો મોટું છેકે તેમાં સઘળું ઇંગ્રેજી નૌકાસૈન્ય સહી સલામત રહી શકેછે.

મુખ્ય નિકાસ--કલાઈ, કોયલા, ઊન અને રૂનું કાપડ, લોઢાનો સામાન, કાચ, યંત્રો, કાગળ, ઇત્યાદિ.

---

(२) स्काट्लांद.

એમાં ૩૩ પરગણાં છે.

મુખ્ય પર્વતો—ગ્રામ્પિઅન પર્વતોની હારમાં बेन्नेविस પર્વત એ ગ્રેટ બ્રિટનમાં સર્વેથી મોટામાં મોટો છે. એ સિવાય નાના નાના

પહાડો ઘણા છે. **સ્કાટ્લાંદનો** ઉત્તર અને મધ્ય ભાગ પહાડી છે.

મુખ્ય નદીઓ—ट्वीद, फोर्थ, टे, द्दी, स्पे, नेस, क्लैद, અને निथ. એમાંની પહેલી છ નદીઓ **સ્કાટ્લાંદની** પૂર્વે સમુદ્રને મળેછે.

મુખ્ય સરોવરો—સુંદર સરોવરોને માટે **સ્કાટ્લાંદ** પ્રખ્યાત છે. સૌથી મોટું **સરોવર** લાક્ लोमोन्द છે. એ સિવાય લાક્ शिन, लाकू मारी, लाकू नेस, लाकू आबो, लाकू टे, વગેરે મોટાં સરોવર છે.

મુખ્ય દ્વીપો—ઉત્તરે आर्कनी અને શેટ્લાંદ, हेब्रिदीस, કે પશ્ચિમ द्वीप, વગેરે ઘણાક બેટ પશ્ચિમ કાંઠે છે.

મુખ્ય ભૂશિરો—दनेटहेद એ છેક ઉત્તર બિંદુ અને गालोवेनो मल એ છેક દક્ષિણ બિંદુ છે. એ સિવાય બીજી ઘણી છે.

મુખ્ય અખાતો—फोर्थ, टे, मोरे, क्लैद, सोल्वे, વગેરે અનેક અખાત કાંઠાપર છે.

મુખ્ય શહેરો—एदिनूबरो એ રાજધાની. ग्लासगो એ **સ્કાટ્લાંદમાં** મોટામાં મોટું નગર છે. એ સૂતરાઉ કાપડ તથા વહાણ, એનૂજિન વગેરે યંત્રો બનાવવાનાં કારખાનાંને માટે પ્રખ્યાત છે. आबर्दीन અને दंदीમાં સણનું કાપડ બનેછે. ग्रीनाक અને लीथ એ બે મોટાં બંદર છે. **આબર્દીન, એદિન્બરો, સેંત આંદ્રુસ,** અને **ગ્લાસગોમાં** યુનિવાર્સિટિઓ છે. पर्थ અને पेस्लीમાં ઘણી જાતનો માલ બનેછે. डंफ्रीझ, फाल्कर्क, स्टार्लिंग, વગેરે ઘણાંક મોટાં શહેર છે.

મુખ્ય નિકાસ—ઇંગ્લાંદ પ્રમાણે.

---

(૩) आयर्लांद.

એ મોટો દ્વીપ છે. अल्स्टर, लीन्स्टर, मन्स्टर, અને कोनोट એવા એના ચાર પ્રાંત કરેલાછે. એ પ્રાંતોનાં ૩૨ પરગણાં કરેલાંછે.

મુખ્ય પર્વતો—ઉત્તર અને પશ્ચિમ કાંઠાપર છે. ઉંચામાં ઉંચા પર્વત **કેરિ** પ્રાંતમાં છે. પૂર્વ કાંઠે मोर्न અને विक्लो પર્વત છે.

મુખ્ય નદીઓ—फोइल અને बान એ ઉત્તરે વહેછે. बाइन,

લિફી, અને સ્લેના એ આઇરિશ સમુદ્રને મળેછે. સુઅર અને લી એ દક્ષિણ તરફ સમુદ્રને મળેછે. આયર્લાંદમાં સૌથી મોટામાં મોટી નદી શાનન છે તે કેટલાંક સરોવરમાં થઈને પશ્ચિમ તરફ આટ્લાંટિક મહાસાગરને મળેછે.

મુખ્ય સરોવરો--निआ, अर्न, मास्क, कारिब, री, दर्ग, किलार्नी, ઇત્યાદિ.

મુખ્ય દ્વીપો—ઉત્તરે राथलिन, પશ્ચિમે क्लुरबेट, आरान, અને वालेन्शिआ, ઇત્યાદિ.

મુખ્ય ભૂશિરો--क्लीअर, એ આયર્લાંદની દક્ષિણે એક બેટમાં છે. मालिन हेद એ આયર્લાંદનું છેક ઉત્તર બિંદુ. પૂર્વમાં फेरहेद, ઈત્યાદિ.

મુખ્ય અખાત---डोनिगल, स्लैगो, गालूबे, बेलूफास्ट, फोइल, ઇત્યાદિ, બીજા ઘણા અખાત કાંઠાપર છે.

મુખ્ય શહેરો---રાજધાની डब्लिन, લિફી નદી ઉપર છે. એની પાસે किंग्सटाउन બંદર છે. દબ્લિનમાં એક યુનિવર્સિટિ છે. बेलूफास्टमां મણનું કાપડ સારૂં બનેછે. वाटर्फोर्ड, कार्क, અને તેની પાસે क्वीन्सटाउन, શાનન નદી ઉપર लिमरिक, અને लंदनदरी એ મોટાં શહેર છે.

આયર્લાંદ ખેતી અને ખનિજમાં ઇંગ્લાંદ અને સ્કાટ્લાંદની બરોબરી કરી શકતું નથી. પરંતુ શાકભાજીને માટે પ્રખ્યાત છે. ત્યાંની હવા એટલી તો અનુકૂળ છે અને વરસાદ એટલો બધો વરસેછે કે ત્યાંનાં ખેતરોમાં હમેશ લીલોતરી રહેછે. એ માટે એ દેશને કોઈ કોઈવાર લીલો ટાપુ કહેછે.

---

२. फ्रान्स.

એનાં ૮૭ પરગણાં કીધેલાંછે.

મુખ્ય પર્વતો—पिरीनीझ, ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે છે. आल्प्स ફ્રાન્સને ઇતાલિ તથા સ્વિત્ઝર્લાંદથી જુદો પાડેછે.

મુખ્ય નદીઓ—સીન એ ઇંગ્લિશ ચાનલને મળેછે. લુઓર અને ગારોન બિસ્કેના ઉપસાગરને મળેછે. ऱ्होन એ લૈઓન્સ અખાતને મળેછે.

મુખ્ય દ્વીપો—कार्सीका, हिरीस्र, अशन्ट, ઇત્યાદિ.

મુખ્ય ભૂશિરો—लाहोग અને बार्फ्लुर એ ફ્રાન્સની ઉત્તરે છે, ઈત્યાદિ.

મુખ્ય અખાતો તથા ઉપસાગરો—बिस्केनो ઉપસાગર એ ફ્રાન્સની પશ્ચિમે છે લૈઓન્સ અખાત એ ફ્રાન્સની દક્ષિણે છે.

મુખ્ય શહેરો—पारिस એ સીન નદી ઉપર છે. એ ફ્રાન્સની રાજધાની છે અને આખી દુનિયામાં સૌથી સુંદર શહેર છે. रूएन, लाइल, टूलुस, અને બીજાં ઘણાં શહેરો મોટાં છે અને વેપાર તથા કારખાનાંને માટે પ્રખ્યાત છે. शर्बर्ग અને ब्रेस्ट એ બે આટ્લાંટિક મહાસાગર ઉપર નૌકાસૈન્યનાં ઠેકાણાં છે. नान्ट्स એ લુઓર નદીને કાંઠે વેપારનું સ્થળ છે. ગારોન નદીને કાંઠે बोर्डो પણ વેપારનું સ્થળ છે. એમાં દ્રાક્ષનો દારૂ સારો થાયછે, અને બીજા દેશમાં ઘણો મોકલવામાં આવેછે. ભૂમધ્ય સમુદ્ર ઉપર मार्सेल्स અને तुलोन નામે બે મોટાં બંદર છે. ફ્રાન્સમાં બીજે નંબરે મોટામાં મોટું નગર लओन्स કરીને ऱ्होन અને સોન નદીઓના સંગમ ઉપર છે. એમાં રેશમી વણાટનાં કારખાનાં છે.

ફ્રાન્સના લોક ઘણા હોશિઆર અને ઉદ્યોગી છે. આખી દુનિયામાં અતિ રસાળ અને બળવાન દેશોમાં એ દેશ ગણાયછે. ફ્રેંચ કે ફ્રાન્સિસ લોક સઘળા હુનર અને વિદ્યામાં કુશળ છે.

મુખ્ય નિકાસ—દ્રાક્ષનો દારૂ, રેશમી, સણનું અને ઊનનું કાપડ, કોર, કાચ, મેવા, આભૂષણ, ઈત્યાદિ.

---

૩. સ્પેન.

સ્પેન અને **પોર્તુગાલ** એ **ફ્રાન્સની** દક્ષિણે દ્વીપકલ્પ છે. **સ્પેનના** ૪૯ પ્રાંત કરેલાછે.

મુખ્ય પર્વત—પિરીનીઝ ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે છે. એ સિવાય બીજા ઘણા પહાડ છે.

મુખ્ય નદીઓ—દૂરો, ટેગસ, અને બીજી નદીઓ આટ્લાંટિક મહાસાગરને મળેછે. ઇબ્રો ભૂમધ્ય સમુદ્રને મળેછે.

મુખ્ય દ્વીપો—બલીઆરી ટાપુઓ (માજોર્કા, મિનાર્કા, ઐવિઝા, અને ફ્યૂર્મેન્ટેરા) ભૂમધ્ય સમુદ્રમાં છે. આટ્લાંટિક મહાસાગરમાં કાનેરી ટાપુઓ છે.

સામુદ્રધુની—જિબ્રાલ્ટરની સામુદ્રધુની સ્પેન અને આફ્રિકાની વચ્ચે છે, ને તે આટ્લાંટિક મહાસાગરને અને ભૂમધ્ય સમુદ્રને જોડેછે.

મુખ્ય ભૂશિરો—ઓર્ટિગલ એ છેક ઉત્તર બિંદુ અને ફિનિસ્ટેર એ છેક પશ્ચિમ બિંદુ છે. દક્ષિણે ટ્રફાલગર, ક્રૂઝ એ સ્પેનનું છેક પૂર્વબિંદુ, અને ટરિફા એ સ્પેનનું અને યૂરોપનું છેક દક્ષિણ બિંદુ છે.

મુખ્ય શેહેરો—માદ્રિદ એ માંઝનરીઝ નદીને કાંઠે રાજધાની છે. ટોલીડો એ ટેગસ નદી ઉપર છે. સાલામાંકામાં એક યુનિવર્સિટિ છે. સારાગોસા એ ઇબ્રો નદીને કાંઠે છે. એ સિવાય સેવિલ અને ગ્રાનેડા એ બે મોટાં નગર છે. બાર્સીલોના, બાલેન્શિઆ, કેડિઝ, કોરન્ના વગેરે મોટાં બંદર છે. જિબ્રાલ્ટર એ જિબ્રાલ્ટરની સામુદ્રધુની ઉપર ઘણો મોટો કિલ્લો છે તે ઇંગ્રેજને તાબે છે.

સ્પેનના લોક આળસુ છે અને યૂરોપમાં તેમનો ઘણો ભારબોજ નથી. તેઓ સ્પાનિશ ભાષા બોલેછે.

મુખ્ય નિકાસ—ધાન્ય, ઘોડા, તલવારનાં પાનાં, ચામડાં, રેશમ, ઊન, દ્રાક્ષનો દારૂ, બદામ, નારંગી, અને બીજો મેવો. સ્પેનમાં ખનિજો પુષ્કળ છે.

---

૪. પોર્તુગાલ.

એમાં ૧૦ પ્રાંત છે.

મુખ્ય નદીઓ—દૂરો અને ટેગસ એ બંને આટ્લાંટિક મહા-

સાગરને મળેછે.

મુખ્ય દ્વીપો—આઝોર્સ, મદીરા, અને કેપવર્દ બેટ આટ્લાંટિક મહાસાગરમાં છે.

મુખ્ય ભૂશિર—સેંટવિન્સેંટ એ દક્ષિણે; સાંતામેરિયા એ પોર્તુગાલનું છેક દક્ષિણ બિંદુ છે. રોકા એ યૂરોપનું છેક પશ્ચિમ બિંદુ છે.

મુખ્ય શહેર—લિસ્બોન એ રાજધાની ટેગસ નદીના મુખ ઉપર છે. ઓપોર્ટો એ દૂરો નદી ઉપર છે. એમાં દ્રાક્ષનો દારૂ સારો થાયછે. કોઇંબ્રામાં યુનિવર્સિટિ છે.

પોર્તુગાલના પર્વતોમાંથી ખનિજ નીકળેછે. સ્પેનના લોકો કરતાં પોર્તુગાલના લોક* વધારે ઉદ્યોગી છે. તેઓ પોર્તુગીઝ ભાષા બોલેછે. તેમનાપર રાજાનો અમલ છે.

મુખ્ય નિકાસ—દ્રાક્ષનો દારૂ, ઊન, બદામ, નારંગી અને બીજો મેવો, રેશમી કાપડ, ઇત્યાદિ.

---

૯. બેલ્જિયમ.

એ ફ્રાન્સની ઈશાન કોણમાં નાનો દેશ છે. એમાં ૯ પ્રાંત છે.

મુખ્ય નદીઓ—મ્યુસ (અથવા મઉસ) અને શેલ્ટ એ બંને જર્મન સાગરને મળેછે.

મુખ્ય શહેરો—બ્રસેલ્સ એ સેન્ન નદીને કાંઠે કોર કે ફીત અને શેતરંજીના વણાટને માટે પ્રખ્યાત છે. આન્ટવર્પ એ શેલ્ટ નદી ઉપર વેપારનું સ્થળ છે. માલીન્સ (અથવા મેશલિન) એ કોર અને શણના કાપડને માટે પ્રખ્યાત છે. ઘેન્ટ એ લિસ અને શેલ્ટ નદીઓના સંગમ ઉપર છે તેમાં હુનરનાં કારખાનાં છે. લીએજમાં લુહારકામ તથા ઘડિઆળો બનેછે. મુખ્ય બંદર ઓસ્તેન્દ છે.

કોર, ફીત, અને બીજા સુંદર વણાટનાં કારખાનાંને માટે બેલ્જિયમ પ્રસિદ્ધ છે. એમાં કોયલા અને લોઢાની ખાણો પુષ્કળ છે.

---

* એ લોકને કેટલાક ફીરંગી કહેછે, પણ યરોપના સઘળા લોકને એશિઆમાં ફીરંગી કહેછે. ગૂ. ફ્રાં.

બેલ્જિયમમાં ખેતી સારી થાયછે. એ દેશની વસ્તી યૂરોપના બીજા દેશો કરતાં વધારે ઘાડી છે. લોકો અડધા ફ્રેંચ અને અડધા વલંદા છે. તેઓ ઉદ્યોગી અને હુનરમાં કુશળ છે. તેમનાપર રાજાનો અમલ છે.

---

૬. હોલાંદ અથવા નેધર્લાંદ.

એ નાનું રાજ્ય બેલ્જિયમની ઉત્તરે છે. હોલાંદનો રાજા બેલ્જિયમની દક્ષિણે અને ફ્રાન્સ તથા જર્મનિની વચ્ચે આવેલા લુક્સેમ્બર્ગ નામે પરગણાનો ઠાકોર પણ છે. હોલાંદના ૧૧ પ્રાંત કરેલાછે.

મુખ્ય નદીઓ—મ્યુસ (અથવા મઉસ), ર્‌હાઇન, અને શેલ્ટ એ ત્રણ જર્મન સમુદ્રને મળેછે.

મુખ્ય દ્વીપો—વાલ્કેરન, ટેક્સલ, અને બીજા ઘણાક ટાપુઓ દરિયા વડે જમીનથી જુદા પડેલાછે.

મુખ્ય નગરો—આમ્સ્ટર્દામ એ વાઈ નદી ઉપર રાજધાની છે, અને મોટા વેપારનું સ્થળ છે. રોટર્દામ મ્યુસ (અથવા મઉસ) નદી ઉપર વેપારની જગ્યા છે. વાયવ્ય કોણમાં હેગ નામે શહેર છે તેમાં સરકારી મુખ્ય કચેરી છે. હેગ પાસે લેડન છે. લેદન, યુટ્રેક્ટ અને ગ્રોનિંગન એ ત્રણ નગરીઓમાં યુનિવર્સિટિઓ છે.

હોલાંદ સપાટ દેશ છે. તેમાં ઘણા ઉપસાગર છે. ભરતીનું પાણી દેશપર ફરી વળતું અટકાવવાને વાસ્તે પાળ કે બાંધકામ કર્યાંછે. વેપારનો માલ વગેરે લઈ જવાને સારૂ ઘણી નહેરો ખોદેલીછે.

હોલાંદના રહેવાશીઓને આપણા લોક વલંદા કહેછે. ઇંગ્રેજીમાં તેમને ડચ કહેછે. તેઓ જર્મન ભાષાને કંઇક મળતી પોતાની જુદીજ ભાષા બોલેછે. તેઓ ઉદ્યોગી અને હોશિઆર છે. તેઓ બાગબગીચા તથા ખેતીનાં કામમાં કુશળ છે, અને બહાદુર વહાણવટીઓ છે.

વલંદા અને બેલ્જિયમના લોક બારીક * હુનરમાં, તેમાં વિશેષે

* કેટલાક કીસબમાં ઝીણી ને સુંદર કારીગરી છે, જેમ કે નકસી કોતરવાનું, છબી ચીતરવાનું, ગાયન વગેરે, તેવાને બારીક હુનર કહેછે. ગૂ. ટ્રાં.

કરીને ચિત્રવિદ્યામાં ચઢીઆતા છે. સઘળા હુનર અને યંત્રશાસ્ત્રમાં તેઓ કુશળ છે.

મુખ્ય નિકાસ—ઢોર અને દરિયાઈ માછલી. માછલાં પકડવાને સારૂ વલંદા લોક વહાણો લઈ સમુદ્ર ફરેછે.

---

૭. जर्मनि.

એની પૂર્વે રૂશિઆ, અગ્નિકોણમાં અને દક્ષિણે આસ્ટ્રિયા અને સ્વિત્ઝર્લાંદ, પશ્ચિમે ફ્રાન્સ, બેલ્જિયમ, અને હોલાંદ, અને ઉત્તરે ઉત્તર સમુદ્ર, જેનું બીજું નામ જર્મન સાગર છે તે, દેન્માર્ક, અને બાલ્ટિક સમુદ્ર છે.

જર્મનિમાં ઘણાં રાજ્યો છે, તેઓ એક બીજાં જોડે સામાન્ય હિતથી બંધાયલાંછે. એમાં સર્વથી મોટું રાજ્ય પ્રુશિઆનું છે. હાલ પ્રુશિઆના મહારાજને જર્મનિના બીજા રાજાઓએ પોતાનો ઉપરી એટલે મહારાજાધિરાજ નીમ્યોછે.

જર્મનીમાં મોટાં ચાર સંસ્થાનો નીચે પ્રમાણે છે.—

मोटां राज्य.	मुख्य शहेर.
प्रुशिआ.	बर्लिन.
साक्सनि.	ड्रेस्दन.
बावेरिआ.	म्युनिच.
वर्टेम्बर्ग.	स्टटगार्ट.

એ ચાર સંસ્થાનોના અધિપતિ મહારાજ કહેવાયછે.

એ ચાર મોટાં રાજ્યો ઉપરાંત બીજાં નાનાં ૧૯ સંસ્થાનો અને ત્રણ સ્વતંત્ર શહેરો છે. આલ્સેસ અને લુરેન પ્રાંતો ફ્રાન્સ પાસેથી હાલમાં જીતી લીધાછે.

જર્મનિ ઘણું કરીને અતિ વિસ્તીર્ણ સપાટ દેશ છે, પરંતુ દક્ષિણે અને પશ્ચિમે પર્વતોની હાર આવેલીછે, તથા એ દેશનાં વર્ટેમ્બર્ગ, અને બાવેરિઆ સંસ્થાનો આલ્પ્સપર્વતની શાખાઓની લગોલગ છે.

મુખ્ય નદીઓ—विस्टुला અને ओदर એ બંને બાલ્ટિક સમુ-

દ્રને મળેછે. एल्ब, वीसर, અને र्‍हाइन એ ત્રણ નદીઓ ઉત્તર સમુદ્ર (જર્મન સાગર) ને મળેછે. મોટી दान्युब નદી જર્મનિની દક્ષિણે વર્ટેમ્બર્ગ અને બાવેરિઆ સંસ્થાનોમાં થઈ આસ્ત્રિઆમાં જાયછે.

જર્મનિના તાબામાં મોટામાં મોટો બેટ रूगेन બાલ્ટિક સમુદ્રમાં છે.

મુખ્ય શહેરો—डानूटझिग, **विस्टुला** નદીના મુખ આગળ છે. એ અનાજના વેપારનું મોટું ઠેકાણું છે. ब्रेस्ला, फ्रान्कफोर्ट, અને स्टेटिन ઓદર નદી ઉપર. बर्लिन, સ્પ્રી નદીને કાંઠે જર્મનીની રાજધાની છે, અને એમાં યુનિવાર્સિટિ છે. ड्रेस्दन, સાક્સનિની રાજધાની છે; मागडीबर्ग એ મજબૂત કિલ્લો છે; એ બંને એલ્બ નદીને કાંઠે છે; हामबर्ग એલ્બ નદી ઉપર; એ સ્વતંત્ર શહેર જર્મનિમાં મોટા વેપારનું ઠેકાણું છે. आल्टोना એલ્બ નદીને કાંઠે. ब्रेमेन વીસર નદીને કાંઠે સ્વતંત્ર શહેર છે. फ्रान्कफोर्ट મેઈન નદીને કાંઠે. स्ट्रास्बर्ग અને कोलोन र्‍हाइन નદી ઉપર. मेट्झ મોઝેલ નદી ઉપર. એ સિવાય लीपझिक, સાલ નદીને કાંઠે हाल, गोटिंगन, અને म्युनिच (બાવેરિઆની રાજધાની) એ ચાર શહેરોમાં યુનિવર્સિટિઓ છે. कील; ल्युबेक એ સ્વતંત્ર શહેર ટ્રેવ નદીને કાંઠે છે; स्ट्रालसेन्द; અને कोनिग्सबर्ग એ ચારે બાલ્ટિક સમુદ્રને કાંઠે કે કાંઠાપાસે મોટાં બંદર છે.

જર્મનિની ભૂમિ ઘણું કરી રસાળ છે, અને તેમાંથી ખનિજો પુષ્કળ નીકળેછે. લોકો ઉદ્યોગી, હુનર તથા લડાઇના કામમાં પ્રસિદ્ધ છે. એ માટે યૂરોપખંડમાંનાં અતિ બળવાન રાજ્યોમાંનું એક રાજ્ય જર્મનિ છે.

મુખ્ય નિકાસ—સણ, ઊન, ઇમારતી લાકડું, ધાન્ય, તમાકુ, જસત, મદિરા, મીઠું, કેરોસેન તેલ, અને ઢોર. પ્રુશિઆને કિનારે અમ્બર જડેછે. જર્મનિમાં અનેક જાતનો કીમતી માલ પુષ્કળ બનેછે, તેમાં વિશેષે કરીને સણનાં અને ઊનનાં અને હીરાગળ કાપડ, યંત્રો, ચીનાઈ વાસણ, રમકડાં, સુગંધીમય પદાર્થો, વાજિંત્રો અને વિદ્યાને ઉપયોગનાં યંત્રો.

૮. डेन्मार्क.

डेन्मार्क નાનો દેશ છે. એ દેશ બાલ્ટિક સમુદ્ર અને ઉત્તર સમુદ્રની વચ્ચે જર્મનિમાંથી ફૂટેલા દ્વીપકલ્પનો ઉત્તર ભાગ (જતૂલાંદ) તથા કેટલાક ટાપુઓ મળીને થયેલોછે.

મુખ્ય દ્વીપો--झीलांद, फ्युनेन, लालांद, ઇત્યાદિ. **આટ્લાંટિક** મહાસાગરમાં ગ્રીનલાંદની પૂર્વે ऐसलांद કરીને બેટ છે તેમાં हेकूला નામે જ્વાળામુખી પર્વત છે. ઐસલાંદની દક્ષિણે फेरो બેટ છે.

મુખ્ય સામુદ્રધુનિઓ—सौन्द, એ **સ્વીદન** અને **ઝીલાન્દની** વચ્ચે છે. ग्रेटबेल्ट એ ઝીલાંદ અને **ફ્યુનેન** બેટોની વચ્ચે છે. लिटलबेल्ट એ **ફ્યુનેન** અને **જર્મનિમાં** **સ્લેસ્વિગની** વચ્ચે છે. काटीगाट એ **જતૂલાંદ** અને **સ્વીદનની** વચ્ચે છે. स्कागराक એ **જતૂલાંદ** અને **નાર્વેની** વચ્ચે છે.

મુખ્ય અખાત--लिम्फयोर्द જતૂલાંદમાં છે.

મુખ્ય શહેર--कोपन्हेगन, એ રાજધાની **ઝીલાંદ** બેટમાં છે. एलूसिनोर પણ **ઝીલાંદ**માં છે.

દેન લોક **સ્વિદ** અને **નાર્વેના** રહેવાશીઓને મળતા છે, અને તેમની ભાષા **નાર્વે** અને **સ્વીદન**ની ભાષાને મળતી છે. તેમના પર રાજાનો અમલ છે. તેઓ ઉદ્યોગી અને હોશિઆર છે, તથા કુશળ વહાણવટી છે.

મુખ્ય નિકાસ—ઢોર અને ધાન્ય.

---

૯. स्वीदन અને नार्वे.

સ્વીદન અને **નાર્વેને** કોઈ કોઈ વાર स्कांदिनेविआ કહેછે. એ બંને દેશો મળી દ્વીપકલ્પ થયેલોછે, તેની ઉત્તરે **ઉત્તર મહાસાગર**, પશ્ચિમે **આટ્લાંટિક** મહાસાગર અને ઉત્તર સમુદ્ર, દક્ષિણે **સ્કાગરાક**, **કાટીગાટ**, અને **સૌંદની** સામુદ્રધુની, અને પૂર્વે **બાલ્ટિક સમુદ્ર**, **બોથનિઆ** અખાત, અને **ફિનૂલાંદ** છે.

એ બંને દેશો મળી એક રાજ્ય થયેલુંછે.

સ્વીદન.

એ દેશ નાર્વેની પૂર્વે છે અને તેનાથી મોટો છે. એના ત્રણ પ્રાંતો કરેલાછે.

મુખ્ય શાહેર—સ્ટાકહોમ, એ રાજધાની, મીલર સરોવર અને બાલ્તિક સમુદ્રના સંગમ ઉપર; સ્ટાકહોમની ઉત્તરે અપ્સલા; એમાં યુનિવર્સિટિ છે; ગોટબર્ગ એ સ્ટાકહોમથી ઊતરતું વેપારનું મથક છે; અને કાર્લસ્ક્રોના એ સ્વીદ નૌકાસૈન્યનું સ્થળ છે.

મુખ્ય સરોવરો—વેનર, વેટર, અને મીલર.

મુખ્ય ટાપુઓ—ગાથલાંદ અને ઓલાંદ.

નાર્વે.

એના છ પ્રાંત કરેલાછે.

એ દેશ પહાડી છે. એ પર્વતો ઉત્તર દક્ષિણ આવેલાછે. ઉત્તર ભણીના ડુંગરોને કોલન પર્વત કહેછે, તે એની અને સ્વીદનની વચ્ચે છે.

મુખ્ય દ્વીપ—માજીરો અને લોફોદન સમૂહ; આખો કાંઠો નાના નાના બેટથી ભરપૂર છે અને અખાત તથા ઉપસાગરથી ખંડિત થયેલોછે.

સ્વીદનની પેઠે નાર્વેમાં પણ ઘણાં સરોવર છે, પરંતુ તેમાંનાં ઘણાંખરાં સ્વીદનનાં સરોવર કરતાં નાનાં છે.

મુખ્ય ભૂશિરો—નોર્દકિન એ યૂરોપખંડનું છેક ઉત્તર બિંદુ છે. ઉત્તર ભૂશિર એ ઉત્તરે અને નેઝ દક્ષિણે છે.

મુખ્ય શાહેરો—ક્રિસ્તિઆના એ રાજધાની છે. બર્ગન એ વેપારનું સ્થળ છે. નાર્વેની ઉત્તરે હામર્ફેસ્ટ નામે શહેર યૂરોપખંડમાં સર્વેથી ઉત્તરમાં છે. એમાં ઊનાળામાં બે માસ સૂધી સૂર્ય આથમતોજ નથી.

એ બંને દેશોના લોકો ઉદ્યોગી અને હોશિઆર છે તથા દેન લોકની પેઠે કુશળ વહાણવટી છે.

સ્વીદન તથા નાર્વેનો મુખ્ય નિકાસ—લોઢું, ખૂનદાણા, રૂપું, ધાન્ય, ઇમારતી લાકડું, ઇત્યાદિ. **સ્વીદન**ની લોઢાની ખાણો આખી દુનિયામાં અતિ પ્રસિદ્ધ છે.

---

૧૦. યુરોપી રુશિઆ.

એની ઉત્તરે ઉત્તર મહાસાગર અને **નાર્વે**, પશ્ચિમે **બોથનિઆ** અખાત, **બાલ્ટિક** સમુદ્ર, **પ્રુશિઆ**, **આસ્ત્રિઆ** અને **મોલ્દવિઆ**, દક્ષિણે **કાળો** સમુદ્ર અને **કૉકેસસ** પર્વત, અને પૂર્વે **કાસ્પિઅન** સમુદ્ર, **યૂરલ** નદી અને **યૂરલ** પર્વત છે.

કાસ્પિઅન સમુદ્ર, **યૂરલ** નદી અને **યૂરલ** પર્વતની પૂર્વે એશિઆઈ રૂશિઆના પ્રાંતો છે, તેમનું વર્ણન પાછળ કરી ગયા છીએ. **કૉકેસસ** પર્વતની દક્ષિણના રૂશિઆના પ્રાંતનું વર્ણન પણ પાછળ કરેલુંછે. યૂરોપી રૂશિઆના ૫૩ પ્રાંતો છે, તેમાં **ફિન્લાંદ**, અને **પોલાંડ** નામે પહેલાં સ્વતંત્ર રાજ્ય હતું તે આવેલાછે.

મુખ્ય પર્વત—કાકેસસ, એ યૂરોપમાં ઊંચામાં ઊંચા પર્વત છે, અને યૂરલ પર્વત.

મુખ્ય નદીઓ—દ્વીના એ શ્વેત સમુદ્રને મળેછે. **વિશ્ચુલા** (વિસ્ટુલા) એ રૂશિઆમાં ને પ્રુશિઆમાં વહી **બાલ્ટિક** સમુદ્રને મળેછે. નિપર એ **કાળા** સમુદ્રને મળેછે. ડોન એ **આઝોફ** સમુદ્રને મળેછે. **વોલ્ગા** અને **યૂરલ** એ બંને નદીઓ **કાસ્પિઅન** સમુદ્રને મળેછે.

મુખ્ય દ્વીપ—સ્પિટ્ઝ્બર્ગન અને નોવાઝેમ્બ્લા, એ ઉત્તર મહાસાગરમાં છે.

મુખ્ય સરોવરો—લાદોગા, ઓનીગા, ઇલ્મેન્ ઇત્યાદિ. યુરોપમાં મોટામાં મોટું મીઠા પાણીનું સરોવર **લાદોગા** છે; અને **કાસ્પિઅન** સમુદ્ર આખી દુનિયામાં મોટામાં મોટું ખારા પાણીનું સરોવર છે. યુરોપી રૂશિઆ અને એશિઆઈ રૂશિઆથી લગભગ એની હદ થયેલીછે.

મુખ્ય સામુદ્રધુની—કર્ટ્ચ એ **આઝોફ** સમુદ્ર અને **કાળા** સમુદ્રને જોડેછે.

મુખ્ય અખાતો અને ઉપસાગરો—आर्खेंजल અને ઓનીગા નામે ઉપસાગર **શ્વેત** સમુદ્રમાં છે. बोथूनिआ, फिन्लांद, અને રૈગા અખાતો બાલ્ટિક સમુદ્રમાં છે. પેરીકાપઅખાત **ક્રિમીઆ** અને રૂશિઆની વચ્ચે છે.

મુખ્ય શહેરો—સૈંતપીતર્સબર્ગ, એ હાલની રાજધાની **નીવા** નદી ઉપર છે. એ શહેર સને ૧૭૦૩ માં મહાન **પીતરે** વસાવ્યું. એની પાસે તથા **નીવા** નદીઉપર ક્રોન્સ્ટાટ નામે મજબૂત કિલ્લો છે. વસ્તીમાં **સૈંતપીતર્સબર્ગ**થી ઊતરતું મોસ્કો શહેર **મોસ્કવા** નદી ઉપર છે. એ રૂશિઆની જૂની રાજધાની છે. वार्सा એ **પોલાંદ**ની રાજધાની **વિશ્ચુલા** નદી ઉપર છે. રૈગા, એ **દ્વીના** નદીઉપર મોટું બંદર છે. ત્યાં એ નદી રૈગા અખાતને મળેછે. आर्खेंजल **દ્વીના** નદી ઉપર બંદર છે. ત્યાં એ નદી **શ્વેત** સમુદ્રને મળેછે. आस्त्राखान, એ **વોલ્ગા** નદી ઉપર બંદર છે. ત્યાં એ નદી **કાસ્પિ** સમુદ્રને મળેછે. ઓદેસ્સા એ **કાળા** સમુદ્રના કાંઠા ઉપર બંદર છે; અને सेबास्तपोल એ **ક્રિમીઆ** દ્વીપકલ્પને કાંઠે નૌકાસૈન્યનું સ્થળ છે.

રૂશ લોક **યૂરોપ**ની બીજી પ્રજા જેટલા સુધરેલા નથી. રાજ્યના મોટા વિસ્તાર અને બળે કરીને તે **યૂરોપ**નાં અતિ બળવાન કે મુખ્ય રાજ્યોમાં ગણાયછે. એ દેશ ઉપર અધિકાર ચલાવનાર પાદશાહને **ઝાર** કહેછે, અને એની ઈચ્છા પ્રમાણે ધારા બાંધવા વગેરેનું સઘળું કામ ચાલેછે. રૂશલોકની પુષ્કળ જાતો છે, તેમાંની ઘણીક સ્લાવ છે; ઉત્તરે અને દક્ષિણે મુગલ કે તાતાર લોક વસેછે. રૂશ રાજ્યમાં ઘણીક ભાષાઓ બોલાયછે, પરંતુ સાધારણ ભાષા રૂશ છે.

મુખ્ય નિકાસ—ધાન્ય, સણ, ભીંડી, ઇમારતી લાકડું, ચરબી, તેલ, ઊન, ચામડાં, સલોમચર્મ(રૂવાંટીવાળાં ચામડાં), ભરત ભરવાનું લૂગડું, દોરડાં, ડામર, પારદર્શક સરેસ, ઇત્યાદિ. રૂશિઆમાં ખેતી અને ચારો સારો થાયછે. **યૂરલ** પર્વતમાં ધાતુની સારી ખાણો છે. હાલમાં હુનર દાખલ થતા જાયછે.

૧૧. आस्त्रिआ અને हंगारि.

આસ્ત્રિઆ અને હુંગરિ એ બંને દેશો મળીને મોટું બળવાન રાજ્ય થયેલુંછે. તેનો અધિપતિ આસ્ત્રિઆનો મહારાજાધિરાજ અને હુંગરિનો મહારાજ કહેવાવછે. આસ્ત્રિઆની પૂર્વે હુંગરિ છે. એ બંને દેશોની ઉત્તરે રૂશિઆ અને જર્મનિ, પશ્ચિમે જર્મનિ, સ્વિત્ઝર્લાંદ અને ઇતાલિ, દક્ષિણે ઇતાલિ, આદ્રિઆતિક સમુદ્ર અને તુર્કસ્તાન, અને પૂર્વે તુર્કસ્તાન અને રૂશિઆ છે.

આસ્ત્રિઆના રાજ્યના ૧૭ પ્રાંતો કરેલાછે, તેમાં પોલાંદના જૂના રાજ્યના તાબાના બે પ્રાંતો આવેલાછે. હુંગરિના રાજ્યના પાંચ પ્રાંતો કરેલાછે.

એ દેશ ઘણોજ પહાડી છે. પશ્ચિમે અને દક્ષિણે आल्प्स પર્વત, અને હુંગરિની લગભગ બે બાજૂએ कार्पेथिअन પર્વત એ મુખ્ય છે.

મુખ્ય નદીઓ—दान्युब એ જર્મનિમાંથી નીકળી આસ્ત્રિઆમાં જાયછે. इन्न, द्रुव, थीस, ત્રેવ, ઇત્યાદિ નદીઓ દાન્યુબને મળેછે.

મુખ્ય સરોવર—बालेटनसी, न्यूसीडलरसी, ઇત્યાદિ.

મુખ્ય શહેર—विएना, એ સુંદર રાજધાની દાન્યુબ નદી ઉપર છે. અને પ્રેસ્बर्ग, ब्युडा (અથવા ઓફેન), અને પેस्थ પણ દાન્યુબ નદી ઉપર છે. પેस्थ એ હુંગરિના રાજધાની છે. प्रेग એ બોહીમિઆ પ્રાંતની રાજધાની છે. इन्स्ब्रुक એ તિરલ પ્રાંતમાં યુનિવર્સિટિને માટે પ્રસિદ્ધ છે. त्रिएस्त એ આદ્રિઆટિક સમુદ્રને કિનારે મોટું બંદર છે. डेबेक्जिन એ હુંગરિમાં હુબરી માલને માટે પ્રખ્યાત છે.

આસ્ત્રિઆના રાજ્યમાં જર્મનોના હાથમાં રાજ્યસત્તા છે, અને હુંગરિમાં મુગલ જાતના મગિઆર લોકના હાથમાં મુખ્ય રાજ્યસત્તા છે. પરંતુ આસ્ત્રિયા અને હુંગરિમાં સ્કલેવોનિઅન લોકની વસ્તી પુષ્કળ છે. નૈરૃત્ય કોણમાં ઇતાલિઅન જાતના લોકની અને અગ્નિ કોણમાં ગ્રીક વગેરેની વસ્તી પુષ્કળ છે.

મુખ્ય નિકાસ—ધાન્ય, સણ, ધાતુ, ઓલીવનું તેલ, મેવો, દ્રાક્ષનો દારૂ, લાકડાં, ઊન, લોઢાનો સામાન, હથિઆર, યંત્રો, વગેરે.

આસ્ત્રિઆ અને હુંગરિની ભૂમિ રસાળ છે અને તેમાં સઘળી જાતના ધાતુઓની મોટી ખાણો છે.

---

૧૨. સ્વિત્ઝ્ર્લાંદ.

એ નાનો દેશ છે. એની ઉત્તરે અને પૂર્વે જર્મનિ અને આસ્ત્રિઆ, દક્ષિણે ઇતાલિ અને પશ્ચિમે ફ્રાન્સ છે.

એના ૨૨ ભાગ કરેલાછે.

યૂરોપના સઘળા દેશો કરતાં એ દેશ વધારે પહાડી છે. એમાં આલ્પ્સ પર્વતની ત્રણ મોટી હાર છે. આલ્પ્સ પર્વતનું મોંબ્લાં નામે ઊંચામાં ઊંચું શિખર ફ્રાન્સમાં છે. ત્યાં ફ્રાન્સ, સ્વિત્ઝર્લાંદ, અને ઇતાલિની સરહદો મળેછે.

મુખ્ય નદીઓ—ર્હાઇનઅનેર્હોન. પરંતુયૂરોપ ખંડમાં સ્વિત્ઝર્લાંદ મોટો જળક્ષેત્ર પ્રદેશ છે, અને ર્હાઇન તથા ર્હોન સિવાય સ્વિસ આલ્પ્સનું બરફ ઓગળવાથી દાન્યુબ અને પો નદીઓને પાણી મળેછે.

મુખ્ય સરોવરો—કોન્સ્ટન્સ, એની પાસે થઈને ર્હાઈન નદી વહેછે; જિનીવા, એની પાસે થઈને ર્હોન નદી વહેછે. એ સિવાય બીજાં સુંદર સરોવરો ઘણાં છે.

મુખ્ય શહેરો—જિનીવા એ ર્હોન નદીઉપર છે. આંહિ એ નદી જિનીવાસરોવરમાંથી નીકળેછે. એ શહેરમાં ઘડિઆળ અને ઘરેણાં સારાં બનેછે. બેસલ (બાસ્લી અથવા બાલ) એ ર્હાઈન નદી ઉપર છે. એ રેશમના વેપારને માટે પ્રસિદ્ધ છે. બર્ન એ આર નદી ઉપર રાજધાની છે. ઝુરિચમાં યુનિવર્સિટિ છે.

ઘણાખરા સ્વિસ લોક જર્મન કુળના છે, પરંતુ ઘણાક ફ્રેંચ અને કેટલાક ઇતાલિઅન છે. લોકો હોશિઆર અને ઉદ્યોગી છે.

એ દેશમાં મુખ્યત્વે ખેતી સારી થાયછે, પરંતુ કેટલોક હુનરી માલ પણ થાયછે.

મુખ્ય નિકાસ—રેશમ, ઘડિઆળ, અલંકાર, ભરતકામ, ઢોર, ઈમારતી લાકડું, ઈત્યાદિ.

---

૧૩. इतालि.

ઇતાલિ દ્વીપકલ્પની આકૃતિ મનુષ્યના પગ જેવી છે. એની ઉત્તરે આલ્પ્સ પર્વત છે તે આસ્ત્રિઆ અને સ્વિતૂઝર્લાંદથી એને જુદો પાડેછે; પશ્ચિમે ફ્રાન્સ અને ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર, અને પૂર્વે આદ્રિઆટિક સમુદ્ર, તથા આસ્ત્રિઆ છે.

એ દેશ ઉપર રાજાનો અમલ છે અને હાલમાં એના ૬૯ પ્રાંતો કરેલાછે.

મુખ્ય પર્વતો—ઉત્તરે आल्प्स; आपीनैन्स, એ ઇતાલિની દક્ષિણોત્તર આવેલાછે. નેપલ્સની પાસે विसुवियस અને સિસિલિમાં एटूना એ બે જ્વાળામુખી પર્વત છે.

મુખ્ય નદીઓ—पो અને आदिज, એ બંને આદ્રિઆતિક સમુદ્રને મળેછે. आर्नो અને तैब्रर એ બંને ભૂમધ્ય સમુદ્રને મળેછે.

મુખ્યદ્વીપો—सिसिलि, એ બેટ ઇતાલિની દક્ષિણે ત્રિકોણાકારે છે; ભૂમધ્ય સમુદ્રમાં એ મોટામાં મોટો બેટ છે. सार्दिनिआ, एल्बा, ઈત્યાદિ. સિસિલિની દક્ષિણે माल्ता અને गोझो ઇંગ્રેજના તાબામાં છે.

મુખ્ય સરોવરો—गार्दा, कोमो, અને माजिओरी. એ સિવાય બીજાં ઘણાં સુંદર સરોવરો છે.

મુખ્ય ભૂશિરો—स्पार्तिवेन्तो, ઇતાલિની દક્ષિણે; पास्सारो, સિસિલિની દક્ષિણે.

મુખ્ય સામુદ્રધુની—ओत्रान्तो ઇતાલિ અને તુર્કસ્તાનની વચ્ચે છે. मेसिनाની સામુદ્રધુની ઇતાલિ અને સિસિલિની વચ્ચે છે. बोनिफेशिओनी સામુદ્રધુની સાર્દિનિઆ અને કોર્સિકાની વચ્ચે છે.

મુખ્ય અખાત—वेनिस અખાત, तारन्तो અખાત, અને जीनोआ અખાત.

મુખ્ય શહેરો—रोम, એ રાજધાની તૈબર નદીને કાંઠે છે. આખી દુનિયામાં પ્રસિદ્ધિને પામેલાં શહેરોમાંનું એ એક છે. ઈ. સ. પૂર્વે ૭૫૩ માં એ શહેર વસ્યું. રોમન કાથલિક ધર્મનો અધ્યક્ષ જે પોપ તેનો મુકામ એમાં છે.

ઈતાલિમાં મોટામાં મોટું શહેર नेपल्स ભૂમધ્ય સમુદ્રને કાંઠે છે. બીજાં મોટાં શહેરોમાં मिलान प्राचीन લાંબાર્ડ પ્રાંતની રાજધાની છે; पालर्मो એ सिसिलि બેટની ઉત્તરે सिसिलिની રાજધાની છે; ट्युनिस એ पो નદીને કાંઠે प्राचीन पीदमोंत प्रांतની રાજધાની છે. फ्लोरेन्स, આર્નો નદી ઉપર तस्कनि પ્રાંતની રાજધાની છે. लगूहोर्न એ બંદર છે; जीनोआ, એ એજ નામે અખાત ઉપર બંદર છે; અને वेनिस એ આદ્રિઆતિક સમુદ્ર ઉપર બંદર છે. વળી पादुआमां યુનિવર્સિટિ છે. बोलोना; पार्मा; मेसिना; सानमरिनो એ સ્વતંત્ર શહેર છે; ब्रिन्दिसि એ બંદર છે; ઈત્યાદિ બીજાં મોટાં શહેરો છે.

લોકની ભાષા ઈતાલિઅન છે તે ફ્રેંચ, સ્પાનિશ, અને પોર્તુગીઝ ભાષાઓને મળતી છે. એ સર્વે ભાષાઓ લાતિન ભાષામાંથી નીકળેલી છે. લોક હોશિઆર, પરંતુ આળસુ અને નિર્ધન છે. વિદ્યા તથા ગાયનાદિક કળાઓમાં કુશળતાને માટે તેઓ પ્રસિદ્ધ છે. તેમનો મુખ્ય ઉદ્યમ ખેતી છે; અને નિકાસમાં મેવો, તેલ, દારૂ, રેશમ, સણ, રસાયની પદાર્થો, ગંધક, આરસ, ઈત્યાદિ છે.

---

१४. यूरोपी तुर्कस्तान.*

એની ઉત્તરે આસ્ત્રિઆ અને હંગરિ, તથા રૂશિઆ, પશ્ચિમે આસ્ત્રિઆ, આદ્રિઆતિક સમુદ્ર, અને ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે ગ્રીસ, અને પૂર્વે આર્કિપેલગો, મામોરા સમુદ્ર, અને કાળોસમુદ્ર છે.

એ દેશ ઉપર રાજ કરનાર મુસલમાન રાજાને સુલતાન કહે છે. એના ૮ ભાગ કે રાજ્ય કરેલાં છે. વળી દાન્યુબ નદીની દક્ષિણે रोमानिआ, રોમાનિઆની નૈરૂત્ય કોણમાં सर्विआ, અને સર્વિઆની દક્ષિણે मोंतीनीग्रो એ ત્રણ સંસ્થાન લગભગ સ્વતંત્ર છે.

એમાં પર્વતો ઘણા છે. તેઓમાં મુખ્ય कार्पेथिअन પર્વત પશ્ચિમે તુર્કસ્તાન અને હંગરિને જુદા પાડે છે. પૂર્વ પશ્ચિમ આવેલા बाल्कन

---

* સને ૧૮૭૮ માં આ રાજ્યને રૂશિઆએ લડાઈમાં હરાવી તોડી પાડ્યું છે. એના કેટલાક પ્રાંતો એ રાજ્યમાંથી નીકળી ગયા છે. પરંતુ તેઓની મર્યાદા હજી પુસ્તકોમાં પ્રસિદ્ધ થઈ નથી માટે આ પાઠમાં ફેરફાર કર્યા નથી. પરંતુ આ પ્રમાણે રાજ્યમાં ભંગાણ પડ્યું છે એ બીના નિશાળીઆને જણાવવી.

પહાડ તુર્કસ્તાનની મધ્ય ભાગે પડેલાછે; અને તુર્કસ્તાનની દક્ષિણે અને પશ્ચિમે પર્વતોની હાર છે તે આલ્પ્સથી ગ્રીસ સૂધી ગયેલી-છે. એ છેલ્લી હારનું ઊંચામાં ઊંચું શિખર ઓલિમ્પસ પર્વત છે.

મુખ્ય નદીઓ—દાન્યુબ, એ નદી આસ્ત્રિઆ અને હુંગરિ-માં થઇને તુર્કસ્તાનમાં વહી કાળા સમુદ્રને મળેછે. સેવ અને પ્રૂથ એ બે દાન્યુબને મળનારી નદીઓ છે.

મુખ્ય દ્વીપો—ક્રીત (અથવા કાંદિઆ) અને લેમૂનોસ; એ સિવાય બીજા નાના નાના બેટ ઘણા છે.

મુખ્ય સામુદ્રધુનીઓ—દાર્દનલ્સ (અથવા હેલેસ્પોંટ) એ આર્કિપેલેગો અને માર્મોરા સમુદ્રને જોડેછે; અને બાસૂફરસ મા-ર્મોરા સમુદ્ર અને કાળા સમુદ્રને જોડેછે.

મુખ્ય અખાત—સાલોનિકિ. વળી બીજા નાના નાના અ-ખાતો ઘણા છે.

મુખ્ય નગરો—કોન્સ્તાન્તિનોપલ કે ઇસ્તંબૂલ એ રાજધાની ઈ. સ. ૩૩૦માં કોન્સ્તન્તૈન પાદશાહે બાસ્ફરસની સામુદ્રધુની ઉપર વસાવી. આદ્રિઆનોપલ, એ વેપારનું સ્થળ છે; બુચરેસ્ત એ રોમાનિઆ પ્રાં-તની રાજધાની છે; બેલ્ગ્રેદ એ સેવ અને દાન્યુબ નદીઓના સંગમ ઉપર સર્વિઆ પ્રાંતની રાજધાની છે; સોલોનિકિ, એ એજ નામે અખાત ઉપર બંદર છે; અને ગાલિપોલિ એ દાર્દનલ્સ ઉપર બંદર છે.

રાજ્યની મુખ્ય સત્તા તુર્કના હાથમાં છે, પરંતુ વધારેમાં વધારે વસ્તી સ્કલેવોનિઅન લોકની છે. વળી લાતિન કે ગ્રીક કુળના લોક ઝાઝા છે.

એ દેશની ભૂમિ રસાળ છે, અને તેમાં ધાતુઓની ખાણો પુ-ષ્કળ છે. પરંતુ રાજ્યવ્યવસ્થા સારી નથી અને લોકો નિર્ધન અને નિરૂત્સાહી છે.

મુખ્ય નિકાસ—ધાન્ય, ઊન, મેવો, ગુલાબનું અત્તર, રેશમ, ચામડાં, ઈમારતી લાકડું, મીઠું, તમાકુ, ઈત્યાદિ.

---

૧૯. ગ્રીસ.

એ **તુર્કસ્તાનની** દક્ષિણે છે. **ગ્રીસ** અને **તુર્કસ્તાન** મળીને લગભગ દ્વીપકલ્પ થયેલો છે. પશ્ચિમે અને દક્ષિણે **ભૂમધ્ય** સમુદ્ર અને પૂર્વે **આર્કિપેલેગો** છે. એના ત્રણ ભાગ છે, ઉત્તર ગ્રીસ, મોરિઆ દ્વીપકલ્પ, અને દ્વીપો. એ દેશ પહાડી છે. ઉંચામાં ઉંચો પર્વત પારનાસસ છે.

મુખ્ય દ્વીપો—આયોનિયન બેટનો સમૂહ એ **ગ્રીસ** અને **તુર્કસ્તાનની** પશ્ચિમે છે. નીગ્રોપાંટ અને સૈંક્રુદીસ **ગ્રીસની** પૂર્વે છે.

મુખ્ય ભૂશિર—માતાપાન **મોરીઆની** દક્ષિણે છે.

મુખ્ય સંયોગીભૂમિ—કોરિંથની સંયોગીભૂમિ એ ઉત્તર **ગ્રીસ** અને **મોરીઆને** જોડે છે.

મુખ્ય અખાતો—પત્રાસ તથા લીપાંતો (કોરિંથ) એ બંને ઉત્તર **ગ્રીસ** અને **મોરીઆની** વચ્ચે છે. ઈજિના એ **આથન્સ** અને **મોરીઆની** વચ્ચે છે. એ સિવાય બીજા ઘણા છે.

મુખ્ય શહેરો—આથન્સ, એ રાજધાની પ્રાચીન ઈતિહાસમાં પ્રખ્યાત થયેલાં શહેરોમાંનું એક છે. કોરિંથ, એ **કોરિંથની** સંયોગીભૂમિની પાસે છે; નોપ્લિઆ, એ બંદર છે. સ્પાર્તા, કાર્ફુ, ઈત્યાદિ બીજાં મોટાં શહેરો છે.

ગ્રીક લોક નિર્ધન છે, અને તેમના ઉપર ઘણા કાળ થયાં નઠારો અમલ ચાલે છે. તેમને વેપાર બહુ ગમે છે અને તેઓ સારા વહાણવટી છે.

મુખ્ય નિકાસ—આમળાં, તેલ, સીસું, ઈત્યાદિ.

પ્રકરણ ૫ મું.

આફ્રિકાખંડ.

આફ્રિકાખંડ મોટો દ્વીપકલ્પ છે. એ ખંડનો સબંધ **એશિઆ** જોડે **સુવેજની** સંયોગીભૂમિથી થતો. ઉત્તરે **આફ્રિકાની** અને **યૂરોપની** વચ્ચે **ભૂમધ્ય** સમુદ્ર છે; **આફ્રિકાની** પશ્ચિમ સીમાએ **આતુલાન્તિક** મહાસાગર છે; એ ખંડની પૂર્વ હદ ઉપર **હિંદી** મહાસા-

ગર, **લાલ સમુદ્ર**, **સુવેજ** અખાત, અને **એશિઆઈ તુર્કસ્તાન** (**અરબસ્તાન** અને **સિરિઆ**) આવેલાંછે. વર્ણનને અર્થે **આફ્રિ-કાના** ભાગ નીચે પ્રમાણે કરાયઃ—

૧. उत्तर आफ्रिका. २. पश्चिम आफ्रिका. ३. दक्षिण आफ्रिका. ४. पूर्व आफ्रिका. ५. मध्य आफ्रिका. ६. द्वीपो.

ઉત્તર **આફ્રિકાની** વસ્તીનો ઘણોખરો ભાગ મુસલમાની ધર્મ પાળેછે; પરંતુ **આબિસિનિયામાં** યાહુદી તથા ખ્રિસ્તીધર્મ માન-નારા છે. **પશ્ચિમ** અને **મધ્ય આફ્રિકામાં** **સીધી** લોક વસેછે. **સીધી** લોક કાળા છે અને તેમના હોઠ જાડા તથા માથાના વાળ વાંકડીઆ ને ઊન જેવા છે. એ **સીધી** લોકમાંની ઘણી જાતો જંગલી તથા મ-નુષ્યાહારી છે, ને તેઓ એક એક જોડે સદા યુદ્ધમાં મચેલી રહેછે. દક્ષિણ અને પૂર્વ **આફ્રિકાની** વસ્તી **સીધી**ઓથી સારી છે. કાંઠાનાં કેટલાંક નગરોમાં **મલય** તથા **અરબ** આવી રહ્યાછે.

૧. ઉત્તર **આફ્રિકામાં** (૧) मिसर (ईजिप्त) અને તેના પાડોશમાં (२) आबिसिनिया એટલે હબશી દેશ અને (૩) बार्बरी संस्थानो છે.

---

(१) मिसर.

આફ્રિકાના ઈશાન કોણમાં मिसर દેશ છે. એ દેશની ઉત્તરે **ભૂમધ્ય** સમુદ્ર અને પૂર્વે **લાલસમુદ્ર** તથા **સુવેજ** અખાત છે; પ-શ્ચિમે **ત્રિપોલી** પ્રાંતને તથા **લિબ્યારણ્ય** નામે **સહરાના** વિભાગને અને પૂર્વે **અરબસ્તાન** તથા **સિરિઆને** **મિસર** સ્પર્શ કરેછે. એમાં **નીલ** નામે મોટી નદી છે તેનો લાંબો ને સાંકડો પ્રદેશ છે **તે શુદ્ધ-मिसर** છે. એની બંને પડખે રેતીનાં રણ છે. એ રણમાં ઠેકાણે ઠે-કાણે રસાળ ટાપુઓ છે તેઓમાં જળ હોયછે. શુદ્ધ **મિસરના** ત્રણ પ્રાંત છે, नीचलुं मिसर, मध्यमिसर, અને ऊपलुं मिसर. ઊપલા **મિસરની** દક્ષિણે न्युबिया, कार्दोफान, અને બીજા અપ્રસિદ્ધ પ્રાંતો **નીલ** નદી ઉપરના **ગોન્દોકોરો** સૂધી ગયેલાછે.

મુખ્ય શહેરો—**નીલ** નદીને આરે આવેલું कायरो (केरो) શહેર **મિસરની** રાજધાની છે. **કેરોની** વાયવ્યે **સમુદ્રને** કાંઠે आलेकजान्द्रिआ

(સિકન્દ્રિઆ) નામે મોટા સિકંદર શાહે વસાવેલું બંદર છે. ઉત્તર છેડે પોર્ત સઇદ (સૈયદ બંદર) અને હાલ ખોદેલી સુવેજની નહેરના દક્ષિણ બારા આગળ સુવેજ નામે પ્રખ્યાત ગામો છે. ન્યુબિયાનું મુખ્ય નગર खारतुम નીલી નીલ અને નોલ નદીઓના સંગમની થડમાં છે.

મુખ્ય નિકાસ તથા આવક—અનાજ, તમાકુ, રૂ, ઇત્યાદિ પરદેશ ચઢેછે. મધ્ય આફ્રિકામાંથી હાથીદાંત, સુવર્ણરજ, ચામડાં, શહામૃગ પક્ષીનાં પીંછાં, વગેરે વણજારા લાવેછે.

યૂરોપ, ભરતખંડ, અને ચીનની વચ્ચે વેપારનો મોટો માર્ગ મિસર દેશ છે. સુવેજની નવી નહેરને* રસ્તે મોટાં વહાણો ભૂમધ્ય સમુદ્ર અને લાલ સમુદ્રમાંથી આવજા કરી શકેછે; વળી આલિકઝાંદ્રિઆ બંદરે માલ ઊતારી રેલવેપર ચઢાવી કેરો તથા સુવેજ લઇ જવાયછે.

નીલનદી પૃથ્વીની બીજી સઘળી નદીઓ કરતાં લાંબી ગણાયછે. વિકટોરિઆન્યાંજા અને આલબર્તન્યાંજા નામે વિશાળ સરોવરો નકશામાં લખ્યાંછે તેમાંથી એ નદી વહેછે. ઘણે દૂર સૂધી વહ્યાપછી આબિસિનિયામાંથી આવનારી નીલી નીલ અને અત્બારા નામે બે નદીઓનો સંગમ તેની જોડે ન્યૂબિયામાં થાયછે. એ નદી બે મુખે ભૂમધ્ય સમુદ્રને મળેછે. એમાંના એક મુખને કિનારે રોસેત્તા અને બીજાને કાંઠે દામિયત્તા કરીને નગરો છે. એ બે મુખની વચ્ચે નીલ દ્વીપ નામે રસાળ પરગણું છે. ઉત્તરના ત્રણ પ્રાંતોમાં એટલે શુદ્ધમિસરમાં બહુ સારો પાક થાયછે. એ ભાગમાં વરસાદ ક્વચિતજ વરસેછે, પરંતુ નીલ નદીમાં હરવર્ષે મોટું પૂર આવેછે, અને તેના બંને કાંઠાના પ્રદેશમાં એ પૂરનું પાણી ફરી વળેછે તે ઉપર ખેતીનો આધાર છે. ઉપર કહેલાં મોટાં સરોવરો ભણી ભારે વરસાદ થાયછે તેથી એ રેલ આવેછે. ન્યૂબિયા તથા દક્ષિણનો મૂલક શુદ્ધ મિસર જેટલો રસાળ નથી ને તેમાં મોટાં રણ છે. ઘણા પ્રાચીન કાળના સુધરેલા દેશોની પંક્તિમાં મિસર દેશ છે. એમાં રાજ્ય સંબંધી ઘણા ફેરફાર થઇ ગયાછે. હાલનો હાકેમ ખિદિવ એલ મિસર કહેવાયછે, ને તે ઇસ્તમ્બૂલના સુલતાનનો માત્ર નામનો તાબેદાર છે. એ ખિદિવ તથા શુદ્ધ મિસરની અને ન્યૂબિયાની વસ્તીનો ઘણોખરો ભાગ મુસલમાની ધર્મમાં છે, તથા અરબી બોલી બોલેછે. પરંતુ શુદ્ધ મિસરમાં કેટલાક ખ્રિસ્તિ લોક છે તેઓ મિસરના અસલી રહેવાશીઓના વંશજ કહેવાયછે. એ મુસલમાનો બહુધા અરબ અને દેશના અસલ રહેવાશીઓની મિશ્ર ઓલાદના છે. ન્યૂબિયાંની † દક્ષિણમાં તથા કાર્દોફાનમાં સીધી જાતની વસ્તીનો આરંભ થાયછે. એમાંના ઘણા સીધીને ગૂલામ કરી ઉત્તર ન્યૂબિયામાં અને શુદ્ધ મિસરમાં આણેલાછે.

---

* એ નહેર ભૂમધ્ય સમુદ્ર અને લાલ સમુદ્રને જોડે છે. એ નહેરમાં સને ૧૮૬૯ માં વહાણો ચાલવા માંડયાં.

† ન્યૂબિયાના મૂળ વતનીઓ ઇતિઓપી કહેવાતા, અને તેઓ પ્રાચીન મિસરના લોકની જાતના હતા.

(२) आबिसिनिआ के हबशी देश.

એ દેશ પહાડી છે. એની ઉત્તર અને પશ્ચિમ મર્યાદાને લગતા મિસરી રાજ્યના પ્રાંતો છે. એની પૂર્વે આવેલા કાંઠાના મૂલક ઉપર મિસરનો રાજા દાવો કરેછે. એની દક્ષિણ સીમાએ સોમાલી તથા ગાલા લોકના મૂલક છે. નીલ નદીને મળનારી નીલી નીલ તથા अत्बारा નદીઓનાં મૂળ હબશી દેશના પર્વતોમાં છે. આખો દેશ મોટા એક રાજાના સ્વાધીનમાં ન હોતાં ઘણાં નાનાં રાજ્યોમાં વહેચાઇ ગયેલોછે, ને એ રાજાઓ ઘણુંકરીને એક એક જોડે વઢવાડ કરવામાં રોકાયલા હોયછે. મધ્યમાં गोन्दार અને લાલ સમુદ્રને તીરે मसूवा બંદર એ નામીચાં શહેરો છે. મસૂવા બંદર હાલ મિસરને તાબે છે. मग्दला કરીને પ્રખ્યાત ગઢ છે તેને ઇંગ્રેજે ઈ. સ. ૧૮૬૮ માં જીત્યો હતો. દેશ રસાળ અને લાકડાં તથા પાણીથી ભરપૂર છે; એવું કહેછે કે ખૂન, કપાસ, અને બીજા કીમતી છોડવા વગડામાં ઊગેછે. પણ રાજ્યવ્યવસ્થા દુર્દશામાં છે અને લોક માઠી અવસ્થામાં છે. ન્યૂબિયાના અસલ વતની, યાહુદી, આરબ, સીધી, વગેરે જાતો મળી જઈ હાલની વસ્તી થઈ છે. ઘણાખરા લોક આમ્હારી બોલી બોલેછે, અને અધમ થયલા રૂપમાં ખ્રિસ્તિ ધર્મ પાળેછે.

(३) बार्बरी संस्थानो.

ભૂમધ્યસમુદ્રનેકાંઠે પૂર્વમાં મિસરથી પશ્ચિમમાં આત્લાન્તિક મહાસાગર સૂધી એ સંસ્થાનો છે. એ સંસ્થાનોનાં નામ નીચે પ્રમાણેઃ—

त्रिपोलि, तूनिस, अलजीरिया, અને मारोको.

બાર્કાસહિત त्रिपोलि અને ફૂજાન નામે મોટો રણદ્વીપ જે હાકેમના તાબામાં છે તેને બે કહેછે, અને તે તુર્કસ્તાનના સુલતાનના હાથનીચે છે. એ સંસ્થાનની રાજધાનીનું નામ त्रिपोलि છે.

तूनिसनो અધિપતિ પણ બે કહેવાયછે. પહેલાં તે એજ સુલતાનને તાબે હતો, પણ હાલમાં સ્વતંત્ર છે. વેપારને માટે વખણાયલું

મોટું તૂનિસ શહેર એ સંસ્થાનની રાજધાની છે. એ નગરીની પાસે કાર્થેજનું ખંડેર છે.

અલ્જીરિયા **ફ્રાન્સ**ને તાબે છે. એના મુખ્ય શહેરનું નામ અલ્જીરિયા અથવા અલ્જીર્સ છે. કાન્સ્તન્તૈન કરીને બીજું મોટું નગર એ **સંસ્થાનમાં** છે.

મારોકોના રાજાને **સુલતાન** કહે છે. એની રાજધાનીનું નામ મારોકો છે. ફજ કરી મોટા શહેરમાં ચોપડીઓનાં પૂઠાં વગેરે સારૂ સુંદર ચામડાં તૈયાર કરવામાં આવે છે. એ ચામડાંને **મારોકો ચર્મ** કહે છે. જિબ્રાલ્તરની સામુદ્રધુનીને કિનારે તાંજીર અને તેતુવાન બંદરો છે; અને સ્યુતા નામે ગઢ ડુંગર ઉપર જિબ્રાલ્તરની સામે છે. **તેતુવાન** બંદર તથા **સ્યુતાગઢ** **સ્પેન** દેશના કબજામાં છે.

એ ચાર **બાર્બરી** સંસ્થાનોનો મૂલક દક્ષિણે મોટા રણમાં ભૂંસેલો છે; એ સંસ્થાનો અને રણની વચ્ચે અત્લસ પર્વત છે.

મુખ્ય અખાત—સિદ્રા અને કાબેસ.

મુખ્ય ભૂશિર—બોન અને સ્પાર્તેલ.

અત્લસ પર્વતની ઉત્તરના પ્રદેશમાં અનાજ પુષ્કળ પાકે છે, અને એ પહાડના ઢાળ ઉપર ખજૂરીઓ, આલીવ, અને મેવાનાં ઝાડ ઊગે છે. **બાર્બરી** સંસ્થાનોમાં ખનિજો પણ મસ છે.

મુખ્ય નિકાસ—ઘોડા, મેવા, અનાજ, તમાકુ, ચામડાં, રૂપું, ત્રાંબું, મીઠું, ઈત્યાદિ.

એ સંસ્થાનોના રહેવાશી **અરબ** અને **અરબને** મળતી જાતોની ઓલાદ છે.

૨. પશ્ચિમ આફ્રિકા.

બાર્બરી સંસ્થાનની દક્ષિણે **મોટું** રણ છે; અને **મોટા** રણની દક્ષિણે તથા પશ્ચિમ કાંઠે નીચે લખેલા દેશો છેઃ—

(૧) સેનિગાંબિયા. (૨) ઊપલીગિની. (૩) નીચલીગિની. (૪) હાતંતાત ભૂમિ.

(૧) એ ચાર દેશોમાં સૌથી ઉત્તરે સેનિગાંબિયા છે. એની પૂર્વે સીધી લોકનો સૂદાન દેશ છે.

સેનિગાલ અને ગાંબિયા નદીઓનો જે પ્રદેશ તે સેનિગાંબિયા. રિઓગ્રાન્દ કરીને ત્રીજી નદી એમાં છે. સેનિગાંબિયા અને સૂદાનની વચ્ચેના પહાડોમાંથી એ નદીઓ નીકળેછે.

સેનિગાંબિયામાં વર્દ ભૂશિર (કેપ વર્દ) છે. સર્વેથી પશ્ચિમમાં ગયેલું બિંદુ આફ્રિકામાં એ છે.

સેનિગાંબિયામાં વસનારી ઘણી જાતો મુસલમાની ધર્મમાં છે, અને બીજી સીધી કે અર્દ્ધ સીધી જાતોથી વધારે સુધરેલી છે. એ વસ્તી ઉપરાંત સેનિગાલ નદીને આરે ફ્રાન્સનું સંસ્થાન છે તેની રાજધાનીને સાંગલૂઈ કહેછે. ગાંબિયા નદીને કાંઠે ઇંગ્રેજનું સંસ્થાન છે તેનું મુખ્ય નગર બાથર્સ્ત છે. રિઓગ્રાંદ નદી ઉપર પોર્તુગાલનું સંસ્થાન છે. વધારે દક્ષિણમાં ઇંગ્લાંડનું સિએરા લિઓન નામે સંસ્થાન છે. એના મુખ્ય શહેરને ફ્રીતોન કહેછે. ગૂલામ પકડી લાવીને વેચવાનો ધંધો અટકાવવાને આ સંસ્થાન સ્થાપ્યું. વહાણોમાંથી છોડવી લાવેલા ગૂલામોની અહીં વસ્તી કરીછે.

(૨) સિએરા લિઓનથી લોપાજની ભૂશિર સૂધીની પટીને ઊપલો ગિની દેશ કહેછે. એની દક્ષિણે અને પશ્ચિમે ગિનીનો અખાત છે. ઉત્તરમાં ઊપલા ગિની અને સૂદાન દેશની વચ્ચે કાંગ પર્વત આવેલાછે, અને પૂર્વે જે મૂલક છે તેની ખોળ હજી કોઈ સુધરેલા માણસે કરી નથી.

ઊપલા ગિનીમાં મોટી નદી એકજ છે. એને જોલીબા કે નૈજર કહેછે. એ સૂદાન દેશમાંથી આવેછે.

મુખ્ય અખાત—નૈજરના દ્વીપનો એક પડખે બેનિનનો અખાત છે ને બીજે પડખે બિઆફ્રાનો અખાત છે; ત્રીજો ગિનીનો અખાત છે.

ઊપલા ગિનીનો જેટલો ભાગ દરિયા કાંઠે છે તેટલો જણાયલો-છે, તેની પેલીમેરનો ભાગ હજી જણાયલો નથી. એ જણાયલો

પ્રદેશ પશ્ચિમ ભણી નૈજર નદીના મુખ લગી પાણથળ છે, પણ એ ભાગમાં પાક સારો થાયછે. નૈજરની અગ્નિકોણમાં કામેરૂન પહાડનો આરંભ થાયછે, ને ત્યાંથી ડુંગરાળો દેશ છે. કાંઠા ઉપરનાં મુખ્ય સ્થળો—લિબારિયા પરગણું, એનું તાલુકા ગામ મનરોવિયા છે. છૂટેલા ગુલામોને વસવાને સારૂ અમેરિકાના કોઈ ગૃહસ્થોએ એ સંસ્થાન સ્થાપ્યુંછે. વેપારીઓના રક્ષણને અર્થે તથા ગુલામનો વેપાર અટકાવવાને કાજે અંગ્રેજે કેટલાંક થાણાં બેસાડ્યાંછે. એમાંના એકને કેપ કોસ્ત કાસલ કહેછે. ગિનીના કિનારાના કોઈ ભાગને અનાજ આરો, હાથીદાંત આરો, સુવર્ણ આરો, અને ગુલામ આરો, એમ વેપારની જણસો પ્રમાણે કહેછે.

કાંઠાની સમીપ આવેલાં સીધી લોકનાં રાજ્યોમાંનાં બે પ્રસિદ્ધ છે. એક આશાન્તી લોકનું રાજ્ય; એની રાજધાની કૂમાસી નગર છે; બીજું દાહોમી. ઘણાખરા દેશી રાજાઓ જંગલી છે.

(૩) નીચલો ગિની દેશ વિષુવવૃત્તની દક્ષિણે છે. એનો વિસ્તાર લોપાજ ભૂશિરથી નીગ્રો ભૂશિર તલક છે. એની પૂર્વ મર્યાદાપર આવેલા મૂલકની હકીકત જણાયલી નથી. મધ્ય આફ્રિકા એની દક્ષિણ સીમાએ છે.

મુખ્ય નદી—કાંગો કે જેર.

પોર્તુગાલનાં વિસ્તીર્ણ થાણાં નીચલા ગિનીમાં છે, અને દેશી રાજ્યોએ ઘણાં છે. પોર્તુગાલનાં મુખ્ય સ્થાનનાં નામ સંત પૌલ દીલોઆન્દા તથા બેંગુવીલા. એ કિનારો ગુલામના વેપારને માટે પ્રખ્યાત હતો. ગિનીના રહેવાસીઆંને તેમની હાલની નઠારી અવસ્થામાં રાખનાર ઘણે દરજે એ વેપાર છે.

સેનિગામ્બિયા અને ગિનીના નિકાસ અનેક છે. સુવર્ણરજ, હાથીદાંત, શાહમૃગનાં પીંછ, ઈમારતી લાકડાં, ફળ, કોપરેલ, ચામડાં, મધ, ગૂંદર, લાખ, કાચબાની ઢાલ, ચોખા, અને રૂ.

(૪) હાતંતાત દેશ—નીચલા ગિનીથી આરેંજ નદી સૂધી એ દેશનો વિસ્તાર છે. એની અને દક્ષિણ આફ્રિકાની વચ્ચે એ નદી છે.

એ દેશ વિષે ઝાઝું જાણવામાં આવ્યું નથી. એમાં ઘણી જાતો વસે-છે, તેઓમાં હાતંતાત સૌથી અધમ અવસ્થામાં છે. કાફ્ર જાતને મળતી બીજી જાતો છે તેઓ મુકાબલે ચઢતી સ્થિતિમાં છે.

३. दक्षिण आफ्रिका.

દક્ષિણ આફ્રિકાની હદ ઉત્તરમાં આરેંજ નદી તથા તેને મળ-નારી વાલ નદી તથા લિમ્પોપો નદીથી થઈછે.

દક્ષિણ આફ્રિકામાં નીચેના દેશો છે:-

देश.	राजधानी.
(१) केप कालोनी (केप संस्थान.)	केपतौन.
(२) काफरारिया.	वतरवर्थ.
(३) नाताल.	पीतर्मारित्सबर्ग.
(४) जूलुदेश.	....
(५) आरेंज नदीनुं स्वतंत्र राज्य.	ब्लोमफोंतीन.
(६) त्रांसवालनुं प्रजासत्ताक संस्थान.	प्रितोरिआ.

કેપ કાલોની તથા નાતાલ એ ઇંગ્લાંડનાં વસાવેલાં વિશાળ સં-સ્થાનો છે. સરકારના મોકલેલા ગવર્નરો તેઓ ઉપર અમલ કરે-છે. નાતાલની દક્ષિણે કાફરારિયા છે, અને ઉત્તરે જૂલુ દેશ છે; એ બંને કાફ્ર નામે દેશી લોકના છે. આફ્રિકાની ઘણીખરી જાતોથી એ ચડીઆતી હાલતમાં છે. આરેંજ નદી ઉપરના સ્વ-તંત્ર રાજ્યમાં તથા ત્રાંસવાલના પ્રજાસત્તાક સંસ્થાનમાં પ્રથમ વ-સેલા વલંદાના વંશજો રહેછે.

મુખ્ય શાહેરો-રાજધાનીઓ કહી તે ઉપરાંત બીજાં નગરોમાં મુખ્ય ગ્રેહ્મ નગર, અને इलिजाबेथ બંદર કેપ કાલોનીમાં છે, અને दर्बान (નાતાલ બંદર) નાતાલમાં છે.

મુખ્ય ભૂશિરો—केप गुद होप ई. स. १४९३ માં બાર્થોલોમ્યુ-દિઆઝે શોધી કહાડી; आग्वल्हास ભૂશિર.

મુખ્ય અખાત—तेबल, फाल्स, अलगोआ, તથા दीलागोआ.

મુખ્ય નિકાસ—ઊન, ખૂનદાણા, શાહમૃગનાં પીંછ, ચામડાં, અને દ્રાક્ષનો દારૂ. **નાતાલ**માંથી ખાંડ અને હાથીદાંત. **નાતાલ** તથા **વલંદા**નાં બંને સંસ્થાનોમાં સોનું તથા હીરા જડે એવાં સ્થળો હમણાં માલૂમ પડ્યાં છે.

૪. पूर्व आफ्रिका.

દક્ષિણમાં **ત્રાંસવાળ** સંસ્થાન અને **જૂલૂ** દેશથી ઉત્તરમાં **એદન** અખાત સૂધી पूर्व आफ्रिकाનો વિસ્તાર છે.

पूर्व आफ्रिकाना देश.

देशोनां नाम.	राजधानी.
सोफाला.	सोफाला.
मोजाम्बीक.	मोजाम्बीक.
जांजीबार.	जांजीबार.
सोमाली देश.	....
गाला देश.	....

એ દેશોમાંના **સોફાલા** અને **મોજામ્બીક** **પોર્તુગાલ**ને તાબે છે; **જાંજીબાર**માં **મુસલમાન સુલતાન**નો અમલ છે, અને છેલ્લા બે દેશો જંગલી હાલતમાં છે. ઉપર જે રાજધાનીઓ કહી તે ઉપરાંત **જાંજીબાર**માં मोम्बास **નગર** અને **સોમાલી**માં बर्बरा બંદર, તથા **એદન**ના અખાતને કિનારે **ગાલા** દેશમાં जैला બંદર છે.

મુખ્ય પર્વતો—એના પહાડો ઉત્તરમાં **ગ્વાર્દાફુઈ** ભૂશિરથી દક્ષિણમાં **કેપ ગુડ હોપ** સૂધી કાંઠાને સમાંતર છે. એ લાંબા પર્વતોમાં સર્વેથી ઊંચો किलीमानजारो નામે છે. **જાંજીબાર** અને મોટાં સરોવરના પ્રદેશની વચ્ચે એ શિખર છે.

મુખ્ય સામુદ્રધુની—मोजाम्बीक નામે છે તે **મોજામ્બીક** પ્રાંત અને મોટા **માદાગાસ્કર** બેટની વચ્ચે છે.

મુખ્ય નદી—जाम्बेजी, એ **મોજામ્બીક**ની સામુદ્રધુનીને મળે છે.

મુખ્ય ભૂશિર—ग्वार्दाफुवी, એ **આફ્રિકા**નું અતિ પૂર્વ બિંદુ છે.

મુખ્ય દ્વીપો–જાંજીબાર; એમાં જાંજીબાર શહેર છે. માદાગાસ્કર એની રાજધાનીનું નામ તાનાનારીવો છે. કોમોરૂ દ્વીપો; એમાં દેશી સંસ્થાનો છે. બુર્બોં એ ફ્રાન્સને કબજે છે; મોરિસ (રાજધાની પોર્તલુઇ) તથા સૈચલ ઇંગ્લાંદને સ્વાધીન છે; સોકોત્રા બેટ.

પૂર્વ આફ્રિકામાં સોનું અને હાથીદાંત પરદેશ ખાતે ચઢેછે. એમાં ગૂલામોનો વેપાર બહોળો ચાલેછે, પરંતુ એ વેપાર બંધ પાડવાનું જાંઝીબારના સુલતાને ઇંગ્લાંડને હાલમાં વચન આપ્યુંછે. મોરિસ બેટમાંથી સરસ ખાંડ પરદેશ મોકલવામાં આવેછે. પૂર્વ કાંઠે અરબ વેપારીઓ ઘણા વસેછે, અને પશ્ચિમ તથા મધ્ય આફ્રિકાના સીધી લોક કરતાં ત્યાંના અસલી રહેવાશીઓ દક્ષિણના કાફરો તથા ઉત્તરના હબશી લોકની પેઠે ચઢીઆતા છે.

૯. મધ્ય આફ્રિકા.

મધ્ય આફ્રિકાના ઘણા ભાગની હજી ભાળ લાગી નથી; તોપણ નીચેના દેશો કહી શકાયઃ—

(૧) સહરા કે મોટું રણ.

(૨) સૂદાન કે સીધી દેશ.

(૩) મોટાં સરોવરોનો પ્રદેશ.

(૪) દક્ષિણે મધ્ય આફ્રિકા.

(૧) સહરા કે મોટું રણ બાર્બરી સંસ્થાનોની દક્ષિણેથી શરૂ થાયછે, ને પૂર્વમાં મિસરથી તે પશ્ચિમમાં આતલાંતિક સૂધી ફેલાયલુંછે. એ સહરામાં ઘણાક રસાળ અને પુષ્કળ પાણીવાળા રણદ્વીપો છે. બાર્બરી અને સુદાનની વચ્ચે ઊંટવડે વેપાર ચલાવનારા વણજારાને મુકામ કરવાને એ ટાપુઓ કામ લાગેછે. એમાંના ફજાન નામે એક ટાપુ વિષે ત્રિપોલીના વર્ણનમાં કહ્યુંછે. રણમાં વસનારા લોક અને બાર્બરીના લોક એક જાતના છે, ને તેઓ ધર્મે મુસલમાન છે.

(૨) સૂદાન કે સીધી દેશ સહરાની દક્ષિણે છે. પશ્ચિમે સેનિ-

ગામ્બિયાથી તે પૂર્વમાં મિસરના કાર્દોફાન સૂધી તેનો વિસ્તાર છે. દક્ષિણમાં સુદાનની હદ ઉપર ઊપલો ગિનીદેશ તથા આફ્રિકા ખંડના મધ્યનો અજાણ્યલો મૂલક છે. સુદાનમાં કેટલાક દેશી રાજા છે; એમાંનાં જાણવામાં આવેલાં નગરોનાં નામ–सेगो, तिम्बक्तू, અને बोआस એ ત્રણે નૈજરને કાંઠે કે કાંઠાની પાસે છે; साकातू; શાદ (ચાડ) સરોવરને તીરે कौका; કાર્દોફાનને લગતો દારફૂર પ્રાંત છે તેમાં कोबे શહેર છે. એ શહેરને મિસરના રાજાએ હાલ જીતી લીધેલું સંભળાયછે.

મુખ્ય નદી—नैजर છે. એનાં બીજાં નામ जालिबा ने क्वारा છે. કોંગ પર્વતમાંથી નીકળી ચકરાવો ખાઈ સુદાન અને ઊપલા ગિનીમાં થઈ ગિનીના અખાતને મળેછે. ડાબે કાંઠે નૈજરને મળનારી शादा નદી છે.

મુખ્ય સરોવરનું નામ चाड છે. એમાં શારી વગેરે નદીઓનું પાણી આવેછે.

મુખ્ય પર્વત—कोंग પર્વત એ સુદાનને સેનિગામ્બિયા તથા ઊપલા ગિનીથી જુદો પાડેછે. સુદાનની દક્ષિણમાં શાદા નદીના મૂળના થડમાં अलांतिका પહાડ છે.

સીધી લોકનું મૂળ સ્થાન સુદાન દેશ છે. એ લોક બહુધા પાખંડી ધર્મમાં છે; હાલ ઘણાક મુસલમાન થવા લાગ્યાછે.

(૩) मोटा सरोवरोनो प्रदेश—સુદાનની દક્ષિણે અજાણ્યું રણ છે. ઈ. સ. ૧૮૫૭ માં એ રણની તથા જાંજીબારની વચ્ચેના મૂલકમાં ઘણાં વિશાળ સરોવરો કપતાન સ્પીકને જડ્યાં. એ જડવાથી નીલ નદીનાં મૂળ શોધી કહાડવાનું માન્ય તે પામ્યો. તે નદી એ સરોવરમાંથી નીકળેછે. પૂર્વે એ બિના કોઈના જાણવામાં નહતી. એ સરોવરોનાં નામ—ઉત્તરમાં विक्टोरिआ न्यांजा તથા आल्बर्त न्यांजा; દક્ષિણમાં तांगानैका. મોટી કે ધોળી નીલ નદીનો આરંભ વિક્ટોરિઆ ન્યાંજામાંથી થાયછે. ત્યાંથી વહેતી આલ્બર્તન્યાંજામાં દાખલ થઈ બીજી મેર નીકળેછે, ને ગોંદોકોરોની ઉત્તરે થઈ મિસરના મૂલકમાં પ્રવેશ કરેછે.

આ ભાગમાં સીધી લોક વસેછે. હાથીદાંત વોહોરવાને **જાંગ્ઝી**-**બારથી અરબ** વેપારિયો ત્યાં જાયછે.

(४) मध्य आफ्रिकानो दक्षिण भाग—એમાં ધૂશીને દાક્તર **લિવિં**-ગ્સ્તને હાલ માંહિલા ભાગની તપાસ કરી. એનો વિસ્તાર ઉત્તરમાં મોટાં સરોવરોથી દક્ષિણમાં **આરેંજ** નદી લગીછે; પૂર્વે **મોઝામ્બીક, સોફાલા** અને **ત્રાંસવાલ** સંસ્થાન, પશ્ચિમે **પોર્તુગાલ**નાં થાણાં અને હાતન્તાત દેશ સૂધી.

એમાં जांबजी નદી છે, તે ઘણે દૂર સૂધી વહેતી જઈ પૂર્વ **આ**-ફ્રિકામાં જાયછે અને હિન્દીમહાસાગરને મળેછે. **જામ્બેજી**ને મળ-નારી સર્વેથી મોટી નદી चोब છે.

મુખ્ય સરોવર—न्यासा છે. એમાંથી **શીરે** નદી નીકળી **જામ્બે**-**જી**ને મળેછે.

એમાં વસનારી જાતોમાં સર્વોપરિ **બેશુંઆના** લોક છે ને **તેઓ** કાફરને મળતા છે.

મુખ્ય ગામ—દક્ષિણમાં कुरुमान કે लासाकू અને कालोबेंग; ઉત્તરમાં लिन्यांती.

૬. आफ्रिकाना द्वीपो.

પૂર્વ કાંઠાના દ્વીપો જણાવી ચૂકયા છીએ (પૂર્વ આફ્રિકાનું વ-ર્ણન જુઓ.) પશ્ચિમ કિનારે आजोरेंज, मदीरा, कनेरी, અને केप-दीवर्द દ્વીપો છે (**સ્પેન** અને **પોર્તુગાલ**નું વર્ણન જુઓ.) એજ તીરે **ગિની**ના **અ**ખાતમાં फर्नान्दोपो તથા अनाबोन **સ્પેન**ને હવાલે છે. प्रिन्सटापु તથા सेंतटामस **પોર્તુગાલ**ને કબજે છે. દક્ષિણ **આ**-ત્લાંતિકમાં आसेन्शन તથા सेंतहेलीना ઇંગ્લાંડને તાબે છે.

प्रकरण ६ ठुं.

अमेरिका खंड.

અમેરિકા ખંડની પશ્ચિમ સીમાએ **પાસિફિક** મહાસાગર છે, પૂર્વે

આત્લાંતિક, ઉત્તરે ઉત્તર મહાસાગર, અને દક્ષિણે દક્ષિણ મહાસાગર. અમેરિકાના વાયવ્ય કોણની પાસે એશિયાખંડ છે. એ ખંડોની વચ્ચે બેહરિંગ નામે સામદ્રધુની છે. અમેરિકાના બે ભાગ કરાય- उत्तर अमेरिका અને दक्षिण अमेरिका. પાનામાની સંયોગીભૂમિથી એ બે સંધાયલાછે.

उत्तर अमेरिका.

મર્યાદા—ઉત્તરે ઉત્તર મહાસાગર; પશ્ચિમે બેહરિંગની સામુદ્રધુની અને પાસિફિક મહાસાગર; દક્ષિણ પાસિફિક મહાસાગર અને પાનામાની સંયોગીભૂમિ; પૂર્વે કારિબિયન સમુદ્ર, મેક્સિકો અખાત, તથા આત્લાંતિક મહાસાગર.

उत्तर अमेरिकाना देशो.

(१) कानदा इलाको.
(२) यूनैटेड स्टेट्स. (જોડાયલાં સંસ્થાનો.)
(३) मेक्सिको.
(४) मध्य अमेरिका. એમાં છ સ્વતંત્ર સંસ્થાનો છે.

ઉત્તર અમેરિકાના દક્ષિણ ભાગનું નામ મધ્ય અમેરિકા પાડ્યું- છે.ઉત્તરે મેક્સિકો અને દક્ષિણે પાનામાની વચ્ચે એ સાંકડી પટી છે.

મુખ્ય પર્વત—राकी પર્વત, ઉત્તર અમેરિકામાં ઉત્તરથી દક્ષિણ દિશાએ પડેલોછે.

ઘણાક અગત્યના દ્વીપો ઉત્તર અમેરિકાને લગતા છે, તેઓનું બ્યાન આગળ કરવામાં આવશે. .

મુખ્ય સમુદ્ર—ઉત્તર અને દક્ષિણ અમેરિકાની વચ્ચે कारिबियन સમુદ્ર.

ધર્મ અને રાજ્યરીતિ—પૂર્વે* અમેરિકામાં ઇન્દિઅન લોક વસતા; પણ ઈ. સ. ૧૪૯૨ માં કોલમ્બસને એ ખંડ જડ્યો ત્યાર પછી યૂરોપથી એમાં વસવા આવનારી વધતી સંખ્યાએ કરીને એ જૂની પ્રજા ક્ષય પામીછે. કાનદામાં અને યૂનૈતેદ સ્તેતસમાં વસેલા

---

* આ કલમ ઉત્તર અમેરિકા તથા દક્ષિણ અમેરિકા એ બેઉને લાગુ પડેછે.

યૂરોપી લોક ઘણું કરીને ઇંગ્રેજી ભાષા બોલેછે, ને પ્રાતેસ્તંત માર્ગ પાળેછે; અને અમેરિકાના બાકીના ભાગમાં જઈ વસેલા લોક ઘણું કરીને સ્પેન કે પોર્તુગાલની બોલી બોલેછે (બ્રાઝિલમાં પોર્તુગાલની ને બાકીના ભાગમાં સ્પેનની), અને રોમન કાથોલિક પંથને માનેછે. એમ ધર્મમાં અને ભાષામાં ભેદ હોવાનું કારણ એ છે કે ઉત્તર પ્રાંતોમાં ઇંગ્રેજ વસ્યાછે, અને બ્રાઝિલમાં પોર્તુગાલથી તથા બાકીના દેશોમાં સ્પેનથી ગયેલા લોક વસ્યાછે. અમેરિકાનાં રાજ્યો બહુધા પ્રજાસત્તાક છે.

(૧) कानदा इलाको.

વાયવ્ય કોણનો મૂલક પહેલાં રૂશિયાને તાબે હતો તે તેણે હાલ યૂનેતેદ સ્તેત્સને વેચાતો દીધોછે; એ બાદ કરતાં બાકીનો ઉત્તર અમેરિકાનો ઉત્તર ભાગ એ ઈલાકામાં છે.

એમાં સાત પ્રાંત છે—आन्तारिओ[1], क्विबेक[2], नोवास्कोशिआ, न्यूब्रन्स्विक, मानितोबा, ब्रिटिश कोलम्बिया, અને प्रिन्सएद्वर्द बेट. આ સાત પ્રાંત અને બીજા બે મહાલ (જેની રાજ્યરચના હજી કરી નથી) ઇંગ્લાંડની રાણીએ ઠરાવેલા ગવર્નર જનરલના હાથ નીચે છે. ओतावा શહેર રાજધાની છે.

મુખ્ય પર્વત–राकीપર્વત ઉત્તરમહાસાગરથી માંડીને યૂનેતેદ સ્તેત્સની સરહદ સૂધી કાનદા ઈલાકાને પશ્ચિમ ભાગે આવેલોછે.

મુખ્ય નદીઓ—सेंतलारेन्स આત્લાન્તિકને મળેછે; माकेनजी, ઉત્તર મહાસાગરને મળેછે.

મુખ્ય સરોવર—सुपीरीआर, ह्युरोन, एरी, અને आंतारिओ. એ છેલ્લું કાનદા અને યૂનેતેદસ્તેત્સની વચ્ચે છે. બીજાં મોટાં સરોવરો-विनिपेग, स्लेवग्रेट, बेअरग्रेट, ઈત્યાદિ.

મુખ્ય ઉપસાગરો અને અખાત–बाफिन ઉપસાગર ગ્રીનલાંદની પશ્ચિમે છે; हद्सन ઉપસાગર કાનદા ઈલાકાની ઉત્તરે છે; फन्डी

1 એનું જૂનું નામ ઊપલો કાનદા.

2 એને પહેલાં નીચલો કાનદા કહેતા.

ઉપસાગર, ન્યૂબ્રન્સ્વિક તથા નોવાસ્કોશિઆની વચ્ચે છે. સેન્તલારેન્સ અખાત, કાનદા ઈલાકાની અને ન્યૂ ફૌન્દલાંદ બેટની વચ્ચે છે.

મુખ્ય સામુદ્રધુનીઓ–બેલીએલ ન્યૂફૌન્દલાંદ બેટ અને ખંડના ઈશાન કોણ (લાબ્રદોર) ની વચ્ચે છે; દેવિસ, બાફિન અને આત્લાંતિકને સાંધેછે; બારો તથા સ્મિથ એ બે બાફિન અને ઉત્તર ભણીના દરિયાને જોડેછે; હદ્સન આત્લાંતિક અને હદ્સન ઉપસાગરને સાંધેછે; એ વિના બીજી ઘણી છે.

મુખ્ય ભૂશિર–ચદલી અને સેબલ.

મુખ્ય દ્વીપકલ્પ–નોવાસ્કોશિઆ એ કાનદા ઈલાકાની અગ્નિકોણમાં છે.

મુખ્ય દ્વીપો–પ્રિન્સએદ્વર્દ બેટ; એ વિષે ઉપર કહેલુંછે; વોનકૂવર બેટ એ બ્રિટિશ કોલમ્બિયાની નૈઋત્ય કોણમાં છે, ને જુઆન દી ફુકા નામે સામુદ્રધુની એને યુનૈતેદ સ્તેત્સના મુલકથી નોખો પાડેછે; આંતિકાસ્તિ એ સેંત લારેન્સ નદીના મુખની બહાર છે; કેપ બ્રિતન બેટ એ પ્રિન્સ એદ્વર્દ બેટની પૂર્વે છે; એ વિના ઓછા અગત્યના બીજા ઘણા છે.

મુખ્ય નગરો–આંતારિઓ પ્રાંતમાં ઓતાવા નદીને તીરે ઓતાવા શહેર છે, તથા આંતારિઓ સરોવરના તટપર તોરાંતો; કિવબેક પ્રાંતમાં ઓતાવા અને સેંત લારેન્સ નદીઓના સંગમપર માંત્રિયાળ તથા સેન્ત લારેન્સ નદીને કાંઠે કિબેક શહેર; ન્યૂ બ્રન્સ્વિક પ્રાંતમાં સેંતજાન અને નોવાસ્કોશિઆ પ્રાંતમાં હાલિફાક્સ બંદર. એ બંદર ઇંગ્રેજી વહાણના લશ્કરનું એક થાણું છે.

મુખ્ય નિકાસ–અનાજ, કાટ, માછલાં, ચામડાં, તથા સલોમચર્મ. બ્રિટિશ કોલમ્બિયામાં મસ સોનું નીકળે એવી ખાણો છે.

(૨) યુનૈતેદ સ્તેત્સ.

દુનિયાનાં મોટાંમાં મોટાં રાજ્યોની પંક્તિમાં આ પ્રજાસત્તાકરાજ્ય ગણાયછે. એમાં હાલ ૩૭ સંસ્થાનો અને સંસ્થાન નહિ થ-

એેલા બાર મહાલ છે. એ સંસ્થાનો અને મહાલો કાનદા ઈલાકાની દક્ષિણે અને મેક્સિકોની ઉત્તરે આત્લાંતિકથી પાસિફિક સૂધી છે. આ વિશાળ મૂલકમાં એ ખંડનો વાયવ્ય કોણ ઉમેરાયોછે. એ કોણ પ્રથમ રૂશ દેશને હાથ હતો.

મુખ્ય પર્વતો—પશ્ચિમે કાંઠાની થડમાં ડૂંગરાની ઓળ છે, અને ત્યાંથી વધારે માંહેલી તરફ કાનદામાંથી આવતા રાકી પર્વત છે, તેનો છેડો મેક્સિકોની દક્ષિણમાં છે; પૂર્વમાં સેંત લારેન્સ નદીથી મેક્સિકોના અખાત સૂધી અલીગાની પહાડની ઓળ છે.

મુખ્ય નદીઓ—મિસિસીપી. એ મોટી નદીનો આરંભ આ રાજ્યની ઉત્તરે સુપીરીઆર સરોવરની પશ્ચિમના પ્રદેશમાં થાયછે. દક્ષિણ ભણી વહેતાં તેમાં રાકી પર્વતમાં ઉત્પન્ન થનારી મિસૂરી નદી તથા અલીગાની પહાડમાંથી નીકળનારી ઓહિઓ નદી ભેગી થાયછે. મેક્સિકો અખાતને મળતાં પહેલાં લાલ અને બીજી નદીઓનો સંગમ તેની સાથે થાયછે. રિઓ ગ્રાંદ દલ નાર્ત નામે બીજી મોટી નદી રાકી પર્વતમાંથી નીકળી આગળ વહેતાં એ રાજ્યનો મેક્સિકો દેશથી વિયોગ કરેછે. એની ઉત્તર સીમા સેન્ત લારેન્સને સ્પર્શ કરેછે. યુકોન નદી કાનદા ઈલાકામાં ઉત્પન્ન થઈ વાયવ્ય કોણનો જે મૂલક આ રાજને તાબે છે તેમાં વહેછે. એમાં બીજી ઘણી નદીઓ છે. રિઓ કોલોરાદો એ કાલિફ઼ોર્નિયાના અખાતને મળેછે; હદ્સન નદી, દેલાવેર નદી, સ્કેહાના નદી, કનેક્તિકત નદી, ઈત્યાદિ.

મુખ્ય સરોવરો—મીચીગાન, એ કાનદાના હુરોન તથા સેંત લારેન્સના કાંઠાનાં બીજાં સરોવરને મળેછે; સાલ્ત સરોવર, એ રાકી પહાડની પશ્ચિમે છે.

મુખ્ય ઉપસાગરો—દેલાવેર અને ચેસાપીક.

મુખ્ય ભૂશિરો—પૂર્વમાં કાદ, હાતેરાસ, અને સેબલ, તથા પશ્ચિમ કિનારે ફ્લાત્તરી.

મુખ્ય દ્વીપકલ્પો—અગ્નિકોણમાં ફ્લારિદા, એની એક પાસે આત્લાંતિક છે, અને બીજી મેર મેક્સિકો અખાત છે; વાયવ્ય કોણમાં આલિયાસ્કા.

મુખ્યદ્વીપો—लांगबेट, એ **ન્યૂ** યૉર્કની પૂર્વે છે; आलूशियन ટાપુઓ, એ **આલિયારકાની** નૈઋત્ય કોણમાં છે.

મુખ્ય શહેરો—वाशिंगतन એ રાજધાની પોતોમાક નદી ઉપર છે; न्यू यॉर्क; ब्रुकलिन; फिलादेल्फिया; **મિસૂરી** નદીને તીરે संत लुईस; **મિચીગાન** સરોવરને કાંઠે चिकागो; बाल्तिमोर; बॉस्तॉन; **મિસિસીપી** નદીપર न्यू आर्लियन्स; **કાલિફાર્નિયા**માં सान् फ्रान्सिस्को; એ વિના બીજાં ઘણાં નગરો એ વિશાળ રાજ્યમાં છે.

મુખ્ય નિકાસ—રૂ, તમાકુ, સોપ્પા વગેરે અનાજ; **વર્જિનિયા** પ્રાંતનો તમાકુ અને **જાર્જિયા** તથા **કારોલૈના** પ્રાંતોના સોપ્પા વખાણવા જોગ સરસ છે.

કાલિફાર્નિયાની અને તેની પાસેનાં સંસ્થાનોની જમીનમાંથી સોનું પુષ્કળ નીકળેછે, અને ઘણાંખરાં સંસ્થાનોમાં કોયલા, લોઢું, ઈત્યાદિ જડેછે.

(३) मेक्सिको.

એ પ્રજાસત્તાક રાજ્યમાં ૨૭ સંસ્થાનો અને બે મહાલ છે.

એ રાજ્યની પશ્ચિમ હદ ઉપર **પાસિફિક મહાસાગર** છે અને પૂર્વ સીમાએ **મેક્સિકો** અખાત છે. એની ઉત્તરે **યૂનૈતેદ** સ્તેતસ છે, અને દક્ષિણે **મધ્ય** અમેરિકા છે.

મુખ્ય પર્વત—रॉकी પહાડ એ **યૂનૈતેદ** સ્તેતસમાંથી ચાલ્યો આવી **મેક્સિકો**ના અંત સૂધી ગયોછે.

મુખ્યનદી—रिओ ग्रान्द दल नार्त्त, એ **મેક્સિકો** અખાતમાં જાયછે.

મુખ્ય અખાતો—પૂર્વે मेक्सिको અખાત અને પશ્ચિમે कालिफार्निया અખાત.

મુખ્ય દ્વીપકલ્પો—युकातान, **મેક્સિકો** અખાત અને **કારિબિયન** સમુદ્રની વચ્ચે છે; नीचलो कालिफार्निया, એ **કાલિફાર્નિયા** અને **પાસિફિક**ની વચ્ચે છે.

મુખ્ય શહેરો—मेक्सिको, એ રાજધાની છે; वेराक्रुथ અને ता-

મ્પિકો, એ નગરો અખાતને કાંઠે છે; आकापुलको અને બીજાં શહેરો મહાસાગરને કિનારે છે.

મુખ્ય નિકાસ—રૂપું, ત્રાંબું, કીરમજ, ગળી, ચામડાં, મહોગની નામે લાકડું તથા બીજી જાતનાં લાંકડાં.

(૪) मध्यअमेरिका.

મેક્સિકોની દક્ષિણે મધ્ય અમેરિકા છે. એમાં પાંચ પ્રજાસત્તાક રાજ્યો અને એક ઈંગ્રેજી સંસ્થાન છે. એ રાજ્યોનાં નામ નીચે પ્રમાણેઃ—

संस्थान.	मुख्य शहेर.
(૧) ग्वातेमाला.	नवुं ग्वातेमाळा.
(૨) इंग्रजनुं हांदूरास.	बेलीज.
(૩) हांदूरास.	कोमायागुवा.
(૪) सानूसाल्वादोर.	सानूसाल्वादोर.
(૫) निकारागुवा.	मानागुवा.
(૬) कोस्तारिका.	सांजोस.

મધ્ય અમેરિકામાં મુખ્ય સરોવર निकारागुवा છે.

મુખ્ય અખાત—हांदूरास છે.

મુખ્ય નિકાસ—ગળી, કીરમજ, અને જૂનદાણા.

(૫) द्वीपो.

ઉત્તર અમેરિકાના મુખ્ય દ્વીપોનાં નામ અત્યારસૂધી આવ્યાં નથી. તે નીચે પ્રમાણે છેઃ—

(૧) ग्रीनलान्द अमेरिकानी ઈશાને છે. એ દ્વીપ દેન્માર્કના તાબામાં છે. પ્રથમ એવું ધારવામાં હતું કે એ બેટ અમેરિકાનો ભાગ છે, પરંતુ હાલમાં માલૂમ પડ્યુંછે કે એ દ્વીપ છે. બેહરિંગ સામુદ્રધુનીથી બાફિન ઉપસાગર સૂધી વહાણો જઈ શકેછે, પરંતુ પુષ્કળ બરફ હોવાથી માર્ગ વિકટ છે.

(૨) न्यू फौंदलांद कानदा ઇલાકાની પૂર્વે છે. એ બેટ ઇંગ્રેજના તાબામાં છે. એનું મુખ્ય શહેર सेंतजान છે.

ન્યૂ ફૌંદલાન્દમાં મુખ્ય ભૂશિર રેસ છે. ન્યૂ ફૌંદલાન્દના કાંઠાપર જેટલાં માછલાં જડેછે તેટલાં આખી દુનિયામાં બીજે કોઈ ઠેકાણે જડતાં નથી.

(૩) વેસ્તઇંદિઆ દ્વીપો—એના ચાર સમૂહ નીચે પ્રમાણે પાડ્યાછેઃ—

બહામા દ્વીપો, એમાં ગ્રેટ બહામા, ન્યૂ પ્રાવિદેન્સ અને સાન્સાલ્વાદોર મુખ્ય છે. એ દ્વીપો ઇંગ્રેજને તાબે છે. તેઓની સંખ્યા આશરે ૫૦૦ છે. એ બેટનું મુખ્ય શહેર નાસ્સૌ છે તે ન્યૂ પ્રાવિદેન્સમાં છે

મોટા આંતિલીસ. એમાં ક્યૂબા, જામેકા, હાઇતી કે સાનદોમિંગો અને પોર્તોરિકો નામે મોટા ટાપુઓ છે. ક્યૂબા સ્પેનના તાબામાં અને જામેકા ઇંગ્લાંડને કબજે છે. ક્યૂબાનું મુખ્ય શહેર હાવાના છે, અને જામેકામાં મોટામાં મોટું શહેર કિંગ્સ્તન છે.

નાના આંતિલીસ કે વિંદ્વર્દ દ્વીપો અને લીવર્દ દ્વીપો. એમાંના ઘણાખરા ઇંગ્લાંડ, સ્પેન, કે ફ્રાન્સના તાબામાં છે. એ બેઉ સમૂહોમાં નાના આંતિલીસ વધારે અગત્યના છે. નાના આંતિલીસમાં મુખ્ય બેટ ત્રિનીદાદ અને બાર્બેદોઝ (ઇંગ્રેજના) અને માર્તિનીક તથા ગ્વાદેલૂપ (ફ્રેંચના) છે.

મુખ્ય નિકાસ—ખાંડ, ખૂનદાણા, તમાકુ, આદુ, રૂ, ઈત્યાદિ.

(૪) બર્મ્યુદા. એ આશરે ત્રણસેં દ્વીપોનો સમૂહ યૂનૈતેદ સ્તેતસને પૂર્વ કાંઠે આત્લાંતિક મહાસાગરમાં છે. તેઓ ઇંગ્રેજને તાબે છે.

દક્ષિણ અમેરિકા.

મધ્ય અમેરિકા જોડે પાનામાની સંયોગીભૂમિવડે દક્ષિણ અમેરિકા સંધાયલોછે. દક્ષિણ અમેરિકાની બાકી બધી બાજૂએ પાણી છે. એની ઉત્તરે કારિબિયન સમુદ્ર, પૂર્વે આત્લાંતિક મહાસાગર, પશ્ચિમે પાસિફિક મહાસાગર, અને દક્ષિણે દક્ષિણ મહાસાગર છે. એના દેશો નીચે પ્રમાણેઃ—

(૧) કોલંબિયા.	(૪) ગિયાના.
(૨) વેનેજૂએલા.	(૫) બ્રાજિલ.
(૩) એક્વાદોર	(૬) પેરૂ.

(૭) बोलिविया.
(૮) चिली.
(૯) लाप्लाता.
(૧૦) पारागुवाई.
(૧૧) उरूगुवाई.
(૧૨) पातागोनिया.
અને दक्षिण द्वीपो.

મુખ્ય પર્વત—आंदेज. એ પર્વત મધ્ય અમેરિકાથી દક્ષિણ અમેરિકાની આખી પશ્ચિમ બાજૂએ છેડા સૂધી પથરાયલાછે.

મુખ્ય સમુદ્ર—कारिबियन છે તે વેસ્ટ ઈન્ડિઆ દ્વીપો અને દક્ષિણ અમેરિકાની વચ્ચે છે.

(૧) कोलम्बिया.

એ પ્રજાસત્તાક રાજ્ય છે. એની રાજધાની बोगोत्ता છે.

મુખ્ય નદી—मागदालेना છે. એ નદી આંદેજ પર્વતમાં ઉત્પન્ન થઇ કારિબિયન સમુદ્રને મળેછે.

મુખ્ય ઉપસાગર તથા **અખાત**—કારિબિયન સમુદ્રમાં दारियन અખાત અને પાસિફિક મહાસાગરમાં पानामा ઉપસાગર.

એજ નામે ઉપસાગરમાં પાનામા શહેરથી સંયોગીભૂમિની બીજી બાજૂએ આસ્પિન્વાલ સૂધી રેલવે બાંધીછે.

મુખ્ય નિકાસ—રૂ, રબર, ગળી, અને પેરૂ ઝાડની છાલ.

(૨) वेनेजूइला.

એ પ્રજાસત્તાક રાજ્ય છે. એનું મુખ્ય શહેર काराकास છે.

મુખ્ય નદી—ओरिनोको આત્લાંતિક મહાસાગરને મળેછે.

મુખ્ય અખાત—वेनेजूइला છે તે કારિબિયન સમુદ્રમાં પડેછે.

મુખ્ય સરોવર—माराकाइबो છે.

મુખ્ય નિકાસ—રૂ છે.

(૩) एक्वादोर.

એ પ્રજાસત્તાક રાજ્ય છે. એની રાજધાની कीतो છે.

મુખ્ય પર્વત—कोतोपाही અને चिंबोरोधो આંદેજમાં છે.

મુખ્ય અખાત—ग्वायाक्विल એ **પા**સિફિકની શાખા છે.

મુખ્ય નિકાસ—નાળિએર, રબર, અને પેરૂ ઝાડની છાલ.

(૪) गियाना.

એ દેશના ત્રણ ભાગ કર્યાછે—(૧) इंग्रेज ताबानो गियाना; એની રાજધાની जार्जतौन છે; (૨) वलंदा ताबानो गियाना; એની રાજધાની पारामारीबो છે; (૩) फ्रेंच ताबानो गियाना; એની રાજ-ધાની काय्येन છે.

મુખ્ય નદીઓ—एसकीबो અને સુરિનામ.

મુખ્ય નિકાસ—ખાંડ, શેરડીનો દારૂ, ગોળ, જૂનદાણા, મરચાં, તજાનો, વસાણા, રૂ, ઈત્યાદિ.

(૫) ब्राजिल.

એ મોટા રાજ્યમાં ૨૧ પ્રાંતો છે.

બ્રાજિલનું મુખ્ય શહેર रीओदेजानेरो વિશાળ બંદર છે. બીજાં મોટાં શહેરો—बाहिया કે सान्साल्वादोर, **આલ સેંત** ઉપસાગરમાં બંદર છે; અને रीसेफ કે पेरनाम्बुको **બાહિયા**ની ઉત્તરે બંદર છે.

મુખ્ય નદી—आमाजोन છે. દુનિયામાં મોટામાં મોટી **નીલ** નદીથી માત્ર એ ઊતરતી છે. **આંદેજ** પર્વતમાંથી નીકળી એ નદી **આત્લાંતિક** મહાસાગરને મળેછે. तोकांतिन्स, सानूफ्रान्सिस्को, ઈ-ત્યાદિ બીજી નદીઓ છે.

મુખ્ય ભૂશિર—सेंन राक.

મુખ્ય નિકાસ—રૂ,ખાંડ, કીમતી ધાતુ, અને રત્ન.

(૬) પેરૂ.

એ પ્રજાસત્તાક રાજ્યનું મુખ્ય શહેર **લીમા** છે. બીજાં મોટાં શહેરો—कुथको, પ્રાચીન દેશી રાજ્યકર્તાઓની રાજધાની; कालाव **લીમા**નું બંદર છે.

મુખ્ય પર્વત—आंदेज.

મુખ્ય સરોવર—तितिकाका.

મુખ્ય નિકાસ—ગુવાનો,* સુરોખાર, આલપાકા નામે ઘેટાનું ઊન, ઈત્યાદિ. બ્રાઝિલની પેઠે પેરૂમાં ધાતુની ખાણો પુષ્કળ છે.

(૭) बोलिविया.

એ દેશ પ્રજાસત્તાક છે. એનું મુખ્ય શહેર ओरूरो છે. लापाथ અને चूकीसाका (અથવા सुक्रे) મોટાં શહેરો છે. पोतोसीમાં રૂપાની ખાણો છે.

મુખ્ય પર્વત—आंदेज. એનાં ઊંચાં શિખર सोतारा, इलीमान, ઈત્યાદિ છે.

મુખ્ય સરોવર—तितिकाका.

મુખ્ય નિકાસ—રૂપું, પેરૂની છાલ, નાળિએર, બૂનદાણા, આલપાકા, તાંબું, કલઈ, અને બીજી કાચી ધાતુ.

(૮) चिली.

એ પ્રજાસત્તાક રાજ્યની રાજધાની सांतियागो दे चिली છે. वालूपारैसो મુખ્ય બંદર છે.

મુખ્ય પર્વત—आंदेज.

મુખ્યદ્વીપ—चिलो અને जआन फर्नांदीज.

મુખ્ય નિકાસ—તાંબુ, રૂપું, ઘઉં, રૂ, અને ઊન.

(९) लाप्लाता के आर्जेन्तैन राज्यसमुदाय.

આ પ્રજાસત્તાક રાજ્ય છે. મુખ્ય શહેર बुएनोसएर्स રીઓ દે લાપ્લાતા ખાડીની દક્ષિણે છે.

મુખ્ય નદી—પારાના રીઓ દે લાપ્લાતામાં પડેછે.

મુખ્ય નિકાસ—ચામડાં અને ચરબી.

---

* પેરૂની પાસેના બેટોને કાંઠે હગાર જડેછે તેને ગુવાનો કહેછે. ખેતરોમાં ખાતર પૂરવાના કામમાં એ હગાર આવેછે.

(૧૦) पारागुवाई.

એ પ્રજાસત્તાક રાજ્યની રાજધાની आसेन्शन પારાગુવાઈ નદીને કાંઠે છે.

મુખ્ય નદીઓ—पाराना અને पारागुवाई, એ દેશની પૂર્વે અને પશ્ચિમે છે. એ દેશના નૈરૂત્યકોણમાં એ બે નદીઓનો સંગમ થાયછે.

મુખ્ય નિકાસ—ચા, ચામડાં, અને તમાકુ.

(૧૧) उरुगुवाई.

એ પ્રજાસત્તાક રાજ્યનું મુખ્ય શહેર मान्तेविदियो રીઓ દે લાપ્લાતાના મુખની સમીપ છે.

મુખ્ય નદી—उरुगुवाई એ રીઓ દે લાપ્લાતાને મળેછે.

મુખ્યનિકાસ—ચામડાં, ચરબી, હાડકાં, ઊન, અને બકરાંના માંસનું સત્વ.

(૧૨) पातागोनिया અને दक्षिण द्वीपो.

પાતાગોનિયાને ચિલી દેશ પોતાના તાબાનો ગણેછે. તેમાં જંગલી લોક સિવાય બીજી વસ્તી નથી.

दक्षिणना द्वीपो—तेरा देल फूएगो, स्तेतन द्वीप, फाकूलांद द्वीपो, અને दक्षिण जार्जिया. તેરા દેલ ફુએગો કેટલાક ટાપુઓ મળીને થયેલોછે. એ ટાપુઓ અને પાતાગોનિયાના દક્ષિણ કાંઠા વચ્ચે માગેલનની સામુદ્રધુની છે. ફાકૂલાંદ દ્વીપો ઇંગ્લાંડને તાબે છે. પરંતુ સદરહુ દ્વીપોની પેઠે એમાં પણ વસ્તી થોડીજ છે.

તેરાદેલ ફુએગોના છેક દક્ષિણ ટાપુમાં हार्न ભૂશિર અમેરિકાનું છેક દક્ષિણ બિંદુ છે. હાર્ન ભૂશિરની પાસેનો દરિયો તોફાની છે તેથી આત્લાંતિક મહાસાગરમાંથી પાસિફિક મહાસાગરમાં જે વહાણો જાયછે તેઓ કોઈ કોઈ વાર માગેલન સામુદ્રધુનીમાં થઈને જાયછે.

प्रकरण ७ मुं.

ओशियान्या.

પાસિફિક મહાસાગર માંહેલા ઘણાક દ્વીપો ઓશિયાન્યામાં આવેલાછે. ઓશિયાન્યાના ચાર ભાગ થઈ શકે,—૧. મલય द्वीपो, २ आस्त्रेलेशिआ, ३ मिक्रोनेशिआ, અને ४ पोलिनीशिया.

१. मलयद्वीपो.*

એનું બીજું નામ पूर्वमलय કે हिंदीआर्किपेलागो કહેછે. એ ઓશિયાન્યાનો વાયવ્ય ભાગ છે.

નાના નાના ટાપુઓ સિવાય મલય ટાપુઓમાં દ્વીપોના પાંચ મોટા સમૂહ છેઃ—

समूह.	मुख्य द्वीपो.
(१) संदाद्वीपो.	सुमात्रा અને जावा.
(२) बोर्निआसमूह.	बोर्निओ.
(३) सलिबिससमूह.	सेलीबिस.
(४) मोलुक्का અથવા मसालाना द्वीपो.	आम्बोयना.
(५) फिलिप्पैन द्वीपो.	लुझोन.

એ દ્વીપોની વસ્તીનો મોટો ભાગ મલય લોકનો છે.

એ દ્વીપો અતિ રસાળ છે. સર્વ જાતિના મસાલા કે તેજાના, ખાંડ, જૂનદાણા, ડાંગર, ગળી, અને તમાકુ પુષ્કળ થાયછે.

(૧) संदाद्वीपो—મલય દ્વીપોની છેક પશ્ચિમે सुमात्रा બેટ મલય દ્વીપકલ્પની દક્ષિણે છે (હિંદીચીન જુઓ). એની અને મલય દ્વીપકલ્પની વચ્ચે મલાક્કાની સામુદ્રધુની છે. એ બેટના ઉત્તર અને પૂર્વભાગમાં કેટલાંક દેશી રાજ્યો છે. તેમાંનાં एकीन અને सिआक મોટાં છે. પરંતુ ઘણોખરો બેટ વલંદાને તાબે છે. વલંદા લોકનાં મુખ્ય શહેર पदांग અને बेन्कुलीन છે.

*ઈંગ્રેજીમાં એનું નામ મલયેશ્યા પાડયું છે.

જાવાનો અગ્નિકોણમાં છે. એ બે દ્વી-પોની વચ્ચે સંદાની સામુદ્રધુની છે. જાવા બેટ વલંદાના તાબામાં છે. એ લોકની રાજધાની બાતવિઆ છે.

સંદા દ્વીપોમાંના કેટલાક નાના ટાપુઓમાં પોર્તુગીઝનાં થાણાં છે.

(૨) બોર્નિઓસમૂહ—એ સમૂહમાં મોટામાં મોટો બોર્નિઓ બેટ છે. એ બેટનો ઘણોખરો ભાગ વલંદાને તાબે છે; પરંતુ સારાવાક પ્રાંત અને ઉત્તરે બોર્નિઓ કસબાની પાસેનોલાબુઅન બેટ ઇંગ્રેજને તાબે છે.

(૩) સેલીબીસસમૂહ—એ સમૂહમાં સૌથી મોટો સેલીબીસ વલંદાને તાબે છે. મીનાદો અને મક્કાસ્સર મુખ્ય શહેરો છે.

(૪) મોલુક્કા અથવા મસાલાના બેટ—એમાંના ઘણાખરા દ્વીપો પણ વલંદાનાં તાબામાં છે. નાનો આમ્બોયનાબેટ વેપારનું મુખ્ય સ્થળ છે.

(૫) ફિલિપ્પૈન દ્વીપો—એ મલય દ્વીપોમાં છેક ઉત્તરે છે. એ-માંના ઘણાખરા ટાપુ સ્પેનના તાબામાં છે. મુખ્ય બેટ લુઝોનની રાજધાની માનિલ્લા છે.

૨ આસ્ત્રેલેશિયા.*

આસ્ત્રેલેશિયા ઓશિયાન્યાનો નૈરૃત્ય ભાગ છે. એના મૂળ વત-નીઓના કાળા રંગપરથી એને મીલનેશ્યા પણ કહેછે. એ લોક મલય લોકથી ભિન્ન છે. આસ્ત્રેલેશિયામાં આસ્ત્રેલિઆ, તાસ્માનિયા, ન્યૂ જી-લાંદ, ન્યૂ ક્યાલેદોનિયા, ન્યૂ હેબ્રેદીજ, ફીજીદ્વીપો, સાલમાન બેટ, ન્યૂ બ્રિતન, ન્યૂ ઐર્લંદ, ન્યૂ ગિની, ઈત્યાદિ આવેલાછે. એમાંના પહે-લા ત્રણમાં ઇંગ્રેજ વસેછે. જેમ ઉત્તર અમેરિકામાં એ લોકે પો-તાની ભાષા, રીતભાત, અને ધર્મ ચલાવ્યોછે, તેમ આંહિ પણ પોતાની ભાષા, રીતભાત, અને ધર્મ ચલાવ્યોછે.

(૧) આસ્ત્રેલિયા—એને અસલમાં ન્યૂ હોલાંદ કહેતા. આખી દુનિયામાં એ મોટામાં મોટો બેટ છે. એને કોઈ કોઈવાર ખંડ

* દક્ષિણ એશિઆ.

કહેછે. એનું ક્ષેત્રફળ યૂરોપના ક્ષેત્રફળથી $\frac{5}{6}$ કહેવાયછે.

મુખ્ય સામુદ્રધુનીઓ—તારેસ એ આસ્ત્રેલિયા અને ન્યૂ ગિનીની વચ્ચે છે; અને બાસ સામુદ્રધુની આસ્ત્રેલિયાને તાસ્માનિયાથી જુદો પાડેછે.

મુખ્ય અખાત—ઉત્તરે कार्पेंतारिया અને દક્ષિણે आस्त्रेलिअनबेट.

મુખ્યસમુદ્ર—कोरल સમુદ્ર આસ્ત્રેલિયાના ઈશાન કાંઠાની અને સાલમાન દ્વીપ, ઈત્યાદિની વચ્ચે છે. કોરલનો અર્થ પરવાળાં છે. સાગરનું એ નામ પડવાનું કારણ એ છે કે દરિયાને તળીએથી નાનાં નાનાં જીવડાંઓ ધીમે ધીમે પરવાળાંના ટેકરા બાંધેછે.

આસ્ત્રેલિયા ઇંગ્લાંડને તાબે છે. મહારાણીએ નીમેલા ગવર્નરોના તાબા હેઠળ એનાં જુદાં જુદાં પાંચ સંસ્થાનો કર્યાંછે, તેઓમાં ઇંગ્રેજ વસેછે. એ પાંચ સંસ્થાનો નીચે પ્રમાણેઃ—

સંસ્થાન.	મુખ્ય શહેર.
क्वीन्सलांद.	ब्रिस्बेन.
न्यू सौथवेल्स.	सिद्नी.
विक्टोरिया.	मेलबोर्न.
दक्षिण आस्त्रेलिया.	आदेलेद.
पश्चिम आस्त्रेलिया.	पर्थ.

આસ્ત્રેલિયામાં બહોળો વેપાર ચાલેછે. મુખ્ય નિકાસ ઊન,સોનું, તાંબું, કલઈ, સીસું, તેલ, ચરબી, ચામડાં, રૂ, ખાંડ, ધાન્ય, ઈત્યાદિ છે. આસ્ત્રેલિયામાંથી સરસ ઘોડા ભરતખંડમાં આવેછે.

(૨) तास्मानिया—એને અસલ वान् दीमन्स लांद કહેતા. એની અને આસ્ત્રેલિયાની વચ્ચે બાસ સામુદ્રધુની છે. મહારાણીએ નીમેલા ગવર્નરના તાબા હેઠળ તાસ્માનિયા ઇંગ્રેજી સંસ્થાન છે. એનું મુખ્ય શહેર होबार्ततौन છે.

મુખ્ય નિકાસ—ઊન.

(૩) न्यू जीलांद—એ ઇંગ્લાંડ તાબાનું સંસ્થાન છે. આસ્ત્રેલિ-

યાના અગ્નિકોણમાં આવેલા બે મોટા અને નાના નાના ઘણા દ્વીપોનું એ સંસ્થાન બનાવ્યુંછે. ઉત્તર દ્વીપમાં વેલિંગ્તન મુખ્ય શહેર છે.

મુખ્ય નિકાસ—ઊન અને સોનું.

ન્યૂ ઝીલાંદમાં મૂળ વતનીઓની વસ્તી ઝાઝી છે, તેમને **માઓરી** કહેછે. **આસ્ત્રેલેશિયાના** બીજા મૂળ રહેવાશીઓથી તેઓ શ્રેષ્ઠ ગણાયછે અને **મલય** લોકને મળતા આવેછે. ઘણા **માઓરી** લોક ખેતી કરેછે, અને કેટલાક બીજે ઉદ્યોગ કરેછે.

આસ્ત્રેલેશિયા માંહેલા બીજા દ્વીપો વિષે થોડુંજ કહેવાનું છે. કેટલાક દ્વીપોના રહેવાશીઓને પાદરીઓએ સુધાર્યાછે; પરંતુ બીજા ટાપુઓમાં માત્ર જંગલી લોક વસેછે, અને તે ટાપુઓ વિષે હજી સૂધી પૂરી તપાસ થઈ નથી. ન્યૂ કયાલિદોનિયા ફ્રાન્સના તાબામાં અને ફીજિ તથા બીજા દ્વીપો ઇંગ્લાંદના તાબામાં છે. ન્યૂ ગિની (અથવા પાપુવા) નામે મોટા બેટના કેટલાક ભાગપર વલંદા દાવો કરેછે. અહિંથી એ લોક પીછાં, તજાના, છીપો, સુંદર લાકડાં, ઈત્યાદિ લાવેછે.

૩. મિક્રોનેશિયા.

મિક્રોનેશિયા*એ **ઓશિયાન્યાના** ઈશાન કોણમાં છે. એમાં નાના નાના દ્વીપોના ઘણા સમૂહ છે, તેઓ **પાસિફિક** મહાસાગરમાં પથરાયલાછે.

મુખ્ય સમૂહ નીચે પ્રમાણેઃ—

(૧) બોનિન દ્વીપો જાપાનની દક્ષિણે.

(૨) લાડ્રોન કે મારિયાન દ્વીપો ફિલિપ્પૈનની પૂર્વે.

(૩) પેલૂ અને કારોલૈન દ્વીપો લાદ્રોનની દક્ષિણે.

(૪) માર્શલ દ્વીપો કારોલન દ્વીપોની પૂર્વે.

(૫) સાન્દ્વિચ દ્વીપો. આ સમૂહનો હાવાઈ બેટ મિક્રોનેશિયામાં સૌથી મોટો છે. સાંદ્વિચ ટાપુઓનું મુખ્ય શહેર હોનોલૂલૂ છે તે આઆહૂ બેટમાં છે.

* એટલે નાના દ્વીપો.

મિક્રોનેશિયા માંહેલા ટાપુઓની હવા સારી છે, અને ભૂમિ રસાળ છે. લાદ્રોન ટાપુઓ સ્પેનને તાબે છે. ત્યાંના રહેવાશીઓ સ્પાનિઅર્દોની ઓલાદના છે; પરંતુ બીજા ટાપુઓમાં મુખ્યત્વે મલય વંશના લોક વસેછે. એ લોક પ્રથમ જંગલી અવસ્થામાં હતા, પરંતુ યૂરોપ અને અમેરિકાના લોકના સહવાસથી ધીમે ધીમે સુધરતા ગયાછે. સાંદ્વિચ ટાપુઓના રાજાએ તથા તેની પ્રજાની મોટી સંખ્યાએ ખ્રિસ્તિધર્મ સ્વીકાર્યોછે.

૪ પૉલિનીશિયા.

પૉલિનીશિયા* અથવા દક્ષિણ સાગરના દ્વીપો ઓશિયાન્યાના અગ્નિકોણમાં છે. પશ્ચિમથી પૂર્વસૂધી એ ટાપુઓના મુખ્ય સમૂહ નીચે પ્રમાણેઃ—

(૧) फ्रेंदली द्वीपो.
(૨) सामो અથવા वहाणवटीओना द्वीपो.
(૩) कुक द्वीपो.
(૪) सोसयती द्वीपो.
(૫) आस्त्रल द्वीपो.
(૬) लो आर्किपेलागो.
(૭) मार्क्वीसास.
(૮) ईस्टरद्वीप.

એ દ્વીપોની હવા સારી છે, અને ભૂમિ રસાળ છે. લોક મુખ્ય મલયજાતના છે. તેઓ પ્રથમ જંગલી અવસ્થામાં હતા, પરંતુ ખ્રિ પાદરીઓના પ્રયત્ને કરીને હળવે હળવે સુધરતા ગયાછે. સોસ દ્વીપોમાંનો તાહિતિ બેટ અતિ સુંદર અને રસાળ છે. સોસયતી, માર્ક્વીસાસ, અને લો આર્કિપેલાગો દ્વીપોપર ફ્રેંચ લોક દાવો કરેછે.

* ઘણા કે અસંખ્ય દ્વીપો.

